# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

16 FEBRUARY, 2026 MONDAY


પેજ 2

ચાણક્યપુરીમાં પ્રેમ પ્રકરણમાં 2 રાઉન્ડ ફાયરિંગ, ઘટનામાં યુવક ઈજાગ્રસ્ત

પેજ 3

જેતપુર સીટી પોલીસે મોબાઈલમાં વર્લી-મટકાના આંકડા લખતા શખ્સને ઝડપી પાડ્યો, 3 બુકીઓ વોન્ટેડ

પેજ 7

BCAની ચૂંટણીમાં મતદાન શરૂ, ડૉક્ટર - પૂર્વ ક્રિકેટર વચ્ચે ટક્કર:મોટી સંખ્યામાં મેમ્બર્સ મતદાન માટે પહોંચ્યા

પેજ 5

થરાદ,ચોગડા મુકામે પાંચ પટ્ટી ચૌધરી સમાજનું મહાસંમેલન


I Pakkogujarat/ I VOL : 10 I Issue : 323 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### વડાપ્રધાન મોદીએ બ્રહ્મપુત્રા નદી પર કુમાર ભાસ્કર વર્મા સેતુ સહિત કુલ રૂ. ૫,૪૫૦ કરોડના પ્રોજેક્ટના ઉદ્ઘાટન કર્યા

# કોંગ્રેસે સુરક્ષાને પ્રાથમિક્તા આપી નહીં, પૂર્વોત્તરના લોકો ડરમાં જીવ્યા : મોદી

### કોંગ્રેસ ભારતને રાષ્ટ્ર માનવાનો પણ ઈનકાર કરે છે. કોંગ્રેસે દેશની સુરક્ષાને ક્યારેય પ્રાથમિક્તા આપી નથી. તેના સમયમાં પૂર્વોત્તરના લોકો ડર અને અસુરક્ષામાં જીવતા હતા

નવી દિલ્હી

આસામમાં પીએમ મોદીનું હાઈવે પર ઐતિહાસિક 'ઈમર્જન્સી લેન્ડિંગ' ગુવાહાટી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આસામના દીબુરગઢમાં એરફોર્સના વિમાનમાં ઈમર્જન્સી લેન્ડિંગ કરીને મોરાન બાયપાસ હાઈવે પર ઈમર્જન્સી લેન્ડિંગ સુવિધાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સાથે પીએમ મોદીએ રાજ્યમાં કુલ રૂ. ૫,૪૫૦ કરોડના પ્રોજેક્ટના ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા હતા. વધુમાં પીએમ મોદીએ ભાજપ કાર્યકરોની રેલીને સંબોધન કરતા કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી અને કહ્યું કે, કોંગ્રેસે દેશની સુરક્ષાને ક્યારેય પ્રાથમિક્તા આપી નથી, જેના કારણે પૂર્વોત્તરના લોકો ડર અને અસુરક્ષામાં જીતવા રહ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વોત્તર ભારતમાં દીબુરગઢમાં મોરાન બાયપાસ હાઈવે પર ઈમર્જન્સી લેન્ડિંગ સુવિધાનું ઉદ્ઘાટન કર્યું હતું. સાથે તેમણે આ સુવિધા પર ફાઈટર જેટ, ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરનું હવાઈ પ્રદર્શન નિહાળ્યું હતું.

પૂર્વોત્તર ભારતમાં વિશિષ્ટ પ્રકારની આ પહેલી સુવિધા છે. તેને સૈન્ય અને નાગરિક વિમાનોના ઈમર્જન્સી લેન્ડિંગ તથા ટેક-ઓફમાં મદદ માટે ભારતીય એરફોર્સ સાથે મળીને બનાવાઈ છે. આસામમાં આગામી કેટલાક મહિનાઓમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે ત્યારે પીએમ મોદીએ ભાજપ કાર્યકરને સંબોધન કરતા કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. તેમણે કોંગ્રેસને ભારતના ટૂકડા કરનારા અને આતંકી વિચારસરણીવાળા લોકો સાથે ચાલનારો પક્ષ ગણાવ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસ પાસેથી રાષ્ટ્રભક્તિની આશા કરી શકાય નહીં. બ્રહ્મપુત્રા નદી નીચે દેશના પહેલા રોડ અને રેલવે ટનલ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. રૂ. ૧૮,૬૬૨ કરોડના ખર્ચે બનનારો ૧૫.૭૯ કિ.મી. લાંબો આ ચાર લેનનો ગ્રીનફિલ્ડ કોરીડોર ગોહપુર અને નુમાલિગઢને જોડશે. આ દેશની પહેલી અને વિશ્વમાં બીજી



અન્ડર વોટર રોડ-કમ-રેલ ટનલ હશે. આ રોડ-કમ-રેલથી આસામ, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ અને પૂર્વોત્તરના અન્ય રાજ્યોને નોંધપાત્ર લાઘ મળશે. હાલમાં નેશનલ હાઈવે -૭૧૫ પર નુમાલિગઢ અને નેશનલ હાઈવે -૧૫ પર ગોહપુરનું જોડાણ નેશનલ હાઈવે-૫૨ પર સીલઘાટ નજીક કાલિયાભંભોરા રોડ બ્રિજથી થાય છે.

તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ ભારતને રાષ્ટ્ર માનવાનો પણ ઈનકાર કરે છે. કોંગ્રેસે દેશની સુરક્ષાને ક્યારેય પ્રાથમિક્તા આપી નથી. તેના સમયમાં પૂર્વોત્તરના લોકો ડર અને અસુરક્ષામાં જીવતા હતા. કોંગ્રેસે સુરક્ષા માટે જે પણ કંઈ ખરીદી કરી તેમાં પણ કૌભાંડ કર્યા. ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી સત્તાથી બહાર રહેવાના કારણે કોંગ્રેસ વધુ ઝેરી થઈ ગઈ છે. કોંગ્રેસ આસામને ફરી અશાંતિ અને અરાજક્તામાં નાંખવા માગે છે. વડાપ્રધાન મોદીએ આસામના એક દિવસના તેમના પ્રવાસમાં બ્રહ્મપુત્ર નદી પર બનેલા કુમાર ભાસ્કર વર્મા સેતુનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

આ પુલ દક્ષિણ ગુવાહાટી અને ઉત્તર ગુવાહાટીને જોડે છે. રૂ. ૩,૦૩૦ કરોડના ખર્ચે બનેલો છ લેનનો આ એક્સ્ટ્રાડોઝ્ડ પીસ્ટ્રેસ્ડ કોંક્રીટ પૂલ પૂર્વોત્તર ભારતનો પહેલો એક્સટ્રાડોઝ્ડ પુલ છે. પીએમ મોદીએ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, ગુવાહાટીના કામચલાઉ કેમ્પસનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આ કેમ્પસથી પૂર્વોત્તર ભારતમાં હાયર અને મેનેજમેન્ટ શિક્ષણને પ્રોત્સાહન મળવાની આશા છે. આસામમાં દેશના પહેલા અન્ડર વોટર પ્રોજેક્ટને કેબિનેટની મંજૂરીદિલ્હી: કેન્દ્રીય કેબિનેટે શનિવારે આસામમાં બ્રહ્મપુત્રા નદી નીચે દેશના પહેલા રોડ અને રેલવે ટનલ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. રૂ. ૧૮,૬૬૨ કરોડના ખર્ચે બનનારો ૧૫.૭૯ કિ.મી. લાંબો આ ચાર લેનનો ગ્રીનફિલ્ડ કોરીડોર ગોહપુર અને નુમાલિગઢને જોડશે. આ દેશની પહેલી અને વિશ્વમાં બીજી અન્ડર વોટર રોડ-કમ-રેલ ટનલ હશે. આ રોડ-કમ-રેલથી આસામ, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ અને પૂર્વોત્તરના અન્ય રાજ્યોને નોંધપાત્ર લાઘ મળશે. હાલમાં નેશનલ હાઈવે -૭૧૫ પર નુમાલિગઢ અને નેશનલ હાઈવે -૧૫ પર ગોહપુરનું જોડાણ નેશનલ હાઈવે-૫૨ પર સીલઘાટ નજીક કાલિયાભંભોરા રોડ બ્રિજથી થાય છે.

### શેખ હસીનાની વાપસી પર બોલ્યા- કાયદો પોતાનું કામ કરશે

# તારિક રહેમાને કહ્યું- ભારત સાથેના સંબંધોમાં બાંગ્લાદેશનું હિત જરૂરી:ચીન વિકાસમાં સહયોગી

• ઢાકા

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં જીત બાદ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના અધ્યક્ષ તારિક રહેમાને શનિવારે પહેલીવાર મીડિયા સાથે વાત કરી. આ દરમિયાન તેમણે ભારત-બાંગ્લાદેશ સંબંધો સાથે જોડાયેલા સવાલ પર કહ્યું કે અમે બાંગ્લાદેશના હિતોને સૌથી ઉપર રાખીશું.રહેમાને એમ પણ કહ્યું કે ચીન બાંગ્લાદેશના વિકાસમાં સહયોગી છે. તેમણે આશા વ્યક્ત કરી કે ભવિષ્યમાં બાંગ્લાદેશ અને ચીન સાથે મળીને કામ કરતા રહેશે. તેમનું કહેવું હતું કે અન્ય દેશોની જેમ ચીન પણ બાંગ્લાદેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જ્યારે તેમને પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને ભારતથી પાછા લાવવા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે રહેમાને કહ્યું કે આ સંપૂર્ણપણે કાનૂની પ્રક્રિયા પર નિર્ભર રહેશે.

તારિક રહેમાને કહ્યું કે સાર્કની શરૂઆત બાંગ્લાદેશે કરી હતી, તેથી તેઓ તેને ફરીથી શરૂ કરવા માંગે છે. તેમણે કહ્યું કે સરકાર બન્યા પછી તેઓ અન્ય દેશો સાથે વાત કરશે અને સંગઠનને ફરીથી સક્રિય કરવાનો પ્રયાસ કરશે.તેમણે સ્પષ્ટ કહ્યું કે દેશમાં કાયદો અને વ્યવસ્થા કોઈપણ ભોગે જાળવી રાખવામાં આવશે. શાંતિ અને સુરક્ષાને ખલેલ પહોંચાડતી કોઈપણ પ્રવૃત્તિ સહન કરવામાં આવશે નહીં અને કાયદો બધા પર સમાન રીતે લાગુ પડશે.

તારિક રહેમાને દેશવાસીઓને એકજૂટ રહેવાની અપીલ કરી. તેમણે કહ્યું કે રસ્તાઓ અને વિચારો અલગ હોઈ શકે છે, પરંતુ દેશના હિતમાં બધાએ સાથે રહેવું પડશે. રાષ્ટ્રીય એકતા જ દેશની તાકાત છે અને વિભાજન નબળાઈ છે. કહ્યું કે આજથી દેશમાં સાચા અર્થમાં આઝાદી અને અધિકારો પુન:સ્થાપિત થયા છે.તેમણે બાંગ્લાદેશની જનતાને અભિનંદન આપતા કહ્યું કે લોકોએ તમામ મુશ્કેલીઓને પાર કરીને દેશમાં લોકશાહીનો માર્ગ બનાવ્યો છે.BNP અધ્યક્ષે કહ્યું કે દેશ હવે એક નવી શરૂઆત કરવા જઈ રહ્યો છે, પરંતુ તેને નબળી અર્થવ્યવસ્થા, નબળા બંધારણ અને ખરાબ કાયદો-વ્યવસ્થા જેવા પડકારોનો સામનો કરવો પડશે. તારિક રહેમાને કહ્યું કે દોઢ દાયકાથી વધુ સમય પછી જનતાના સીધા મતથી એવી સંસદ અને સરકાર બની છે, જે લોકો માટે જવાબદાર રહેશે.

# મેડિકલની તૈયારી 4 વર્ષની ઉંમરથી જ:સાઉથ કોરિયામાં 80% બાળકો કોચિંગ કરી રહ્યા છે

• સિઓલ

લી ક્યોંગ મિનનું જીવન લાંબા સમય સુધી એક જ ધરી પર ફરતું રહ્યું. પોતાની દીકરીઓને સ્કૂલથી હાગવોન, પછી ઘર સુધી પહોંચાડવી. આ દિનચર્યા લગભગ દરેક માતા-પિતાની છે, જે બાળકોને દક્ષિણ કોરિયાની ટોચની યુનિવર્સિટીમાં પ્રવેશ અપાવવા માંગે છે. હાગવોન, એટલે કે ખાનગી કોચિંગ સંસ્થાઓ, આ દોડનો મહત્વનો ભાગ છે, જ્યાં બાળકો ગણિત, કોરિયન અને અંગ્રેજી ભણે છે જેથી કઠિન પ્રવેશ પરીક્ષામાં સફળ થઈ શકે. લીએ બાળકોના અભ્યાસ ખાતર જાહેરાત જગત છોડી દીધું. પતિ ફાઈનાન્સ સાથે સંકળાયેલા છે... બંનેએ દીકરીઓને સૌથી સારી કોચિંગમાં દાખલ કરાવી. સાતેય દિવસ બાકીના માતા-પિતાની જેમ તેઓ પણ મોડી રાત સુધી કેફેમાં બેસીને રાહ જોતા હતા. તેમણે ઘણી વાર બાળકોને કેફેમાં જ હોમવર્ક અને ડિનર કરતા અને પછી આગલા ક્લાસ તરફ દોડતા જોયા. આ દ્રશ્ય તેમને હચમચાવી દેતું હતું, કારણ કે આ શિક્ષણ વ્યવસ્થા બાળકોની નિર્દોષતા અને પરિવારની શાંતિ બંનેને ગળી રહી હતી.દ. કોરિયામાં 80% શાળાના બાળકો કોઈને કોઈ સ્વરૂપે કોચિંગ લે છે. સરકારી ડેટા અનુસાર, 2024માં આ બજાર 1.84 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું.

### ટ્રમ્પના મતે આ હથિયારના કારણે રશિયા અને ચીનની ડિફેન્સ સિસ્ટમ કામ કરી શકી નહી

# ટ્રમ્પે કહ્યું- વેનેઝુએલામાં સીક્રેટ હથિયારનો ઉપયોગ કર્યો:રશિયા-ચીનની ડિફેન્સ સિસ્ટમ નિષ્ફળ ગઈ

• વોશિંગ્ટન ડીસી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું કે વેનેઝુએલામાં 3 જાન્યુઆરીએ થયેલા સૈન્ય ઓપરેશનમાં અમેરિકાએ એક સિક્રેટ હથિયારનો ઉપયોગ કર્યો. ટ્રમ્પના મતે આ હથિયારના કારણે રશિયા અને ચીનની ડિફેન્સ સિસ્ટમ કામ કરી શકી નહીં. નોર્થ કેરોલિનાના ફોર્ટ બ્રેગ સૈન્ય બેઝ પર સૈનિકોને સંબોધિત કરતા ટ્રમ્પે આ હથિયારને 'ડિસકમ્બોબ્યુલેટર' કહ્યા. જોકે, તેમણે આ વિશે વધુ માહિતી આપવાનો ઈનકાર કર્યો.વેનેઝુએલાના સૈનિકોને એક પણ ગોળી ચલાવવાનો મોકો મળ્યો નહીં. રશિયન ઉપકરણો કામ ન કર્યા. ચીની ઉપકરણો કામ ન કર્યા. બધા એ સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે કે આવું શા માટે થયું. એક દિવસ તમને આ વિશે ખબર પડશે.આ પહેલીવાર છે જ્યારે ટ્રમ્પે કોઈ સાર્વજનિક કાર્યક્રમમાં આ સિક્રેટ હથિયારનો ઉલ્લેખ કર્યો છે. આ પહેલા તેઓ એકવાર ઉલ્લેખ કરી ચૂક્યા હતા. ગયા અઠવાડિયે ન્યૂયોર્ક પોસ્ટને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું, "મને આ વિશે વાત કરવાની પરવાનગી નથી. પરંતુ એટલું કહી દઉં, બધું ગડબડ કરી દેવામાં આવ્યું હતું.'અમેરિકી જોઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફના ચેરમેન એર ફોર્સ જનરલ ડેન કેન અનુસાર, વેનેઝુએલા પર હુમલા માટે 20 ઠેકાણાઓ પરથી 150થી વધુ વિમાનોએ ઉડાન ભરી. તેમાં બોમ્બર્સ, ફાઈટર જેટ, ઈન્ટેલિજન્સ અને સર્વેલન્સ પ્લેટફોર્મ્સ શામેલ હતા.આ ઑપરેશનમાં અમેરિકી સૈનિકો રાતના અંધારામાં હેલિકોપ્ટરથી વેનેઝુએલાની રાજધાની કારાકાસ પહોંચ્યા. તેમણે ભારે સુરક્ષા વચ્ચે તત્કાલીન રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસની ધરપકડ કરી.વેનેઝુએલાના અધિકારીઓ અનુસાર, હુમલાની શરૂઆત અમેરિકી બોમ્બમારાથી થઈ હતી, જેમાં સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા. આ કાર્યવાહીમાં 83 લોકોના મોત થયા અને 112થી વધુ લોકો ઘાયલ થયા.ટ્રમ્પે જણાવ્યું કે કોઈ પણ અમેરિકી સૈનિકનું મોત થયું નથી, પરંતુ ત્રણ હેલિકોપ્ટર પાઈલટ ઘાયલ થયા છે. વેનેઝુએલાના લા ગ્વાઈરા પોર્ટ પર 3 જાન્યુઆરીએ અમેરિકી સેનાના હુમલાના ફૂટેજ.અમેરિકા પર વેનેઝુએલામાં સોનિક હથિયારનો ઉપયોગ કરવાનો આરોપ લાગ્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, આ ઓપરેશન દરમિયાન અમેરિકી સેનાએ એક અત્યંત શક્તિશાળી અને અત્યાર સુધી ન જોયેલા હથિયારનો ઉપયોગ કર્યો, જેનાથી વેનેઝુએલાના સૈનિકો સંપૂર્ણપણે લાચાર થઈ ગયા હતા.

# ભારતીય પાસપોર્ટ મજબૂત, રેન્કિંગ 5 સ્થાન સુધરી:56 દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી

### વિઝા માટે ઓછું કાગળકામ અને ઓછી રાહ જોવી પડે છે

• નવી દિલ્હી

ભારતીય પાસપોર્ટની રેન્કિંગમાં સુધારો થયો છે. લેટેસ્ટ હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ (ફેબ્રુઆરી 2026) અનુસાર, હવે ભારતનો પાસપોર્ટ વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં 75મા સ્થાને પહોંચી ગયો છે. વર્ષની શરૂઆતમાં તે 80મા સ્થાને હતો, એટલે કે તાજેતરમાં તેમાં 5 સ્થાનનો સુધારો થયો છે. આ પહેલા 2025માં તે 85મા સ્થાને હતો, જેનાથી કુલ મળીને 10 સ્થાનની છલાંગ લાગી છે. હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ વિશ્વભરના લગભગ 200 દેશોના પાસપોર્ટને રેન્ક આપે છે. આ રેન્કિંગ એ વાત પર આધારિત હોય છે કે તે દેશના પાસપોર્ટ ધારક કેટલા દેશોમાં વિઝા વિના અથવા વિઝા ઓન અરાઈવલ સાથે જઈ શકે છે. ભારતીય પાસપોર્ટ ધારકોને હવે 56 દેશોમાં વિઝા-ફ્રી અથવા વિઝા ઓન અરાઈવલની સુવિધા મળે છે. આ રેન્કિંગ ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA)ના ટ્રાવેલ આંકડાઓના આધારે તૈયાર કરવામાં આવે છે. આ ઈન્ડેક્સમાં પાકિસ્તાની પાસપોર્ટ 97મા નંબરે છે. તેની પોઝિશન પેલેસ્ટાઈન (91), નોર્થ કોરિયા (94) અને સોમાલિયા (96) કરતાં પણ નીચે છે. નવી રેન્કિંગમાં સુધારાનો અર્થ એ છે કે ભારતીય નાગરિકો માટે વિદેશ યાત્રા પહેલા કરતા વધુ સરળ બની છે. રજાઓ, વ્યવસાય અને સાંસ્કૃતિક યાત્રાઓ માટે હવે વધુ સુવિધાઓ મળશે. એશિયા, કેરેબિયન, આફ્રિકા અને ઓશનિયાના ઘણા દેશો ભારતીયોને સરળ વિઝા સુવિધા આપી રહ્યા છે. રેન્કિંગ છેલ્લા દસ વર્ષમાં સતત ઉપર-નીચે થતી રહી છે. વર્ષ 2006માં ભારત 71મા સ્થાને હતું, જે તેની અત્યાર સુધીની શ્રેષ્ઠ સ્થિતિ હતી. ત્યારબાદ રેન્કિંગ ઘટતી ગઈ અને ગયા વર્ષે 85મા સ્થાને પહોંચી ગઈ હતી. 2026ની શરૂઆતમાં ભારત 80મા સ્થાને આવ્યું અને હવે 75મા સ્થાને પહોંચી ગયું છે.

વિદેશ ફરવા, અભ્યાસ કરવા અથવા બિઝનેસ ટ્રિપ પર જવું સરળ બની જાય છે. હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સમાં સિંગાપોર પ્રથમ સ્થાને2026ની રેન્કિંગમાં સિંગાપોર પ્રથમ સ્થાને છે.

# ઉત્તરાખંડમાં 3 શહેરોનું તાપમાન -20Cથી નીચે યુપી અને રાજસ્થાનમાં વરસાદની શક્યતા

• દેહરાદૂન

દેશના પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં 13 થી 16 ફેબ્રુઆરી સુધી બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ છે. જેના કારણે આગામી બે દિવસમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં પહાડો પર વરસાદ-બરફવર્ષા થવાની સંભાવના છે. જ્યારે મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં દિવસનું તાપમાન 30Cને પાર કરી ગયું છે.જ્યારે યુપી અને રાજસ્થાનમાં 16 ફેબ્રુઆરીથી વરસાદની સંભાવના છે. રાજસ્થાનના જયપુર, બીકાનેર સંભાગના જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે. 16 ફેબ્રુઆરીએ ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢ એમ 5 જિલ્લાઓમાં વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. જ્યારે રાજ્યના 3 શહેરોનું તાપમાન -20C થી નીચે રહ્યું છે. મુનસ્યારીમાં પારો ઘટીને -28C, બદ્રીનાથમાં -20C, ગંગોત્રીમાં -22C નોંધાયો. જ્યારે પશ્ચિમી ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં વરસાદની આશંકા છે. નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સૌથી વધુ અસર 17 અને 18 ફેબ્રુઆરીના રોજ રહેશે.મધ્યપ્રદેશના ભોપાલ, ઈન્દોર સહિત 17 શહેરોમાં દિવસ દરમિયાન ગરમી વધી ગઈ છે, જ્યારે પચમઢી, ખજુરાહો અને કટનીની રાતો ઠંડી રહી છે. છત્તીસગઢમાં દિવસના તાપમાનમાં 2 ડિગ્રી સુધીનો વધારો નોંધાયો છે. શનિવારે રાયપુરનું તાપમાન 32.5C રહ્યું.હિમાચલ પ્રદેશના મંડીમાં તાપમાનમાં સામાન્યની સરખામણીમાં 6.8 ડિગ્રીનો વધારો નોંધાયો છે અને અહીંનો પારો 26.4 ડિગ્રીએ પહોંચી ગયો છે. 16 ફેબ્રુઆરીથી લાહૌલ-સ્પીતિ, કિન્નૌર અને ચંબાના ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષા થઈ શકે છે.16 ફેબ્રુઆરીએ ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢ એમ 5 જિલ્લાઓમાં વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. જ્યારે રાજ્યના 3 શહેરોનું તાપમાન -20C થી નીચે રહ્યું છે. મુનસ્યારીમાં પારો ઘટીને -28C, બદ્રીનાથમાં -20C, ગંગોત્રીમાં -22C નોંધાયો.

# જર્મન ચાન્સેલર મર્ઝે કહ્યું- યુરોપની આઝાદીની ગેરંટી નથી:અમેરિકા સાથેના સંબંધોમાં ઊંડી તિરાડ

### હવે નિર્ણયો સામાન્ય નિયમોથી નહી, પરંતુ શક્તિ અને પોતાના હિતોના આધારે લેવામાં આવી રહ્યા છે

જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે કહ્યું છે કે યુરોપની આઝાદીની હવે ગેરંટી નથી. મર્ઝના મતે યુરોપ હવે એવું માનીને ચાલી શકે નહીં કે તેને આપમેળે સુરક્ષા મળતી રહેશે.મ્યુનિકમાં સિક્યોરિટી કોન્ફરન્સને સંબોધિત કરતા મર્ઝે સ્વીકાર્યું કે યુરોપ અને અમેરિકાના સંબંધોમાં ઊંડી તિરાડ પડી ગઈ છે.તેમણે કહ્યું કે નિયમોથી ચાલતી દુનિયા ખતમ થઈ ગઈ છે, વૈશ્વિક વ્યવસ્થા હવે તે સ્વરૂપમાં અસ્તિત્વમાં નથી રહી. મર્ઝે કહ્યું કે દુનિયા હવે મોટી શક્તિઓની સ્પર્ધાથી ચાલી રહી છે. સંમેલનમાં ઘણા યુરોપિયન નેતાઓ અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો પણ હાજર રહ્યા.ફ્રેડરિક મર્ઝે શુક્રવારે જર્મનીના મ્યુનિકમાં 13 થી 15 ફેબ્રુઆરી સુધી ચાલી રહેલી મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સને સંબોધિત કરી.

ફ્રેડરિક મર્ઝે શુક્રવારે જર્મનીના મ્યુનિકમાં 13 થી 15 ફેબ્રુઆરી સુધી ચાલી રહેલી મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સને સંબોધિત કરી.મર્ઝે કહ્યું કે બીજા વિશ્વ યુદ્ધ પછી જે વૈશ્વિક વ્યવસ્થા બની હતી, તે હવે સમાપ્ત થઈ ગઈ છે. તેમણે જણાવ્યું કે તે સમયે દેશો પરસ્પર નિયમો અને સમજણના આધારે કામ કરતા હતા, પરંતુ હવે પરિસ્થિતિઓ બદલાઈ ગઈ છે. મર્ઝે કહ્યું કે આવા માહોલમાં યુરોપ એવું માનીને ચાલી શકે નહીં કે તેની સુરક્ષા અને આઝાદી આપમેળે જળવાઈ રહેશે. યુરોપિયન દેશોએ હવે વધુ જવાબદારી લેવી પડશે. જરૂર પડે તો ત્યાગ પણ કરવો પડશે અને પોતાની સુરક્ષા અને અર્થવ્યવસ્થાને જાતે જ મજબૂત કરવી પડશે. મર્જ મુજબ, હવે નિર્ણયો સામાન્ય નિયમોથી નહીં, પરંતુ શક્તિ અને પોતાના હિતોના આધારે લેવામાં આવી રહ્યા છે.મર્જે કહ્યું કે આજના વિશ્વમાં અમેરિકા પણ એકલું ચાલી શકતું નથી. તેમના મતે, હવે પરિસ્થિતિ એવી બની ગઈ છે કે કોઈ પણ મોટી શક્તિ પોતાના દમ પર દરેક પડકારનો સામનો કરી શકતી નથી.તેમણે કહ્યું કે મહાસત્તાઓ વચ્ચે વધતી સ્પર્ધાના આ યુગમાં અમેરિકાને પણ સહયોગીઓની જરૂર છે. સુરક્ષા, સંરક્ષણ, ટેકનોલોજી અને વેપાર જેવા મોટા મુદ્દાઓ પર ભાગીદારી જરૂરી છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ચાણક્યપુરીમાં પ્રેમ પ્રકરણમાં 2 રાઉન્ડ ફાયરિંગ, ઘટનામાં યુવક ઈજાગ્રસ્ત

**ફાયરિંગની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત સોલા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો**



• અમદાવાદ

અમદાવાદ શહેરના ચાણક્યપુરી વિસ્તારમાં પ્રેમ પ્રકરણની અદાવતમાં ફાયરિંગની ઘટના સામે આવી છે. અંગત અદાવત રાખીને આરોપીઓએ એક યુવક પર બે રાઉન્ડ ફાયરિંગ કરતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ, હુમલાખોર મોન્ટુ દેસાઈની કાકાની દીકરીને પાટણના એક યુવક સાથે પ્રેમ સંબંધ હતો. આ બાબતે અગાઉ પણ બંને પક્ષો વચ્ચે વિવાદ થયો હતો, જેમાં તે સમયે સમાધાન પણ થઈ ગયું હતું. જોકે, મોન્ટુ દેસાઈના મનમાં આ વાતનો રોષ યથાવત હતો. જ્યારે મોન્ટુ અને યુવક બંને ચાણક્યપુરી વિસ્તારમાં ભેગા થયા, ત્યારે તેમની વચ્ચે ફરીથી બોલાચાલી થઈ હતી. ઉગ્ર બનેલા મોન્ટુ દેસાઈએ પોતાની પાસે રાખેલી રિવોલ્વર કાઢી યુવક પર ફાયરિંગ કર્યું હતું. મોન્ટુએ યુવકના પગમાં ગોળી મારતા યુવક લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો.

આ હુમલામાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. આસપાસના લોકો એકઠા થઈ જતા આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક અસરથી સોલા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ પર તબીબો દેખરેખ રાખી રહ્યા છે.

ફાયરિંગની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત સોલા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હાલ હુમલો કરીને ફરાર થઈ ગયેલા મોન્ટુ દેસાઈ સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તેની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. ધોળા દિવસે થયેલા આ ફાયરિંગના કારણે સ્થાનિક રહીશોમાં પોતાની સુરક્ષાને લઈને ચિંતા જોવા મળી રહી છે.

જશ્ન

'વંદે માતરમ' અને 'ઈન્ડિયા ઈન્ડિયા'ના નારા લાગ્યા

# શ્રીલંકામાં ભારતની પાકિસ્તાન સામે જીત, ગુજરાતમાં જશ્નનો માહોલ: ક્રિકેટરસિકોનું રસ્તામાં ઘોડાપૂર

**સુરતનો ભાગળ વિસ્તાર હંમેશાથી જીતની ઉજવણીનું કેન્દ્ર રહ્યો છે. આજે પણ ટીમ ઈન્ડિયાની જીત થતાની સાથે જ લોકો તિરંગા સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા**

• સુરત

20 વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારતની ભવ્ય જીત થતા ગુજરાતમાં ચારેય તરફ બાળકોથી લઈને યુવાનો સુધીના ક્રિકેટ રસિકોએ રસ્તાઓ પર નાચ-ગાન કરીને ઉજવણી કરી હતી, જ્યારે અમદાવાદના સિંધુભવન રોડ પર મોટી સ્ક્રીન પર મેચ નિહાળી રહેલા લોકોએ "ભારત માતા કી જય"ના નારા લગાવીને જશ્નનો માહોલ સર્જ્યો હતો. મેચના રોમાંચક પળોમાં બંને શહેરોમાં મોટી સ્ક્રીન પર ભીડ ઉમટી પડી હતી. લોકોને નાચતા-કૂદતા જોવા મળ્યા હતા, જેના કારણે આજની રાત ક્રિકેટ પ્રેમીઓ માટે અવિસ્મરણીય બની ગઈ છે.

આજે સમગ્ર દેશમાં જ્યારે મહાશિવરાત્રીના પર્વની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે, ત્યારે ક્રિકેટના મેદાનમાં ભારતે પાકિસ્તાન સામે મેળવેલી શાનદાર જીતે સુરતીઓના આનંદમાં ચાર ચાંદ લગાવી દીધા છે. સુરતના ઐતિહાસિક ભાગળ વિસ્તારમાં ક્રિકેટ પ્રેમીઓનો મહેરામણ ઉમટી પડ્યો હતો અને જીતની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

સામાન્ય રીતે ભારત-પાકિસ્તાનની મેચમાં જીત બાદ ફટાકડા અને મીઠાઈઓ વહેંચાતી



હોય છે, પરંતુ આજે શિવરાત્રીનો પર્વ હોવાથી માહોલ કંઈક અલગ જ જોવા મળ્યો હતો. ભાગળ ચાર રસ્તા પર એકઠા થયેલા હજારો યુવાનો અને રમતપ્રેમીઓએ 'હર હર મહાદેવ' ના ગગનભેદી નાદ સાથે શિવજીની આરાધના કરી હતી. સાથે જ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ' ના નારા સાથે સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું. સુરતનો ભાગળ વિસ્તાર હંમેશાથી જીતની ઉજવણીનું કેન્દ્ર રહ્યો છે. આજે પણ ટીમ ઈન્ડિયાની જીત થતાની સાથે જ લોકો તિરંગા સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. ઢોલ-નગારાના તાલે લોકો ઝૂમી ઉઠ્યા હતા અને એકબીજાને જીતની વધામણી આપી હતી. લોકોનું કહેવું હતું કે, 'આજે મહાદેવના આશીર્વાદથી ભારતે પાકિસ્તાનને પછાડ્યું છે, આનાથી મોટો ઉત્સવ બીજો કયો હોઈ શકે!' મોટી સંખ્યામાં માનવ મહેરામણ એકઠો થતા ટ્રાફિક જામ અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ સતર્ક જોવા મળી હતી. ભાગળ અને આસપાસના સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો હતો. ઉચ્ચ અધિકારીઓ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું જેથી ઉજવણીમાં કોઈ ખલેલ ન પહોંચે અને શાંતિપૂર્ણ રીતે વિજયોત્સવ મનાવી શકાય. મોડી રાત સુધી સુરતના રસ્તાઓ પર ભારતની જીતનો અને શિવરાત્રીના પર્વનો બેવડો ઉત્સાહ જોવા મળ્યો હતો. અમદાવાદમાં લોકો રોડ ઉપર આવીને સેલિબ્રેશન કરી રહ્યા છે જેથી પોલીસ લોકોને રોડ પરથી દૂર કરી રહી છે અને ટ્રાફિકને અડચણરૂપ ન થાય તે પ્રકાર જીતની ઉજવણી કરવા માટે કહી રહ્યા છે. અમદાવાદના સિંધુભવન રોડ પર ટ્રાફિક ન થાય તેના માટે TRB અને ટ્રાફિક પોલીસ નિયમન કરાવી રહી છે. સુરતના ભાગળ ચાર રસ્તા ખાતે પગ મુકવાની પણ જગ્યા ન હોય તે પ્રકારના દ્રશ્યો સર્જાયા. પાકિસ્તાન પર થયેલી ભારતની જીતની ટ્રોફી પણ ભાગળ ખાતે લાવવામાં આવી હોય તે પ્રકારનો માહોલ સર્જાયો છે.

2026ના રોજ રિક્ષાચાલક વસીમે અલ્લુના ત્રાસથી કંટાળીને એસિડ પી લીધું હતું

# ગાયકવાડ હવેલી વિસ્તારમાં રિક્ષાચાલકે એસિડ ગટગટાવ્યું, પત્નીએ બે લોકો સામે FIR નોંધાવી

**શું છે સમગ્ર ઘટના?**

**2026ના રોજ સાંજે વસીમની પત્ની તેના નણંદના ઘરે ઘઈ હતી, ત્યારે સાતેક વાગ્યે વસીમનો ફોન આવ્યો હતો**

• અમદાવાદ

અમદાવાદ શહેરના ગાયકવાડ હવેલી વિસ્તારમાં ગત 18 જાન્યુઆરી, 2026ના રોજ એક રિક્ષાચાલકે એસિડ પીને આપઘાત કર્યો હતો. આ મામલે મૃતકની પત્નીએ બે શખસો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મૃતક વસીમે શાહરુખ નામના શખસ પાસે 40 હજાર રૂપિયામાં રિક્ષા ગીરવે મૂકી હતી. જેમાં શાહરૂખ દરરોજ સવારે વસીમને રિક્ષા ચલાવવા આપતો હતો અને સાંજે અલ્લુ નામના અન્ય શખસને રિક્ષા ચલાવવા આપતો હતો. આ દરમિયાન એક દિવસ અલ્લુએ રિક્ષા આપવાની ના પડતા વસીમે એસિડ પીને આપઘાત કર્યો હતો. ગત 18 જાન્યુઆરી, 2026ના રોજ રિક્ષાચાલક વસીમે અલ્લુના ત્રાસથી કંટાળીને




એસિડ પી લીધું હતું. જે બાદ વસીમનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન ગત 22 જાન્યુઆરી, 2026ના રોજ મોત થયુ હતું. જેને લઈને વસીમની પત્ની શોકમાંથી બહાર આવ્યા બાદ આ ઘટના અંગે ગાયકવાડ પોલીસ સ્ટેશનમાં શાહરૂખ ઉર્ફે આચા અને અલ્લાહરખા ઉર્ફે અલ્લુ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદ મુજબ, 18 જાન્યુઆરી, 2026ના રોજ સાંજે વસીમની પત્ની તેના નણંદના ઘરે ઘઈ હતી, ત્યારે સાતેક વાગ્યે વસીમનો ફોન આવ્યો હતો. જેમાં વસીમે કહ્યું હતું કે, મારે રિક્ષા બાબતે અલ્લારખા ઉર્ફે અલ્લુ સાથે ઝઘડો થયો છે અને તેણે મને માર મારી રિક્ષા લઈ લીધી છે, જેથી હું દવા પીને મરી જઈશ, તું તારી રીતે ઘરે આવી જજે. ત્યારબાદ વસીમની પત્ની તાત્કાલિક ઘરે પરત ફરતાં કેલીકો મીલ પાસે તેનો પતિ મળ્યો હતો. આ દરમિયાન વસીમે પત્નીને કહ્યું હતું કે, આપણી રિક્ષા મેં શાહરૂખને 40,000માં ગીરવે આપી હતી, જે સવારમાં મને અને સાંજે અલ્લુને ચલાવવા આપતો હતો. તે દિવસે જમાલપુર બ્રિજ નીચે રિક્ષા લેવા જતા અલ્લારખા અને શાહરૂખે ઝઘડો કરી, 'હવે તને રિક્ષા નહીં મળે, તારે જે કરવું હોય તે કર, મરી જા' તેમ કહ્યું હતું. આ વાતનું મનદુઃખ રાખીને વસીમે તેની પત્નીની નજર સામે જ પ્લાસ્ટિકની બોટલમાં રહેલું એસિડ જેવું પીળા કલરનું પ્રવાહી પી લીધું હતું. જેને લઈને તાત્કાલિક વસીમને 108 દ્વારા એલ.જી. હોસ્પિટલના ICU વોર્ડમાં દાખલ કર્યો હતો, જ્યાં સારવાર દરમિયાન 22/1/2026ના રોજ ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. આમ, પતિના અવસાન બાદ પત્ની શોકમાં હોવાથી અલ્લારખા ઉર્ફે અલ્લુ તથા શાહરૂખ ઉર્ફે આચા વિરુદ્ધ વસીમને મરવા માટે મજબૂર કરવા બદલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આત્મહત્યા એ કોઈપણ સમસ્યાનું સમાધાન નથી. જો તમે અથવા તમારા કોઈ પરિચિત માનસિક તણાવ અનુભવી રહ્યા હોય અથવા નકારાત્મક વિચારોથી ઘેરાયેલા હોય, તો ગભરાશો નહીં. તમે નિઃસંકોચપણે સહાય મેળવી શકો છો. ગુજરાત સરકારની હેલ્પલાઈન 'જીવન આસ્થા' (1800 233 3330) પર 24 કલાક નિષ્ણાતો દ્વારા વિનામૂલ્યે અને ખાનગી રીતે કાઉન્સેલિંગ પૂરું પાડવામાં આવે છે.

# થલતેજમાં યુવતીએ પ્રેમીના ત્રાસથી કંટાળી આપઘાત કર્યો, SG હાઈવેની જાણીતી હોટેલમાં વેઈટર હતી

• અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ ગણાતા એસ.જી. હાઈવે નજીક આવેલી જાણીતી હોટલમાં વેઈટર તરીકે કામ કરતી એક યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. થલતેજના અંબિકા નગરમાં ભાડાના મકાનમાં રહેતી આ યુવતીએ પોતાના જ સહકર્મચારી અને પ્રેમીના ત્રાસથી કંટાળી આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.



મળતી માહિતી અનુસાર, મૂળ પશ્ચિમ બંગાળની વતની યુવતી છેલ્લા કેટલાક વર્ષોથી અમદાવાદમાં એકલી રહીને એસ.જી. હાઈવે પર રાજપથ ક્લબ પાસેની હોટલમાં વેઈટર તરીકે નોકરી કરતી હતી. બે દિવસ પહેલા તેણે પોતાના ઘરે આપઘાત કર્યો હતો. ઘટનાની જાણ થતા જ કચ્છના ગાંધીધામથી તેના ભાઈ અને સગા-સંબંધીઓ અમદાવાદ દોડી આવ્યા હતા. મૃતક યુવતીના ભાઈએ જ્યારે તેની બહેનનો મોબાઈલ તપાસ્યો, ત્યારે WhatsApp ચેટમાં પ્રેમ પ્રકરણ અને માનસિક ત્રાસની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. ઘટનાની જાણ થતા જ બોડકદેવ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. શરૂઆતમાં અકસ્માતે મોતનો ગુનો નોંધ્યા બાદ, મૃતકના ભાઈની ફરિયાદ અને મોબાઈલના પુરાવાઓને આધારે પોલીસે આરોપી અસદઅલી શેખ સામે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે મોબાઈલ ફોન કબજે કરી ફોરેન્સિક તપાસ માટે મોકલવાની તજવીજ હાથ ધરી છે અને આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યાં છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે યુવતી તેની સાથે જ હોટલમાં નોકરી કરતા અસદઅલી શેખ નામના યુવક સાથે પ્રેમમાં હતી. અસદઅલી યુવતીને સતત શારીરિક અને માનસિક ત્રાસ આપતો હોવાનું ચેટ પરથી સ્પષ્ટ થયું હતું. આ સતત થઈ રહેલા ઉત્પીડનથી કંટાળીને આખરે યુવતીએ અંતિમ પગલું ભરી લીધું હતું.

ઘટનાની જાણ થતા જ બોડકદેવ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. શરૂઆતમાં અકસ્માતે મોતનો ગુનો નોંધ્યા બાદ, મૃતકના ભાઈની ફરિયાદ અને મોબાઈલના પુરાવાઓને આધારે પોલીસે આરોપી અસદઅલી શેખ સામે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે મોબાઈલ ફોન કબજે કરી ફોરેન્સિક તપાસ માટે મોકલવાની તજવીજ હાથ ધરી છે અને આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યાં છે.

# પત્ની પિયરથી પરત ન આવતા સસરાને છરી મારી, નીચે પડતા લાતો મારી ભાગી ગયો

• અમદાવાદ

અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં ગત મોડી રાત્રે જમાઈએ સસરાની હત્યા કરી દીધી હતી. યુવકની પત્ની 10 દિવસથી પિયરમાં ગઈ હતી અને પરત આવતી નહોતી, જેથી યુવક પત્નીને લેવા ગયો હતો. આ દરમિયાન બોલાચાલી થતા જમાઈ ઈબ્રાહિમ મન્સુરીએ બે શખ્સ સાથે મળીને સસરા અજીજ મન્સૂરીની તેમના ઘર આગળ જ હત્યા કરી દીધી હતી. નારોલ પોલીસે ગુનો નોધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

ઈબ્રાહિમ મન્સુરી નામના યુવકના નારોલ વિસ્તારમાં એક યુવતી સાથે લગ્ન થયા હતા. ઈબ્રાહિમની પત્ની છેલ્લા 10 દિવસથી નારોલ પિયરમાં રહેતી હતી. ઈબ્રાહિમની પત્નીના પિયરમાં ભાભી અને માતા બીમાર હોવાથી તેમની સેવા કરવા માટે રોકાઈ હતી. ઘણા દિવસ સુધી પત્ની પરત ન આવતા ઈબ્રાહિમ સાસરીમાં પહોંચ્યો હતો. ઈબ્રાહિમે બુમાબુમ કરતા સસરાએ ટોક્યો ત્યારે ઈબ્રાહિમ ગાળો આપીને ત્યાંથી રવાના થઈ ગયો હતો.

અડધો કલાક બાદ ઈબ્રાહિમ અને તેની સાથે અન્ય બે શખ્સ આવ્યા હતા. ત્રણેય આવીને ઈબ્રાહિમના સસરાને ગાળો બોલવા લાગ્યા હતા. ઝઘડો વધુ ચાલતા ઈબ્રાહિમે તેની પાસે રહેલી છરી સસરાને મારી દીધી હતી. જમ જેવો જમાઈ આટલેથી નહોતો અટક્યો તેણે છરીના ઘા માર્યા બાદ સસરાને નીચે પાડી લાતો મારી હતી. ઈજાગ્રસ્ત સસરાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું. છરી મારીને ઈબ્રાહિમ ત્યાંથી નાસી ગયો હતો. બનાવની જાણ થતા પોલીસ સ્થળ પર પહોચી હતી. પોલીસે મૃતકના પરિવારના નિવેદન નોંધ્યા છે. નારોલ પોલીસે હત્યાનો ગુનો નોધી ફરાર આરોપીની તપાસ શરૂ કરી છે.

# હાથીજણના પાર્કિંગ બાબતે બબાલ, દ્રશ્ય ગોસ્વામી સહિત છ શખસોની ધરપકડ



• અમદાવાદ

અમદાવાદ શહેરના હાથીજણ વિસ્તારમાં આવેલી ધર્મવાટિકા સોસાયટીમાં અસામાજિક તત્ત્વોએ બેફામ બની રહીશો પર હુમલો કરતા ભયનો માહોલ છવાઈ ગયો છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરે છે. મળતી માહિતી અનુસાર, હાથીજણ વિસ્તારમાં આવેલા ધર્મ વાટીકા ફ્લેટમાં 14મી ફેબ્રુઆરીના રોજ કાર પાર્ક કરવા જેવી નજીવી બાબતે થયેલી જૂની અદાવત રાખીને દ્રશ્ય ગોસ્વામી અને અન્ય છ અજાણ્યા શખસોએ હુમલો કર્યો હતો. નંબર પ્લેટ વગરની કાળા કલરની કારમાં આવેલા આ શખસોએ ફરિયાદીને માર મારીને, જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.

ચાર પ્રહરની પૂજાનો સવિશેષ મહિમા

# મહાશિવરાત્રી પર્વે સુપ્રસિદ્ધ ધોળેશ્વરથી પંચદેવ સુધી શિવાલયોમાં શ્રદ્ધાનું ઘોડાપૂર, ચાર પ્રહરની પૂજા સાથે ભક્તો ભક્તિમાં તરબોળ

• ગાંધીનગર

આજરોજ મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે પાટનગર ગાંધીનગર અને સમગ્ર જિલ્લો શિવભક્તિના રંગે રંગાયો છે. ભગવાન ભોળાનાથની આરાધના અને ઉપાસનાના આ મહાપર્વે વહેલી સવારથી જ શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું છે. શ્રાવણ માસ બાદ મહાશિવરાત્રી એક એવો ઉત્સવ છે જેમાં શિવભક્તોમાં અનોખો ઉત્સાહ અને આધ્યાત્મિક ઊર્જા જોવા મળે છે. વૈજનાથ મહાદેવ અને વાસણીયા મહાદેવ સહિતના શિવ મંદિરમાં ભક્તોની ભીડ ગાંધીનગરના સુપ્રસિદ્ધ અને પૌરાણિક ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે આજ સવારથી જ શિવભક્તોની



લાંબી લાઈનો જોવા મળી હતી. સાબરમતીના તટે આવેલા આ મંદિરમાં દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત શહેરના મધ્યમાં આવેલા સેક્ટર-22 પંચદેવ મંદિર, રાયસણના પંચેશ્વર મહાદેવ, વૈજનાથ મહાદેવ અને વાસણીયા મહાદેવ જેવા સુપ્રસિદ્ધ મંદિરોમાં પણ ભક્તોનો મહેરામણ ઉમટ્યો હતો. શિવ ભક્તોએ દૂધ, જળ, મધ અને દહીંના અભિષેક સાથે બિલ્વપત્ર અર્પણ કરી શિવલિંગની વિશેષ પૂજા કરી હતી. મહાશિવરાત્રીની રાત્રિ એટલે શિવ અને શક્તિના દૈવી લગ્નનું પર્વ. શાસ્ત્રોક્ત વિધિ મુજબ આજના દિવસે રાત્રિના ચાર પ્રહરની પૂજાનો સવિશેષ મહિમા છે. ગાંધીનગરના મુખ્ય શિવાલયોમાં ગત રાત્રિથી જ વિશેષ અનુષ્ઠાનો શરૂ કરી દેવામાં આવ્યા હતા, જે આજે વહેલી સવાર સુધી ચાલ્યા હતાં. આ પૂજા દરમિયાન આખી રાત પ્રાર્થના, ભજન અને ધ્યાન ધરવામાં આવે છે. શિવભક્તો માટે આ માત્ર એક તહેવાર નથી પરંતુ મન અને શરીરની શુદ્ધિ માટેની એક આધ્યાત્મિક શિસ્ત છે. આ અવસરે મંદિરોને ફૂલોની પાંખડીઓ અને રંગબેરંગી રોશનીથી અત્યંત સુંદર રીતે શણગારવામાં આવ્યા છે. વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટો દ્વારા ભક્તોની ભીડને ધ્યાનમાં રાખીને દર્શન માટે ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓ માટે ફરાળી પ્રસાદ અને ઠંડાઈની પણ વ્યવસ્થા ઘણી જગ્યાએ જોવા મળી હતી.

# જેતપુર સીટી પોલીસે મોબાઈલમાં વર્લી-મટકાના આંકડા લખતા શખ્સને ઝડપી પાડ્યો, ૩ બુકીઓ વોન્ટેડ

• સુરેશ ભાલીયા જેતપુર,

જેતપુર સીટી પોલીસે પોલીસે બાતમીના આધારે દરોડો પાડી મોબાઈલ ફોન દ્વારા વર્લી ફીચરના આંકડા લખતા એક શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યો છે.

જેતપુર સીટી પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ફકીરવાડા વિસ્તારમાં રહેતો એક ઈસમ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી વર્લી ફીચરના આંકડા લખી જુગાર રમાડી રહ્યો છે. આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી શરીફ યાસીનભાઈ રફાઈ (રહે. ફકીરવાડા,



જેતપુર) ને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન તેના મોબાઈલમાંથી વર્લી-મટકાના આંકડાઓનું લખાણ મળી આવ્યું હતું.

પોલીસે આરોપીના કબજામાંથી રોકડ રકમ 10,310/-, મોબાઈલ વીવો કંપનીનો એન્ડ્રોઈડ ફોન (કિંમત 25,000/-) સહીત કુ લ કિંમત 35,310/- નો મુદ્દામાલ કબજે કર્યો છે

પકડાયેલા આરોપી શ રી ફની પ્રાથમિક પૂછપરછમાં અન્ય ત્રણ શખ્સોની સંડોવણી પણ બહાર આવી છે. જેમાં જેતપુરનો વિજય ઠાકોર, નીલેશભાઈ ભાયાણી અને કેવલ ગોહેલના નામ ખુલતા પોલીસે તેઓને વોન્ટેડ જાહેર કરી પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ ટોળકી જેતપુરમાં મોટા પાયે જુગારનું નેટવર્ક ચલાવતી હોવાની આશંકા સેવાઈ રહી છે.

# યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ સિદ્ધાર્થ પબ્લિક સ્કૂલ, હિંમતનગર દ્વારા આયોજિત G.K. ક્વિઝ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો

14 ફેબ્રુઆરી, 2026ના રોજ હિંમતનગર ખાતે સિદ્ધાર્થ પબ્લિક સ્કૂલ દ્વારા G.K. ક્વિઝ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શહેર તેમજ આસપાસની અનેક શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક અને મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. તેમાં યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલના ધોરણ-૬ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ દોશી ખુશાલી અને મકવાણા હર્ષે પણ સક્રિય હાજરી આપી પોતાની જ્ઞાનક્ષમતાનો ઉત્તમ પરિચય આપ્યો હતો.તેમની આ સરાહનીય ભાગીદારી બદલ આયોજકો દ્વારા બંને વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિથી સમગ્ર યુનિક-યુ સ્કૂલ પરિવાર ગૌરવ અનુભવે છે અને બંને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવે છે. ભવિષ્યમાં પણ તેઓ આવાં જ ઉત્સાહ સાથે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ વધુ સફળતાઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

**વ્યાપક સમીક્ષા** બેઠકમાં દેશભરમાં ૨ લાખ નવી MPACS, ડેરી અને મત્સ્ય સહકારી મંડળીઓની સ્થાપના સહિતની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા કરાશે

# કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને ૧૭મી ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે રાજ્યોના સહકાર મંત્રીઓની ઉચ્ચ સ્તરીય 'મંથન બેઠક' યોજાશે

**મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ બેઠકમાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓ સહભાગી થશે**

વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના અને રાષ્ટ્રીય સ્તરની નવી સહકારી સંસ્થાઓમાં રાજ્યોની ભાગીદારી પર વિશેષ ભાર મૂકાશેવડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા અને સહકારી ક્ષેત્રને વધુ મજબૂત, પારદર્શક તથા આધુનિક બનાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને આગામી તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીશ્રીઓની એક ઉચ્ચ સ્તરીય 'મંથન બેઠક' યોજાશે.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીશ્રીઓ સાથે અધિક મુખ્ય સચિવશ્રી, અગ્ર સચિવશ્રી અને સચિવશ્રી સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. સહકાર મંત્રાલયની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા, અત્યાર સુધી થયેલી પ્રગતિનું મૂલ્યાંકન, સહકાર ક્ષેત્રે વિવિધ રાજ્યો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ પ્રયાસો અને અનુભવોના આદાન-પ્રદાન ઉપરાંત ભવિષ્ય માટે સંકલિત રોડમેપ તૈયાર કરવા માટે આ મંથન બેઠક એક સુયોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડશે.બેઠકની ચર્ચાઓમાં દેશના ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવાના હેતુથી ૨ લાખ નવી મલ્ટી-પર્પઝ પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ (MPACS), ડેરી તથા મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓની સ્થાપનાની પ્રગતિનો સમાવેશ કરવામાં આવશે. તદુપરાંત, વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ આધુનિક ગોદામોના દેશવ્યાપી નેટવર્કને વિસ્તારવા, ખેડૂતો માટે સંગ્રહની સુધારેલી સુવિધાઓ, ભાવ સ્થિરતા અને બજારની વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવશે.

કઠોળ અને મકાઈના ઉત્પાદનને પ્રોત્સાહન, સહકારી બેંકોના વિવિધ પડકારોનું નિરાકરણ, શેર સર્વિસ એન્ટિટીઝ (SSE) અને અમ્બ્રેલા સ્ટ્રક્ચર્સને મજબૂત કરવા, સભ્યપદ અને જાગૃતિ અભિયાનનો વિસ્તાર કરવો અને અસરકારક મીડિયા પ્લાનિંગ વિકસાવવા જેવા વિષયો પણ બેઠકમાં વિચાર-વિમર્શનો ભાગ બનશે.

આ બેઠક નિકાસ, જૈવિક ખેતી અને ગુણવત્તાયુક્ત બિયારણ પુરવઠાના ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓને વધુ મજબૂત કરવા માટે નવી રચાયેલી ત્રણ રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાઓ – નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL), નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL) અને ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL)માં રાજ્યોની ભૂમિકા, ભાગીદારી અને અપેક્ષાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.વધુમાં, રાજ્યના સહકારી કાયદાઓમાં સમયબદ્ધ સુધારા, ૯૭મા બંધારણીય સુધારાને અનુરૂપ મોડેલ કાયદા અપનાવવા, સહકારી ખાંડ મિલોની આર્થિક વ્યવહારક્ષમતા વધારવા, ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવું તેમજ અમૂલ અને NDDBના સહયોગથી નવી ડેરી સહકારી મંડળીઓની રચના અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

કઠોળ અને મકાઈના ઉત્પાદનને પ્રોત્સાહન, સહકારી બેંકોના વિવિધ પડકારોનું નિરાકરણ, શેર સર્વિસ એન્ટિટીઝ (SSE) અને અમ્બ્રેલા સ્ટ્રક્ચર્સને મજબૂત કરવા, સભ્યપદ અને જાગૃતિ અભિયાનનો વિસ્તાર કરવો અને અસરકારક મીડિયા પ્લાનિંગ વિકસાવવા જેવા વિષયો પણ બેઠકમાં વિચાર-વિમર્શનો ભાગ બનશે.

આ ઉપરાંત, PACS અને RCS કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશન, નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝનો ઉપયોગ, માનવ સંસાધન વિકાસ અને તાલીમ તથા નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)ની યોજનાઓના અમલીકરણ અંગે રાજ્યોની અપેક્ષાઓ પર પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.આ 'મંથન બેઠક' સહકારી સંઘવાદની ભાવનાને વધુ મજબૂત બનાવશે અને કેન્દ્ર તથા રાજ્યો વચ્ચે ગાઢ સંકલન વધારશે, જેનાથી સહકારી સંસ્થાઓ પાયાના સ્તરે સમૃદ્ધિ, રોજગાર નિર્માણ અને આત્મનિર્ભરતાનું શક્તિશાળી સાધન બનશે.

નિતિન રથવી

**સંતોષ ગાવિતની આ સિદ્ધિથી સમગ્ર ગાઢવી ગામ અને ડાંગ જિલ્લામાં ખુશીની લહેર છવાઈ ગઈ છે**

# ડાંગના આદિવાસી યુવા રનર સંતોષ ગાવિતનો ઝારખંડમાં ડંકો: ખેલો ઈન્ડિયા ટ્રાયબલ રનિંગમાં દ્વિતીય ક્રમ મેળવ્યો

**ઝારખંડ ખાતે યોજાયેલ** 'ખેલો ઈન્ડિયા ટ્રાયબલ રનિંગ ' સ્પર્ધામાં સંતોષે શાનદાર પ્રદર્શન કરી સમગ્ર દેશમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી રજત ચંદ્રક જીત્યો છે

• ડાંગ

ડાંગ જિલ્લાના ગાઢવી ગામના ૨૦ વર્ષીય યુવાન સંતોષ ગાવિતે પોતાની મહેનત અને ધગશના જોરે રમતગમત ક્ષેત્રે ડાંગનું નામ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે.તાજેતરમાં ઝારખંડ ખાતે યોજાયેલ 'ખેલો ઈન્ડિયા ટ્રાયબલ રનિંગ' સ્પર્ધામાં સંતોષે શાનદાર પ્રદર્શન કરી સમગ્ર દેશમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી રજત ચંદ્રક જીત્યો છે.

આર્થિક નબળી સ્થિતિ છતાં અડગ મનોબળ સંતોષ ગાવિતની ઘરની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી છે, પરંતુ ગરીબી તેના સપના આડે ક્યારેય અવરોધ બની શકી નથી. સાધારણ પરિવારમાંથી આવતા આ યુવાને પોતાની પરિસ્થિતિને પડકાર ફેંકીને રનિંગ પ્રત્યેના પોતાના લગાવને જીવંત



રાખ્યો છે. ગ્રેજ્યુએટ થયા બાદ પણ, પોતાની કારકિર્દી રમતમાં બનાવવા માટે તે સતત પ્રેક્ટિસ કરી રહ્યો છે.

સંતોષની સફળતા આકસ્મિક નથી, પરંતુ છેલ્લા બે વર્ષની સખત મહેનતનું પરિણામ છે. તેણે અત્યાર સુધીમાં અનેક પ્લેટફોર્મ પર પોતાની પ્રતિભા સાબિત કરી છે:

ખેલ મહાકુંભ: ડાંગ જિલ્લામાં પ્રથમ ક્રમ.

યુનિવર્સિટી લેવલ: દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમ.

સાંસદ ખેલ મહોત્સવ: શાનદાર પ્રદર્શન સાથે પ્રથમ ક્રમ.

સંતોષની આ સિદ્ધિમાં સાપુતારાના કોચ અલ્કેશ અને સુરેશભાઈ ચૌધરીનો સિંહફાળો રહ્યો છે. આ બંને માર્ગદર્શકોએ સંતોષને માત્ર તાલીમ જ નથી આપી, પરંતુ ડગલે ને પગલે તેને જરૂરી તમામ મદદ પૂરી પાડી છે. આર્થિક સંકડામણ વચ્ચે પણ કોચના સાથ અને સંતોષના આત્મવિશ્વાસને કારણે આજે તે આ મુકામ પર પહોંચી શક્યો છે.સંતોષ ગાવિતની આ સિદ્ધિથી સમગ્ર ગાઢવી ગામ અને ડાંગ જિલ્લામાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. રમતગમતના જાણકારોનું માનવું છે કે જો સંતોષને યોગ્ય પ્રોત્સાહન અને સુવિધા મળતી રહેશે, તો આગામી દિવસોમાં તે માત્ર ગુજરાત જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કરશે. ડાંગનો આ 'ઉભરતો સિતારો' ઓલિમ્પિક જેવી મોટી સ્પર્ધાઓમાં દેશનું પ્રતિનિધિત્વ કરે તેવી આશા લોકો સેવી રહ્યા છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહાશિવરાત્રીના પાવન પર્વે મહાદેવના શ્રદ્ધાભાવ સાથે દર્શન અને પૂજા અર્ચના કરી

• જૂનાગઢ તા.૧૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહાશિવરાત્રીના પાવન પર્વે ગરવા ગિરનારની ગોદમાં અને ભવનાથ તળેટીમાં બિરાજતા સ્વયંભૂ ભવનાથ મહાદેવના શ્રદ્ધાભાવ સાથે દર્શન અને પૂજા અર્ચના કરી હતી. મુખ્યમંત્રીશ્રીની સાથે ઉર્જા રાજયમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા પણ શ્રદ્ધાપૂર્વક ભવનાથ મહાદેવના દર્શન - પૂજામાં જોડાયા હતાં.મુખ્યમંત્રીશ્રીએ મહાશિવરાત્રીના પાવન અવસરે જૂનાગઢમાં પરંપરાગત રીતે યોજાતા પાંચ દિવસીય મહાશિવરાત્રી મેળાના અંતિમ દિવસે ભવનાથ મંદિર પરિસરમાં સાધુ સંતોના આશીર્વાદ મેળવી તેમને ખેસ અર્પણ કરીને વિશેષ સન્માન સાથે અભિવાદન કર્યું હતું.સંત સમાગમ માટે પ્રસિદ્ધ આ મહાશિવરાત્રીના મેળામાં મુખ્યમંત્રીશ્રીએ સાધુ સંતો સાથે મેળાપ કરીને આધ્યાત્મિક ચેતનાની પણ અનુભૂતિ કરી હતી. શ્રી ભૂપેન્દ્ર પટેલે ભવનાથ મંદિરમાં આવેલા અખંડ ધુણાના પણ દર્શન કર્યા હતા ત્યારબાદ મૃગીકુંડ ખાતે શ્રદ્ધાપૂર્વક નમન કર્યા હતા.



મુખ્યમંત્રીશ્રીએ આસ્થાના મહાકુંભરૂપ મહાશિવરાત્રીના મેળામાં ભવનાથ મંદિર પરિસરના સત્સંગ હોલ ખાતે શ્રી મુક્તાનંદ બાપુ, શ્રી શેરનાથ બાપુ, શ્રી હરિહરાનંદ બાપુ, શ્રી મહેશગીરીબાપુ, શ્રી મહેન્દ્રાનંદગીરીબાપુ, શ્રી સંપૂર્ણાનંદજી બાપુ, શ્રી રાજેન્દ્રદાસ બાપુ, શ્રી ભારદ્વાજગીરી બાપુ, શ્રી બુદ્ધગીરી બાપુ, શ્રી સોમનાથજી બાપુ સહિતના સાધુ સંતો સાથે મુલાકાત કરીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. સાથે જ ખેસ અને ફુલહાર પહેરાવી અભિવાદન કર્યું હતું. આ તકે જિલ્લાના પદાધિકારી - અધિકારી ઉપસ્થિત રહ્યાં હતાં.મુખ્યમંત્રીશ્રીનું જિલ્લા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવાસિયા અને ગુજરાત પવિત્ર યાત્રાધામ બોર્ડના સભ્ય સચિવ શ્રી રમેશ મેરજાએ સ્મૃતિ ચિન્હ અર્પણ કરી સ્વાગત સન્માન કર્યું હતું. આ સાથે જ ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાનું પણ સ્મૃતિચિન્હ અર્પણ કરી વહીવટી તંત્ર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.પ્રાંત અને મેળા અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલે મહાશિવરાત્રીના મેળાની પ્રાથમિક ભૂમિકા આપી હતી.

# શહેરા તાલુકાના પાલીખંડા ગામે આવેલા મરડેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રીના પર્વે ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી

• શહેરા,

પંચમહાલ જીલ્લામા મહાશિવરાત્રી પર્વને શિવાલયોમા સવારથી ભારે ભીડ જોવા મળી હતી. શહેરા તાલુકાના પાલીખંડા ગામે આવેલા પ્રસિધ્ધ પૌરાણિક એવા મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે ભાવિકોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતુ. જીલ્લામા આવેલા અન્ય શિવાલયોમા પણ ભાવિકોનુ ઘોડાપુર જોવા મળ્યુ હતુ. ભાવિકોએ શિવલીંગ પર દુધ, જળ, ફુલ સહિત ચઢાવીને ધન્યતા અનુભવી હતી. મરડેશ્વર મહાદેવ અને ડેઝરનાથ મહાદેવ મંદિર ખાતે મળો ભરાયો હતો. તાલુકા તેમજ જીલ્લામાંથી મોટી સંખ્યામા ભાવિકો ઉમટી પડ્યા હતા. પંચમહાલ જીલ્લામા શિવરાત્રી પર્વની ધામધુમથી ઉજવણી કરવામા આવી હતી. જીલ્લામા આવેલા વિવિધ શિવાયલો દર્શનાર્થે સવારથી ભારે ભીડ જોવા મળી હતી. જીલ્લાના શહેરા તાલુકાના પાલીખંડા ગામે અને હાલોલ અને શામળાજી હાઈવે માર્ગને અડીને મરડેશ્વર



મહાદેવનુ શિવાલય આવેલુ છે. શિવરાત્રી પર્વને લઈને અહી મેળો ભરાયો હતો.મરડેશ્વર દાદાના દર્શન કરવા માટે મંદિરના દરવાજાથી બહાર સુધી લાંબી લાઈનો જોવા મળી રહી હતી.મંદિર પરિસર હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નારાથી ગુંજી ઉઠ્યુ હતું.તાલુકા તેમજ જીલ્લાભરમાંથી મોટી સંખ્યામા ભાવિકો ઉમટી પડ્યા હતા. સ્ટેટ હાઈવે રોડને અડીને આવેલુ હોવાથી અન્ય રાજ્યોમા જતા મુસાફરો એ રોકાઈને મરડેશ્વર મહાદેવના દર્શન કર્યા હતા.

# દહેગામમાં મહાશિવરાત્રી પર્વની ઉજવણી : શિવાલયોમાં 'હર હર મહાદેવ 'નો નાદ ગુંજ્યો, ભક્તો ઉમટ્યા



• ગાંધીનગર

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેર અને સમગ્ર તાલુકામાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ શિવાલયોમાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી. મંદિરોમાં 'હર હર મહાદેવ'ના જયઘોષ ગુંજી ઉઠ્યા હતા. દહેગામ શહેરના પૌરાણિક હાટકેશ્વર મહાદેવ અને નીલકંઠ મહાદેવ સહિતના શિવાલયોમાં વિશેષ પૂજા-અર્ચનાનું આયોજન કરાયું હતું. મહાદેવને મનમોહક ફૂલોનો શણગાર અને અંગી કરવામાં આવી હતી, જે શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. ભક્તોએ લાંબી કતારોમાં ઉભા રહીને શિવલિંગ પર જલાભિષેક અને દૂધનો અભિષેક કર્યો હતો. દહેગામ નજીક પાલૈયા સ્થિત નીલકંઠ મહાદેવ મંદિરના પરિસરમાં પરંપરાગત મેળાનું આયોજન થયું હતું.

**બોટાદમાં વિરાટેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રી ભવ્ય ઉજવણી કરાઈ**

# બોટાદના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણા પરિવાર દ્વારા લઘુ રૂદ્રયજ્ઞ અને મહાપ્રસાદ યોજાયો

• બોટાદ

બોટાદમાં વિરાટેશ્વર મહાદેવ મંદિર ખાતે ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણા દ્વારા મહાશિવરાત્રીના પવિત્ર અવસરે બોટાદની જનતાની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે વિરાટેશ્વર મંદિર ખાતે હોમાત્મક લઘુ રુદ્ર યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું .3 હજારથી વધુ શિવ ભક્તોએ દર્શન નો લાભ અને મહા પ્રસાદનો લાભ લીધો હતો.આરતી સહિતના મંદિરોમાં કાર્યક્રમો યોજાયા. મહાદેવના નાદથી શિવ મંદિરો ગૂંજી ઊઠ્યા. ધાર્મિક જગતમાં શિવરાત્રી નું અનેરૂ મહત્વ જોવા મળે છે. ચાર રાત્રી પૈકીની શિવરાત્રી એટલે જીવ નું શિવ સાથેનું આધ્યાત્મ મીલન. આવાર શિવરાત્રી મહા સમગ્ર જિલ્લાના નામી-અનામી શિવાલયોમાં હર-હર મહાદેવના નાદ સાથે વહેલી સવારથી



ઉજવણી શરૂ કરવામાં આવી છે. શિવરાત્રી પર્વ નિમિત્તે શિવાલયોને વિવિધ સુશોભનોથી શણગારવામાં આવ્યા છે. કહેવાય છે કે શિવ ભોળીયો દેવ છે. એક લોટો જળનાં અભિષેકથી પણ પ્રસન્ન થાય છે. વહેલી સવારથી જ ભાવિક-ભક્તોનો પ્રવાહ શિવાલય તરફ પુજન-દર્શન હેતુ જતો નજરે ચડે છે. શિવરાત્રી પર્વ નિમીત્તે તમામ શિવાલયોમાં ચાર પ્રહરની પુજા, મહા આરતિ, લઘુરૂદ્ર, સહિતનાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.શિવરાત્રી પર્વ નિમીત્તે દરેક શિવાલયોમાં બપોરનાં ૧૨ અને રાત્રીનાં ૧૨ કલાકે મહાઆરતી યોજાશે. જેનો વિશાળ સંખ્યામાં ધર્મપ્રેમી ભાવિક-ભક્તો લાભ લઈ આરતી બાદ ભાંગ અને મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવાશે શિવરાત્રીનાં મહાપર્વ નિમીત્તે શિવ-આરાધના અને ઉપાસનાનું પણ શાસ્ત્રોમાં અનેરૂ મહત્વ છે. ત્યારે અસંખ્ય લોકો શિવરાત્રીનું વ્રત કરી ઉપવાસ કરશે. તો ધર્મપ્રેમી ભાવિક-ભક્તો દ્વારા અનુષ્ઠાન અને વિવિધ ઉપાસનાઓ કરવામાં આવશે.સમગ્ર જિલ્લામાં ધાર્મીક માહોલ વચ્ચે શિવરાત્રી મહાપર્વની ભિક્તભાવ પૂર્વક આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે.ત્યારે બોટાદ જિલ્લાના શિવમંદિરો ભગવાન ભોળાનાથ ના નામથી ગુંજી ઉઠ્યા હતા ત્યારે બોટાદ જિલ્લા વાસીઓ દ્વારા શિવરાત્રીના મહાપર્વની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી તેવુ નિકુંજભાઈ એ જણાવ્યુ હતુ.

# બુદ્ધિનો જંગ એક બાજુ ' શકુની ' અને બીજી બાજુ 'ભગવાન કૃષ્ણ '

## કૃષ્ણએ પણ રાજનીતિ કરી, પણ તેમનો ઉદ્દેશ્ય ધર્મની સ્થાપના કરવાનો હતો

મહાભારત એ બે બુદ્ધિશાળી મગજ વચ્ચેની શતરંજ જેવું હતું એક બાજુ શકુનિની 'કુટીલ બુદ્ધિ' હતી અને બીજી બાજુ શ્રીકૃષ્ણની 'દિવ્ય બુદ્ધિ'.

મહાભારત આપણને શીખવે છે કે બુદ્ધિ એ એક એવું શસ્ત્ર છે જે તલવાર કરતાં પણ વધુ ઘાતક સાબિત થઈ શકે છે. પરંતુ, એ બુદ્ધિનો ઉપયોગ કયા હેતુ માટે થાય છે તે જ વ્યક્તિનું ભવિષ્ય નક્કી કરે છે. કૌરવો પાસે ગાંધાર નરેશ શકુનિનું મગજ હતું, જ્યારે પાંડવો પાસે દ્વારકાધીશ શ્રીકૃષ્ણની દૂરદર્શિતા હતી.

શકુનિની બુદ્ધિ નકારાત્મકતા, વેર અને છળ કપટથી ભરેલી હતી. તેનો ઉદ્દેશ્ય માત્ર વિનાશ હતો. શકુનિએ પાસાં ફેંકીને માત્ર રાજ્ય જ નહોતું જીત્યું, પણ ભાઈઓ વચ્ચે વેરનું બીજ વાવ્યું હતું. તેની બુદ્ધિ હંમેશા 'બીજાનું ખરાબ કેવી રીતે કરવું' અને 'બીજાનું કેવી રીતે પડાવી લેવું' તેના પર કેન્દ્રિત હતી. પરિણામ જે બુદ્ધિ બીજાના વિનાશ માટે વપરાય છે, તે અંતે પોતાનો જ કુળનો નાશ કરે છે.

શ્રીકૃષ્ણ રચનાત્મક દિવ્ય બુદ્ધિ

શ્રીકૃષ્ણની બુદ્ધિ ન્યાય, શાંતિ અને સત્યની સ્થાપના માટે હતી. તેઓ 'યોગેશ્વર' હતા, જેમણે



રણમેદાનમાં શસ્ત્ર ઉઠાવ્યા વગર જ યુદ્ધની દિશા બદલી નાખી.

કૃષ્ણએ પણ રાજનીતિ કરી, પણ તેમનો ઉદ્દેશ્ય ધર્મની સ્થાપના કરવાનો હતો.

તેમની બુદ્ધિ મુસીબતમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધતી હતી, બીજાને ફસાવવાનો નહીં.

પરિણામજે બુદ્ધિ સત્યના પક્ષમાં હોય છે, તેની હંમેશા જીત થાય છે.

દુર્યોધને શકુનિની કપટી સલાહ માનીને વિનાશ નોતર્યો, જ્યારે અર્જુને કૃષ્ણના માર્ગદર્શનમાં રહીને વિજય મેળવ્યો. આપણા જીવનમાં આપણે કોની સલાહ લઈએ છીએ (શકુનિ જેવા નકારાત્મક કે કૃષ્ણ જેવા સકારાત્મક) તે ઘણું મહત્વનું છે.

સ્વાર્થ , પરમાર્થ શકુનિનો બુદ્ધિપ્રયોગ અંગત સ્વાર્થ અને વેર માટે હતો, જ્યારે કૃષ્ણનો બુદ્ધિપ્રયોગ સમાજના કલ્યાણ માટે હતો.

બુદ્ધિ હોવી એ શક્તિ છે, પણ બુદ્ધિમાં વિવેક હોવો એ ભક્તિ છે.શકુનિ જેવું મગજ દુનિયાને જીતતા શીખવી શકે, પણ કૃષ્ણ જેવું હૃદય દુનિયાને બદલતા શીખવે છે.તમારી પાસે કેટલું તેજ મગજ છે તેનાથી કોઈ ફરક નથી પડતો, જો તમારી દાનત સાફ નથી તો એ મગજ તમારો જ વિનાશ કરશે.

બુદ્ધિશાળી હોવું પૂરતું નથી, પણ બુદ્ધિમાન હોવું જરૂરી છે. શકુનિની બુદ્ધિ પાસાં પર આધારિત હતી જે નસીબ રમે છે, જ્યારે કૃષ્ણની બુદ્ધિ 'કર્મ' પર આધારિત હતી જે ભાગ્ય બદલે છે. આપણે નક્કી કરવાનું છે કે આપણે આપણા જીવનના રથના સારથિ કોને બનાવવા છે છળ કપટના પ્રતીક શકુનિને કે ધર્મના માર્ગદર્શક શ્રીકૃષ્ણને?

દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

---

**લોકાર્પણ** સીટી બસ સેવામાં મુસાફરી કરતી મહિલાઓ અને વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી

# પાલનપુર શહેરને શિવરાત્રિના દિવસે સિટી બસોનું ઓપનિંગ : સિટી બસ લોકાર્પણ

## બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરને મુખ્યમંત્રી શહેરી બસ સેવાનો લાભ મળ્યો છે

• બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરને મુખ્યમંત્રી શહેરી બસ સેવાનો લાભ મળ્યો છે લગભગ 15 વર્ષના લાંબા વિરામ બાદ પાલનપુર શહેરમાં ફરી એકવાર સીટી બસ સેવા શરૂ કરવામાં આવી છે.શહેરના વધતા ટ્રાફિક, પરિવહન સમસ્યા અને નાગરિકોની લાંબા સમયથી રહેલી માંગને ધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.શરૂઆતના તબક્કામાં પાલનપુર શહેરમાં કુલ 9 સીટી બસો 6 અલગ-અલગ રૂટ પર દોડશે, જેનાથી શહેરના મુખ્ય વિસ્તારોને સીધો લાભ મળશે.

પાલનપુર શહેરમાં શરૂ થયેલી મુખ્યમંત્રી શહેરી સેવા બસ અંતર્ગત એરોમા સર્કલ,સુવર્ણભૂમિ નગરપાલિકા વિસ્તાર, દિલ્હી ગેટ સહિત શહેરના મહત્વપૂર્ણ વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે.શહેરના આશરે 7 કિલોમીટર ત્રિજ્યા વિસ્તારમાં આવતાં વિસ્તારોને સીધી સીટી બસ સેવાનો લાભ મળશે. યુ આ મહત્વપૂર્ણ સીટી બસ સેવાનો લોકાર્પણ કાર્યક્રમ રાજ્યસભા સાંસદ મયંક નાયક અને પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકર ના હસ્તે કરવામાં આવ્યો હતો.જ્યાં




મોટી સંખ્યામાં નગરજનો, વિદ્યાર્થીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.સીટી બસ સેવાના લોકાર્પણ પ્રસંગે લોક પ્રતિનિધિઓ દ્વારા બસોને લીલી ઝંડી આપી રવાના કરવામાં આવી. કાર્યક્રમ દરમિયાન શહેરના વિકાસમાં પરિવહન વ્યવસ્થાની ભૂમિકા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.આ સીટી બસ સેવા ખાસ કરીને મહિલાઓ અને વિદ્યાર્થીઓ માટે રાહતરૂપ સાબિત થવાની છે. પાલનપુર શહેરની મહિલાઓ માટે આ સીટી બસ સેવા એક સપ્તાહ સુધી સંપૂર્ણપણે મફત રાખવામાં આવી છે.સાથે સાથે બોર્ડની પરીક્ષાઓ આપી રહેલા વિદ્યાર્થીઓ માટે પણ આ સીટી બસ સેવા નિઃશુલ્ક ઉપલબ્ધ રહેશે.

સીટી બસ સેવામાં મુસાફરી કરતી મહિલાઓ અને વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી.સસ્તી, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરી મળતા નાગરિકોએ સરકાર અને નગરપાલિકાનો આભાર વ્યક્ત કર્યો.શહેરના વધતા ટ્રાફિક, ખાનગી વાહનોની ભીડ અને પરિવહન સમસ્યાનો મોટો ઉકેલ તરીકે આ સીટી બસ સેવાને જોવામાં આવી રહી છે.આ સેવાથી માત્ર ટ્રાફિકનો ભાર ઓછો થશે એટલું જ નહીં પરંતુ પર્યાવરણને પણ ફાયદો થશે અને સામાન્ય નાગરિકોને સરળ પરિવહન મળશે.

સીટી બસ સેવા શરૂ થતાં પાલનપુરના નાગરિકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.લાંબા સમય બાદ શરૂ થયેલી આ સેવાએ શહેરના પરિવહન વ્યવસ્થાને નવી દિશા આપી છે.કુલ મળીને જોવામાં આવે તો 15 વર્ષ બાદ શરૂ થયેલી પાલનપુર સીટી બસ સેવા શહેરના વિકાસ, સુવિધા અને જનહિત તરફનું એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહી છે.આ સેવા આવનારા દિવસોમાં પાલનપુર શહેરની ઓળખ બનશે તેવી આશા નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે. સીટી બસના ચાલકો સીટ બેલ્ટ પહેર્યા વિના જ સીટી બસ ચલાવવાની કરી શરૂઆત..

જાગૃત નાગરિકે સીટ બેલ્ટ વિશે પૂછ્યા પછી ચાલકે પહેર્યો સીટ બેલ્ટ.. પ્રથમ દિવસથી બસના ચાલકોએ RTO ના નિયમનો કર્યો ઉલાળીયોનેતાઓની હાજરીમા જ નિયમો નો થયો ઉલાળીયો..

---

જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ તીર્થસ્થાન મહુડીમાં ટ્રસ્ટનો વિવાદ વધ્યો

# 1 ગ્રામ સોનાની ઉચાપત સાબિત થાય તો ટ્રસ્ટમાંથી રાજીનામું ધરીશું: મહુડી જૈન શ્વેતામ્બર સંઘ

**આક્ષેપો સામે મહુડી જૈન શ્વે. મૂ. ટ્રસ્ટ સંઘના જવાબ** ગાંધીનગર જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ તીર્થસ્થાન મહુડીમાં ટ્રસ્ટનો વિવાદ વધુ આગળ ધપ્યો છે

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ તીર્થસ્થાન મહુડીમાં ટ્રસ્ટનો વિવાદ વધુ આગળ ધપ્યો છે. શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ સંઘના 8 ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટ સાથે સંકળાયેલાઓએ તેમના ઉપર લાગવામાં આવેલા વિવિધ આરોપોને ફગાવ્યા હતા. આ સાથે તેમણે એમ પણ ઉમેર્યું કે, મનઘડત આક્ષેપ કરનારા સામે તેઓ બદનક્ષીનો દાવો માંડશે.

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ સંઘના 8 ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટ સાથે સંકળાયેલા મહેતા, વોરા અને શાહ પરિવારના પ્રતિનિધિઓએ આજે અમદાવાદ ખાતે જણાવ્યું કે, 'પાસા હેઠળ 19 માસની સજા ભોગવી ચૂકેલા અંકિત



શ્રેણિકભાઈ મહેતા તથા જયેશ મહેતાને તેમના ગુનાઈત ઈતિહાસને પગલે ગયા વર્ષે મહુડી સંઘના સામાન્ય સભ્યપદેથી બરતરફ કરવામાં હતા. આમ છતાં તેઓ પોતે ટ્રસ્ટી અથવા સભ્ય હોવાનું ખોટું પ્રતિનિધિત્વ આપી, ભક્તોને ગેરમાર્ગે દોરી ટ્રસ્ટની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ કરે છે.'

ટ્રસ્ટ ઉપર લગાવવામાં આવેલા 65 કિલો સોનાની હેરાફેરીના આરોપ અંગે ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, 'મંદિર સુવર્ણીકરણ માટે ખરીદાયેલા સોનાના કાયદેસર ટેક્સપેઈડ બિલ ઉપલબ્ધ છે. આ ઉપરાંત વર્ષ 2017થી 2025 સુધીના ઓડિટેડ રિપોર્ટ્સમાં તેની નોંધ કરવામાં આવી છે. લેબોરેટરી ટેસ્ટિંગ રિપોર્ટ્સ અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, લેબ ટેસ્ટ દ્વારા સોનાની ગુણવત્તા નિર્ધારિત થાય છે, વજન નહીં. ટ્રસ્ટના લોકર ખોલવા માટે ત્રણ અલગ-અલગ ટ્રસ્ટીઓ પાસે રહેલી ચાવીઓ જરૂરી છે અને કોઈ એક વ્યક્તિથી લોકર ખુલવાની શક્યતા જ નથી. ટ્રસ્ટ અથવા કોઈ ટ્રસ્ટી દ્વારા 1 ગ્રામ સોનાની પણ ઉચાપત અથવા ગેરવહીવટ સબિત થાય તો તેઓ ટ્રસ્ટના તમામ હોદ્દા પરથી રાજીનામું આપવા તૈયાર છે.હાલના ટ્રસ્ટીઓની ગેરકાયદે નિયુક્તિના આક્ષેપમાં જણાવ્યું કે, '2002થી 2020 સુધી દર 3 વર્ષે થયેલી નિયુક્તિઓના દસ્તાવેજી પુરાવા છે. જેમાં અંકિત મહેતા અને જયેશ મહેતાની સમર્થનરૂપ સહી છે.'

અમદાવાદમાં મકાન ખરીદી મુદ્દે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, 'જૈન સાધુ-સાધ્વીજીઓના વિહાર, ગોચરી અને આરામ માટેની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ટ્રસ્ટના નામે જ સંપત્તિ ખરીદાઈ છે.તેનો ઉપયોગ માત્ર ધાર્મિક તથા ટ્રસ્ટ સંબધિક કાર્ય માટે થાય છે. કોઈ ટ્રસ્ટી કે તેમના પરિવારજન દ્વારા વ્યક્તિગત ઉપયોગ કરાયો નથી' 2023માં મહુડી તીર્થ ખાતે ભંડારમાંથી ચોરી કરતા નિલેશ મહેતા-સુનિલ મહેતા સીસીટીવીમાં ઝડપાયા હતા. જે અંકિત મહેતા અને જયેશ મહેતાના કુટુંબીજન હોવાનું જણાવાયું. આ બંને વ્યક્તિને ટ્રસ્ટ દ્વારા તાત્કાલિક અસરથી દૂર કરાયા હતા. આ કાર્યવાહીનો બદલો લેવા માટે જ હાલના પાયાવિહોણા આરોપ લગાવાઈ રહ્યા છે.

---

કલોલ નજીક રબ્બર ફેક્ટરીમાં લાગી ભીષણ આગ

# આગની ઘટનામાં કરોડોની મશીનરી બળી, ધુમાડાના ગોટેગોટા દેખાયા

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મોટી ભોંયણ ગામની સીમમાં આવેલી એક રબ્બર ફેક્ટરીમાં આજરોજ વહેલી સવારે આગ ફાટી નીકળી હતી. ત્યારે રબ્બરનો જથ્થો હોવાને કારણે આ આગ ઝડપથી પ્રસરી ગઈ હતી, જેના કારણે આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આ આગ રબ્બર ઉત્પાદન એકમમાં લાગી હતી. રબ્બર અત્યંત જ્વલનશીલ પદાર્થ હોવાથી આગ મિનિટોમાં આખી ફેક્ટરીમાં ફેલાઈ ગઈ હતી. ફેક્ટરીમાં રહેલી કરોડો રૂપિયાની મશીનરી અને કાચો માલ આગમાં બળીને ખાખ થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં જ કલોલ ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. આગની તીવ્રતા જોતા આસપાસના અન્ય ફાયર સ્ટેશનોની પણ મદદ લેવામાં આવી હતી. ફાયર ફાઈટરો દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા



હતા.આ દુર્ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, આગનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ અને એફએસએલની મદદ લેવામાં આવશે જણાવવામાં આવ્યું હતું.

---

# ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, જન કલ્યાણ સેવા ટ્રસ્ટ, રાજપીપલા તથા નર્મદા સાહિત્ય સંગમ ના ઉપક્રમે રાજપીપલા ખાતેમાતૃભાષા દિવસ ની ઉજવણી થશે

• રાજપીપલા, તા 15

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, જન કલ્યાણ સેવા ટ્રસ્ટ, રાજપીપલા તથાનર્મદા સાહિત્ય સંગમ અને સરકારી બીએડ કૉલેજ, રાજપીપલાના સંયુક્ત ઉપક્રમેમાતૃભાષા સપ્તાહ અંતર્ગત માતૃભાષામહોત્સવ-2026નું આયોજન રાજપીપલા ખાતે સરકારી બી.એડ્. કૉલેજ, હરસિદ્ધિ મંદિર સામે, રાજપીપળા ખાતે તા. 17/2/26,ના રોજ 11 ક્લાકે \ 'મળી માતૃભાષા મને ગુજરાતી 'વિષય ઉપર વ્યાખ્યાન યોજાશે. જેમાં વક્તા તરીકે\ જાણીતા સાહિત્ય કાર, વિજ્ઞાન લેખક અનેપ્રમુખ, નર્મદા સાહિત્ય સંગમનાદીપક જગતાપ તથા શ્રી એસ.એમ. શાહ વિદ્યામંદિર, સાવલીના શિક્ષક અને કવિ ઘનશ્યામ કુબાવત નું વ્યાખ્યાન યોજાશે.આ પ્રસંગેડૉ. ભાગ્યેશ જહા,અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગરની પ્રેરણાથી મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી મંજુલાબેન ચૌધરી પ્રાચાર્યા, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનરાજપીપલા તથા અતિથિવિશેષ પદેશ્રીમતી જ્યોતિ જગતાપપ્રમુખ, જન કલ્યાણ સેવા ટ્રસ્ટ અને કાર્યક્રમના સંયોજક ઉપસ્થિત રહેશે. માતૃભાષાનું મહિમાગાન કાર્યક્રમમાં માતૃભાષા ગૌરવ અંગેની પ્રતિજ્ઞા તથાઆ સાથે મારા હસ્તાક્ષર, મારી ભાષાના બેનર તાલીમાર્થી વિદ્યાર્થીઓ સહીત મહેમાનો માતૃભાષામાં હસ્તાક્ષર અભિયાન માં જોડાશે. આ પ્રસંગેઆ સાથે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહા સાહેબનો શુભેચ્છા સંદેશ વિડિઓદ્વારા પ્રસ્તુત કરાશેજયારે બીજે દિવસે તા 18/2/26ના રોજ માતૃભાષા અંગે વ્યાખ્યાન કાર્યક્રમ જય અંબે ગૃપ ઑફ સ્કૂલ્સ, રાજપીપળાખાતેમળી માતૃભાષા મને ગુજરાતીઆવો કરીએ માતૃભાષાનું મહિમાગાન કાર્યક્રમમાંમુખ્ય અતિથિ તરીકેશ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલપ્રમુખ, રાજપીપલા નગરપાલિકાતથા અતિથિ વિશેષ પદે મહેશભાઈ આહીર,જય અંબે

---

# દહેગામ પોલીસે કેબલ ચોરી કરતા બે આરોપી ઝડપી ચોરીનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો



• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા પોલીસે ખેતરોમાંથી કેબલ ચોરી કરતા બે આરોપીઓની ધરપકડ કરી છે. જિલ્લા પોલીસ વડાની સૂચનાથી મિલકત સંબંધી ગુનાઓ અંકુશમાં લેવા દહેગામ પોલીસ એક્શન મોડમાં આવી હતી. પોલીસે ચોરીનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે.જિલ્લા પોલીસ અધિક્ષક અને મદદનીશ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ દહેગામ પીઆઈ એમ.એન. દેસાઈ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન તેમને ચોક્કસ બાતમી મળી હતી કે બે શંકાસ્પદ શખ્સો ચોરીના ઈરાદે ફરી રહ્યા છે.પોલીસે રાકેશભાઈ દંતાણી અને બંસી પરમારને ઝડપી પાડ્યા હતા. કડક પૂછપરછમાં બંને આરોપીઓએ ગુનાની કબૂલાત કરી હતી.તેઓએ સ્વીકાર્યું હતું કે છેલ્લા પાંચ દિવસમાં તેઓએ દહેગામ-ચિલોડા રોડ પર આવેલા એક ખેતરમાંથી કેબલની ચોરી કરી હતી.

---

આનંદીબેન પટેલે બનાસકાંઠામાં બનાસ ડેરીના વિવિધ પ્લાન્ટ્સની મુલાકાત લીધી

# દૂધથી લઈને બાયો-સીએનજી સુધી રાજ્યપાલએ બનાસ મોડેલની સર્વાંગી વિકાસયાત્રાને બિરદાવી

સહકારથી સમૃદ્ધિ અભિયાન અંતર્ગત ઉત્તર પ્રદેશના રાજ્યપાલ મતી આનંદીબેન પટેલે આજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તેમજ વાવ-થરાદ વિસ્તાર ખાતે આવેલ બનાસ ડેરીના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. તેઓ સવારે પાલનપુર સ્થિત બનાસ ડેરી પ્લાન્ટ ખાતે પહોંચ્યા હતા. પ્રવાસની શરૂઆતમાં રાજ્યપાલએ બનાસ ડેરી કેમ્પસમાં આવેલા દુધેશ્વર મહાદેવ મંદિરે દર્શન કર્યા હતા. ત્યારબાદ, ડેરીના બોર્ડ રૂમમાં બનાસ ડેરીની કામગીરી, વિકાસલક્ષી પહેલો અને સહકારી માળખાની સફળતા અંગે પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, ગુજરાત



તથા ઉત્તર પ્રદેશની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા. રાજ્યપાલએ ચીઝ પ્લાન્ટ, યુએચટી પ્લાન્ટ તથા વ્હી પ્લાન્ટની મુલાકાત લઈ ઉત્પાદન પ્રક્રિયાની માહિતી મેળવી હતી.આ પ્રસંગે રાજ્યપાલ મતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, બનાસ ડેરીનું સહકારી મોડેલ આજે દેશ માટે ગૌરવ સમાન છે. બનાસના પશુપાલકોએ દૂધ ઉત્પાદન સાથે સાથે વિવિધ વ્યવસાયો ઉભા કરીને આત્મનિર્ભરતા તરફ મક્કમ પગલું ભર્યું છે. ખાસ કરીને મહિલાઓના સશક્તિકરણમાં બનાસ ડેરીએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે, નવીન વિચાર અને કંઈક કરી બતાવવાની ભાવના સાથે કરેલી મહેનત ચોક્કસ સફળતા અપાવે છે. તેમણે જણાવ્યું કે, બનાસની ધરા પરથી એ સંકલ્પ લઈએ કે, ઉત્તર પ્રદેશમાં પણ શ્વેત ક્રાંતિ થકી યુવા વર્ગને આગળ વધારીને તેમને આત્મનિર્ભર બનાવીએ.રાજ્યપાલએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ સુધીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા માટે યુવા શક્તિને આગળ લાવવી જરૂરી છે. રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓને યોગ્ય દિશા દર્શન કરવાનું કામ યુનિવર્સિટીઓએ કરવું જોઈએ.

# થરાદ,ચોગડા મુકામે પાંચ પટ્ટી ચૌધરી સમાજનું મહાસંમેલન

## કુરિવાજોને તિલાંજલિ, સાદગી અને વ્યસનમુક્ત સમાજ તરફ ઐતિહાસિક પગલું




વાવ-થરાદ તાલુકા પ્રતિનિધિઃ ચોગડા મુકામે પાંચ પટ્ટી ચૌધરી સમાજનું ભવ્ય મહાસંમેલન યોજાયું હતું. સમાજમાં વ્યાપી રહેલા કુરિવાજો અને આડંબર સામે એકમતથી અવાજ ઉઠાવી સમાજબંધુઓએ પ્રગતિશીલ માર્ગ અપનાવવાનો સંકલ્પ કર્યો હતો. સંમેલનમાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત સમાજજનોએ ઐતિહાસિક ઠરાવો પસાર કર્યા હતા.

મહાસંમેલનમાં હવેથી લગ્ન પ્રસંગોમાં થતા બિનજરૂરી ભપકા, ખોટા દેખાડા અને આડંબર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવાયો હતો. ભોજન સમારંભોમાં મર્યાદિત વાનગીઓ સાથે સાદગી જાળવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આગેવાનોના જણાવ્યા મુજબ આ નિર્ણયથી સમાજમાં આર્થિક બોજ ઓછો થશે અને સમાનતાની ભાવના મજબૂત બનશે.યુવાધનને વ્યસનમુક્ત બનાવવા નશીલા દ્રવ્યોના સેવન સામે કડક વલણ અપનાવવાનો પણ ઠરાવ કરવામાં આવ્યો હતો. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવાની જોગવાઈ વિચારાધીન હોવાનું જણાવાયું હતું.

આ પ્રસંગે શિકારપુર ગાદી પતિ દયારામજી મહારાજ અને પૂર્વ ધારાસભ્ય માવજીભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, સમાજના ભવિષ્ય અને આવનારી પેઢીના હિત માટે લેવાયેલા આ નિર્ણયો સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવશે.કાર્યક્રમના અંતે વડીલો અને યુવાઓએ સાથે મળી નવા સામાજિક બંધારણનું પાલન કરવાની શપથવિધિ લીધી હતી. સમાજની એકતા અને પ્રગતિ માટે લેવાયેલા આ પગલાને ઉપસ્થિત લોકોએ વધાવ્યો હતો.

બ્યુરો રિપોર્ટ દશરથભાઈ ઠાકોર વાવ થરાદ...

# સાયણ-ગોથાણ રોડની એક રેસીડેન્સીના ઘરની બાલ્કનીમાંથી પાર્કિંગમાં પટકાયેલા વૃદ્ધનું મોત

• ઓલપાડ,તા.૧૫

સાયણ ગામે ભક્તિધારા રેસીડેન્સીના બિલ્ડીંગ નં.ઈ-૩ માં બાલુભાઈ પુનાભાઈ રાઠોડ (ઉ.વ.૭૦) નામના વૃદ્ધ રહેતા હતાં. આ વૃદ્ધ ગત શનિવાર,તા.૧૪ ના રોજ બપોરે-૩:૩૦ કલાકના સુમારે ઘરની બાલ્કનીમાં હતાં,ત્યારે અચાનક પગ લપસી જતા તેઓ ઘરની બાલ્કનીમાંથી રેસીડેન્સીના પાર્કિંગમાં નીચે જમીન ઉપર પટકાયા હતાં. જેથી તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી સારવાર માટે સાયણ ખાતેની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતાં.જ્યાં ફરજ પરના ડોકટરે વૃદ્ધના તપાસી મૃત જાહેર કર્યો હતો આ બાબતે દેલાડ ગામે ગોખલે કોલોનીમાં રહેતી .

લેખક :દીપક જગતાપ

### વિશ્વમાં સૌથી વધુ બોલાતી પ્રથમ 25 ભાષામાં ગુજરાતી ભાષાનું સ્થાન 24મું છે

# વિશ્વ ગુજરાતી ભાષા દિવસ અને ગુજરાતી સાહિત્યના પાયાના રચનાકાર કવિ નર્મદનું ભાષા સાહિત્ય

## નર્મદના જન્મદિવસને વિશ્વ ગુજરાતી ભાષા દિવસ તરીકે ગૌરવભેર ઉજવે છે.



**સાહિત્ય જગત**

લેખક: દીપક જગતાપ

વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં ગુજરાતીનું આગવું સ્થાનગુજરાતી તરીકે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે વિશ્વમાં સૌથી વધુ બોલાતી પ્રથમ 25 ભાષામાં ગુજરાતી ભાષાનું સ્થાન 24મું છે.વિશ્વમાં સૌથી વધુ મેન્ડેરિન ભાષા ચીનમાં બોલાય છે. બીજા નંબર સ્પેનિશ અને ત્રીજા નંબરે અંગ્રેજી અને ચોથા નંબરે હિન્દી આવે છે. બંગાળી પાંચમાં ક્રમે, મરાઠી દસમાં ક્રમે છે. વિશ્વમાં 5 કરોડ 64 લાખથી વધુ લોકો ગુજરાતી ભાષા ગૌરવ સાથે બોલે છે.

મુંબઈના શેરબજારની સત્તાવાર ભાષા ગુજરાતી હતી. દેશના બંધારણની કલમ 8 મુજબ ગુજરાતી ભાષાને માન્યતા આપવામાં આવી છે. ગુજરાતી ભાષા દેશની પ્રથમ 30 ભાષાઓમાં સ્થાન ધરાવે છે. જ્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારતમાં આવી ત્યારે બ્રિટિશરો માટે કંપનીને ગુજરાતી ભાષાના જાણકાર રાખવાનું મહત્ત્વ હતું. આજે ચીનની બેઈજિંગ યુનિવર્સિટીએ બે વર્ષનો ગુજરાતી ભાષાનો કોર્સ શરૂ કર્યો છે.'ગુજરાત' વિશેષણ તરીકે, ગુજરાતી સંસ્કૃત શબ્દ 'ગુજરાત' અને પ્રાકૃત શબ્દ 'ગુજરાત' પરથી આવ્યો છે. પાષાણ યુગથી લઈને સલ્તનતકાળ સુધી ગુજરાતી ભાષા વૈભવી બની, તે સમયે ગુજરાતના 366 રાજ્યોમાં ગુજરાતી ગૂંજતી હતી.આજે જ્યારે અંગ્રેજીનું મહત્ત્વ વધી રહ્યું છે ત્યારે આપણી આવનારી પેઢીમાં ગુજરાતી ભાષા પ્રત્યેની કદર કેળવવી ખૂબ જ જરૂરી છે. ઓસ્ટ્રેલિયામાં રહેતા ગુજરાતીઓ તેમના બાળકોને ગુજરાતી શીખવા મોકલે છે. ઘણી ભાષાઓ જાણવી સારી છે, પરંતુ માતૃભાષા જાણવી જોઈએ.બાળકોને ગુજરાતી બોલવા અને વાંચવા દો. ભાષા તેના ઉપયોગ દ્વારા ટકી રહે છે. માણસ પોતાની માતૃભાષામાં વિચારે છે, સપના જુએ છે અને ત્યારે જ તે બીજી ભાષામાં પરિવર્તિત થાય છે. અંતે એટલું જ કે "જ્યાં ગુજરાતી છે ત્યાં સદાકાળ ગુજરાત." ચાલો તેને સાર્થક કરીએ.

એક સમયે ગુજરાતના 366 રજવાડાઓમાં ગુંજતી ગુજરાતી ભાષાએ 21મી સદીમાં સીમાડા વટાવી ચુકી છે. સમૃદ્ધ ગુજરાતી ભાષા જ્યાં જ્યાં એક એક ગુજરાતી વસે ત્યાં ત્યાં એટલે કે દેશ વિદેશમાં ગુંજી રહી છે.

તાડપત્રીમાં લખાતી ગુજરાતી ભાષા ઈન્ટરનેટના યુગમાં મોબાઈલ સુધી એટલે કે દરેક હાથ સુધી સરળતાથી પહોંચી તો ગઈ પરંતુ ગુજરાતની ભાષાને બચાવવા અનેક પડકારો છે જેમે જેમ ઈન્ટરનેટનું વર્ચસ્વ વધી રહ્યું છે તેમ તેમ ગુજરાતી ભાષા ઓછી બોલાઈ રહી છે. આજકાલ અંગ્રેજી ભાષાનું મહત્વ ખૂબ વધી ગયું છે.એટલે એક પછી એક ઘરમાં અંગ્રેજીનો સારો એવો પગપેસારો થઈ રહ્યો છે. ગુજરાતી માતા-પિતા પણ તેમના સંતાનને અંગ્રેજી મીડિયમમાં ભણાવવા માંગે છે.હાલ વિશ્વ પ્રસિદ્ધ ગુજરાતી ભાષાને જીવાડવાની નવી પેઢીમાં ગુજરાતી ભાષા પ્રત્યે પ્રેમ જગાડવાની ખૂબ જરૂર છે. ભાષાનું સંવર્ધન અને જતનની જવાબદારી કોઈ એક વ્યક્તિ કે સરકારની નહી પરંતુ સમગ્ર સમાજની છે. તો આવો ભાષાનું મહત્વ સમજીએ અને તેને વિશ્વ ફલક પર પહોંચાડીએ.આજે જ્યારે ગુજરાતીઓના ઘરોમાં અંગ્રેજીનું મહત્વ વધી ગયું છે ત્યારે બાળકોમાં માતૃભાષા ગુજરાતી પ્રત્યે પ્રેમ કેળવવો જરૂરી છે.\ તમામ ગુજરાતીઓ ગુજરાતના પ્રખ્યાત કવિ નર્મદના જન્મદિવસને વિશ્વ ગુજરાતી ભાષા દિવસ તરીકે ગૌરવભેર ઉજવે છે.નર્મદ અનેક રીતે ગુજરાતી સાહિત્યના પાયાના રચનાકાર હતા.વિશ્વની સૌથી વધુ માતૃભાષકો ધરાવતી ૩૦ ભાષામાં ગુજરાતી ભાષાનું ૨૩મું સ્થાન છે. ગુજરાતની અસ્મિતાનું બીજું નામ ગુજરાતી ભાષા છે.ગુજરાતમાં સમાજ સુધારક કવિ વીર નર્મદના જન્મદિવસ 24 ઓગષ્ટને વિશ્વ ગુજરાતી ભાષા દિવસના રૂપે ઉજવવામાં આવે છે. કવિ નર્મદાશંકર લાલશંકર દવે નો જન્મ 24 ઓગસ્ટ 1833 ના રોજ સુરતમાં થયો હતો


તેઓ ધર્માંધતા અને ધાર્મિક અસહિષ્ણુતાના વિરોધીહતા.એકરાષ્ટ્ર,સ્વરાજઅનેરાષ્ટ્રભાષાનો વિચાર કરનાર તેઓ પ્રથમ હતા. ગોંડલના કવિઓ નર્મદ અને ભગવાનસિંહજીએ ગુજરાતીને સમૃદ્ધ બનાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. તેમણે ગુજરાતી શબ્દકોશ વિકસાવવામાં વર્ષો વિતાવ્યા. 1850માં તેઓ આધુનિક ગુજરાતી ભાષાના પ્રણેતા હતા. જેમાં તેમની સાથે દલપતરામ, પ્રેમાનંદ, કાન્ત, કાલેલકર ગોવર્ધનરામ ત્રિપાઠી, કલાપી, કે.એમ. મુનશી જેવા પ્રખર ગુજરાતી શબ્દોકારોએ ગુજરાતી ભાષાને નવું સ્વરૂપ આપ્યું હતું. સોલંકી કાળના એક હજાર વર્ષ પહેલાં અને પછી, ગુજરાતી ભાષામાં સાહિત્યનું નિર્માણ થયું, ભગવદ ગીતા અને રામાયણનો સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અનુવાદ.

### સાયણ સુગર રોડની થરમોકોલ ફેક્ટરીમાં આગ ભભૂકતા લાખો રૂપિયાના નુકસાન નો અંદાજ

# ફેક્ટરીની મશીનરી,થરમોકો,વજન કાંટો, વાયરીંગ સહિતનો સામાન બળીને ખાખ

**ના નુકસાન** કામરેજ ફાયર સ્ટેશનની આવેલ બે ટીમના જવાનોએ આગને કાબુમાં લેતા અન્ય ફેક્ટરીના માલિકો અને લોકોએ રાહતનો દમ લીધો

• ઓલપાડ,તા.૧૫



સાયણ સુગર રોડ ઉપર આવેલ થરમોકોલમાંથી દાણા બનાવવાની ફેક્ટરીમાં શનિવારે સાંજના સુમારે ભભૂકેલી આગ દુર્ઘટનામાં ફેક્ટરી માલિકનો લાખો રૂપિયાનો સામાન સ્વાહા થઈ ગયો હોવાનો અંદાજ સેવાઈ રહ્યો છે.જો કે આગ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ ન થવાથી સ્થાનિકો અને સરકારી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

સાયણ સુગર રોડ ઉપર કૃષ્ણ કૃપા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૨ ના પ્લોટ નં-૧૪/૧૫ ના રમણ કમ્પાઉન્ડમાં ની 'ઢીંગલી પોલીમર'નામની થરમોકોલમાંથી દાણા બનાવવાની ફેક્ટરી આવેલી છે. ફેક્ટરી માલિક અજય ચોક્સીના સુરત શહેરમાં રહેતા અજય મનહરલાલ ચોકસીના પરિવાર બનેવીનું અવસાન થતા આ પરિવાર

આજે શનિવાર,તા. ૧૪ ના રોજ સદ્દગતના બેસણામાં જતા ફેક્ટરી બંધ હતી. આ ફેક્ટરીમાં શનિવારે સાંજના સુમારે કોઈ અગમ્ય કારણોસર અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જે આગની જ્વાળાએ ફેક્ટરીમાં સંગ્રહ કરેલ થરમોકોલ સામાન,દાણા, વજન કાંટો, મશીનરી સહિત વાયરીંગને લપેટમાં લેતા આગમાં બળીને ખાખ થઈ ગયો હતો.જો કે આગ દુર્ઘટનાથી ફાયર વિભાગમાં કોલ કરાતા કામરેજથી ફાયર બ્રિગેડના વિજય ટંડેલનો સ્ટાફ બે ફાયર બંબા સાથે

ઘટના સ્થળે આવ્યા હતાં અને મહામુસીબતે આગને હોલવી કાબુમાં લીધી હતી. જયારે આગની જાણ થતા પોલીસ તંત્ર પણ દોડતું થઈ ગયું હતું અને ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ કાબુમાં લીધી હતી.જયારે આગ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ ન થવાથી સ્થાનિક લોકો અને અન્ય ફેક્ટરી માલિકોએ રાહતનો દમ લીધો હતો.

જો કે ફેક્ટરીમાં આગ લાગ્યાની જાણ થતા મોડી સાંજે ફેક્ટરી માલિક અજય ચોક્સીનો નાના ભાઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતાં અને આગ દુર્ઘટનાથી ફેક્ટરીને થયેલ નુકસાન મામલે સરવે કરાવવાની કામગીરી હાથ ધરી હતી.ફેક્ટરીની દેખરેખ રાખતા કામ કરતા નાથુભાઈએ કહ્યું હતું કે,નુકસાની સરવે થયા બાદ અમો પોલીસ મથકમાં આગ દુર્ઘટનાથી નુકસાનની ફરીયાદ નોંધાવવા તજવીજ હાથ ધરીશું.

# સાયણ આઉટ પોલીસ ચોકીના પીએસઆઈ ડી.બી.દેસાઈનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન

## સાયણ ટાઉન માંથી જુદા-જુદા બે ગુનાઓમાં ગાંજાનો જથ્થો ઝડપી કુલ ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતાં

• ઓલપાડ,તા.૧૫




ઓલપાડ પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.બી. દેસાઈની પોલીસ ફરજ દરમ્યાનની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાએ તેમને સન્માનપત્ર એનાયત કર્યુ છે.જે

સન્માન બદલ ઓલપાડ પોલીસ બેડા સહિત તેમના શુભેચ્છકોએ આનંદની લહેર સાથે અભિનંદન પાઠવ્યા છે.ઓલપાડ પોલીસ મથકના કાર્યક્ષેત્રની સાયણ આ.પો. ચોકીમાં ડી.બી. દેસાઈ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. તેમણે પોતાની ફરજ દરમ્યાન ગતતા.૨૨/૧૧/૨૦૨૫ નાં રોજ સાયણ ટાઉનમાં રાંદલ માતા મંદિર વિસ્તારના ગોલ્ડન એપાર્ટમેન્ટના ફલેટ નં. ૨૧૧ માંથી ૩.૭૪૨ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો, જેની કિ.રૂ. ૧,૮૭,૧૦૦ સાથે કુલ રૂ.૧,૯૨,૧૨૦ નો મુદ્દામાલ અને બે આરોપીઓને દબોચી લીધા હતાં. આ ઉપરાંત ગત તા.૨૬-૦૧-૨૦૨૬નાં રોજ સાયણ ગામની સીમમાં મિશ્રાજી કિરાણા સ્ટોર નામની દુકાનમાંથી ૨.૨૨૪ કિ.ગ્રા.ગાંજાનો જથ્થો,જેની કિ.રૂ. ૧,૧૧,૨૦૦ સાથે કુલ રૂ.૧,૨૩,૨૦૦ નો મુદ્દામાલ અને બે આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. આ બંન્ને ગુનાહિત કેસમાં ઓલપાડ પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. પીએસઆઈ ડી.બી.દેસાઈએ આ બંન્ને ગુનાઓ કુનેહપૂર્વક શોધવા બદલ તેમને જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ ગત તા.૧૪ ના રોજ સન્માનપત્ર એનાયત કરી તેમનું સન્માન કરી તેઓ ભવિષ્યમાં પણ ખંત,નિષ્ઠા અને ઉત્સાહ-ઉમંગ સાથે ઉત્કૃષ્ટ કામગીરી કરી પોલીસ વિભાગનું ગૌરવ વધારતા રહે તેવી અપેક્ષા સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# હાથીજણમાં પાર્કિંગના ઝઘડાની અદાવત રાખી સોસાયટીમાં જઈ હુમલો, 6ની ધરપકડ

• અમદાવાદ1

અમદાવાદના હાથીજણ વિસ્તારમાં ધર્મવાટિકા સોસાયટીમાં સ્થાનિક લોકો ઉપર સોસાયટીના જ વ્યક્તિ દ્વારા માણસો બોલાવીને મારામારી કરવામાં આવી હોવાની ઘટના બની હતી. કાળા કલરની નંબર પ્લેટ વિનાની કારમાં આવીને પાંચથી છ જેટલા શખસો દ્વારા સોસાયટીના રહીશને માર મારવામાં આવ્યો હતો. મારામારીની ઘટના સોસાયટીના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. આ મામલે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેના પગલે પોલીસે 6 આરોપીની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, શહેરના હાથીજણ વિસ્તારમાં પોલીસનો અને કાયદાનો કોઈ ડર ન હોય તેમ જાહેરમાં નંબર પ્લેટ વિનાની ગાડીમાં આવી ના સ્થાનિક લોકો પર મારામારીની ઘટના બની છે. હાથીજણની ધર્મવાટિકા સોસાયટીમાં દ્રશ્ય ગોસ્વામી નામનો યુવક તેના પરિવાર સાથે રહે છે. 14 જાન્યુઆરીના રોજ સોસાયટીમાં પાર્કિંગ બાબતે બોલાચાલી થઈ હતી, જે ઝઘડાની અદાવત રાખી ગઈકાલે (14 ફેબ્રુઆરી) બપોરના સમયે દ્રશ્ય ગોસ્વામી અને અન્ય લોકો દ્વારા કાળા કલરની નંબર પ્લેટ વિનાની ગાડીમાં આવ્યા હતા અને સોસાયટીના રહીશ પર હુમલો કર્યો હતો. 6 જેટલા શખ્સો દ્વારા સોસાયટીના રહીશને માર મારવામાં આવ્યો હતો. સોસાયટીના ટોળેટોળાં પણ ભેગા થઈ ગયા હતા. ઘટનાને પગલે સોસાયટીના રહેવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો.દ્રશ્ય ગોસ્વામી અને તેની સાથેના આવેલા અન્ય લોકો મારામારી કરીને ફરાર થઈ ગયા હતા. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા વિવેકાનંદ નગર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. સોસાયટીના સભ્યોએ વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં દ્રશ્ય ગોસ્વામી અને તેના સાગરીતો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. ગણતરીના કલાકોમાં 6 આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

# કપડવંજ તાલુકામાં આવેલું કાશીપુરા ગામ શિવમય બન્યું



ખાસ કરીને વાત કરીએ તો કપડવંજ તાલુકાના કાશીપુરા ગામ ખાતે સતત ત્રીજા વર્ષે શ્રી મેલડી માં (માડી) ના ગામ ખાતે માડી પરિવાર તરફથી રુદ્રાભિષેક યજ્ઞ સાથે નવચંડી ની ધામધૂમથી પૂડા સુધી કરવામાં આવી જેમાં આજુબાજુ ગામના ૫ મો ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું.. ખૂબ જ નાના પરિવારમાં જન્મેલા સેવક..રમેશભાઈ પંચાલ દ્વારા વર્ષોથી માતાજીની સેવા અર્ચના થકી માતાજીની પધરામણી થઈ છે ત્યારે રવિવારે મંગળવારે આજુબાજુના દુખિયારા ભક્તો માતાજીના દર્શન અર્થે આવે છે અને પોતાની યથાશક્તિ માનતાઓ લઈને જાય છે અને માનતાઓ થી કામ પૂરા થતા માતાજીના દર્શને આવે છે શ્રદ્ધાને વિશ્વાસ હોય ત્યાં પુરાવાની જરૂર હોતી નથી તેવુ આ ધાર્મિક સ્થળ લોકોની આસ્થા બની રહ્યું છે આસો મહિનાની નવરાત્રીમાં પણ નવચંડીનું આયોજન કરવામાં આવે છે ત્યારે ભક્તોમાં અનેરો આનંદ છવાયેલો જોવા મળે છે.

### ડભારી ગામના ધર્મેશ પટેલનું તથા કારેલી ગામ નજીક મધ્યપ્રદેશના શ્રમિક વિકાસ ડાવરનું ઘટના સ્થળે પ્રાણ પંખીડું ઉડી ગયું

# ઓલપાડ તાલુકામાં વાહન અકસ્માતની જુદી- જુદી ઘટનામાં બે ના કરૂણ મોત

• ઓલપાડ,તા.૧૫

ઓલપાડ તાલુકામાં શનિવાર, તા.૧૫ ના રોજ સર્જાયેલ વાહન અકસ્માતની ઘટનામાં બંન્ને બાઈક ચાલકોના ઘટના સ્થળે કરૂણ મોત થયા હતાં. અકસ્માત મોતની પ્રથમ ઘટનામાં સુરત શહેરના ડભોલી વિસ્તારમાં શ્રીનાથ એપાર્ટમેન્ટના ફલેટ નં.૩૦૨ માં રહેતો

ઓલપાડ તાલુકા ના ડભારી ગામનો વતની ધર્મેશ દયાળભાઈ પટેલ (ઉ.વ.૪૨) ગત શનિવાર,તા.૧૪ ના રોજ સાંજના સુમારે ડભારી દરિયા ખાતેના ખોડીયાર માતાના મંદિરે માતાજીની આરતીમાં ભાગ લેવા ગયો હતો.તે આરતી પૂર્ણ કરી મોડી સાંજે પોતાની મો.સા.નં:જીજે-૦૫,યુ.એચ-૨૯૮૪ હંકારી ઘરે પરત આવવા નીકળ્યો હતો.તે જયારે મોડી સાંજે-૭:૩૦ કલાકના સુમારે અરીયાણાથી સુરત જતા રોડ ઉપર અરીયાણા ગામ નજીકથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે ત્યાં રોડની ડાબી બાજુની સાઈડમાં પાર્ક કરેલ ટ્રક નં:જીજે-૦૧,કે. ટી-૩૮૧૫ ન દેખાતા તે ટ્રકની પાછળ બાઈક સાથે ભટકાયો હતો.જેથી સર્જાયેલા અકસ્માતમાં ધર્મેશ બાઈક સાથે રોડ ઉપર પટકાતા તેને માથામાં કપાળના ભાગે ગંભીર ઈજા થવાથી તેનું ઘટના સ્થળે પ્રાણપંખીડું ઉડી ગયું હતું.આ બાબતે મૃતકના સાઢુભાઈ અંકુર દલપતભાઈ પટેલે ઓલપાડ પોલીસને ટ્રક ચાલક વિરૂધ્ધ ફરીયાદ કરી હતી કે,ટ્રકના ચાલકે પોતાના કબ્જાનું વાહન રોડની સાઈડમાં કોઈને અડચણરૂપ બને તે રીતે પાર્કિંગ લાઈટ ચાલુ કર્યા વિના ભયજનક રીતે

પાર્ક કરેલ હોવાથી અકસ્માત મોતની ઘટના બની છે. જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હે.કો.પ્રવિણ નાનુ કરી રહ્યા છે.

જયારે અકસ્માત મોતની બીજી ઘટનામાં મુળ મધ્યપ્રદેશ રાજ્યનો શ્રમિક વિકાસ બચલા ડાવર(ઉ.વ.૨૧)હાલમાં ઓલપાડ તાલુકાના કીમ ટાઉનમાં રહી મજુરી કામ કરતો હતો.વિકાસ ગત શનિવાર,તા.૧૪ ના રોજ રાત્રીના સુમારે

પોતાની મો.સા.નં: એમપી-૬૯,એમ.ડી-૧૫૫૬ હંકારી સાયણથી કીમ તરફ રોડ ઉપર જઈ રહ્યો હતો.તે જયારે રાત્રે-૮:૧૦ કલાકના સુમારે કારેલી ગામની સીમમાં વૃંદાવન હોમ્સની સામેથી પસાર થઈ રહ્યો હતો,ત્યારે રોડ ઉપર પુરઝડપે દોડતા એક અજાણ્યા વાહન ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી

વિકાસની બાઈકને ટક્કર મારતા તે બાઈકનું આગળનું વ્હીલ છૂટું પડી જતા તે રોડ ઉપર પટકાયો હતો. જેથી સર્જાયેલા અકસ્માતમાં વિકાસના કપાળના જમણા ભાગે તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થવાથી તેનું ઘટના સ્થળે કરૂણ મોત થયું હતું.જો કે અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જાતા ઘટના સ્થળેથી ભાગી છૂટ્યો હતો.

### 6 ગુના નોંધાતા 5 જિલ્લામાંથી તડીપાર કરાયો

# માથા ફરેલા નાગા સાધુ શિવગીરીને હાઈકોર્ટથી રાહત નહીં:શિવરાત્રિએ જૂનાગઢમાં નહીં જઈ શકે

**સાધુ સામે 2018થી 2026 સુધીમાં ભવનાથ પોલીસ મથકે કુલ 6 ગુના નોંધાયેલા છે, તેનો વીડિયો સામે આવતા જૂનાગઢ વહીવટી તંત્ર દ્વારા તેનો ગેરકાયદેસર આશ્રમ તોડી પાડવામાં આવ્યો હતો**

શિવરાત્રિને લઈને જૂનાગઢના ભવનાથમાં 5 દિવસીય મેળાનું આયોજન થાય છે, જેમાં શિવરાત્રિની રાત્રે નાગા સાધુઓને મૃગીકુંડમાં નાહવાનો મહિમા છે. પરંતુ સાધુઓમાં કેટલાક માથા ફરેલ અને વિચિત્ર હરકતો કરતા તેમનો ભોગ અન્ય સાધુઓ અને સામાન્ય પ્રજા બનતી હોય છે. તાજેતરમાં જ ગિરનારના મેળામાં એક નાગા સાધુએ ઉત્પાત મચાવતા પોતાના પાલતુ વાનર વડે શ્રદ્ધાળુઓને બચકા ભરાવ્યા હતા અને હેરાન કર્યા હતા. ગત જાન્યુઆરી મહિનાના અંતમાં નાગા સાધુ શિવગીરીએ જાહેરમાં તલવાર લહેરાવીને સામાન્ય નાગરિકોને ફટકાર્યા હતા.

આ સાધુ સામે 2018થી 2026 સુધીમાં ભવનાથ પોલીસ મથકે કુલ 6 ગુના નોંધાયેલા છે, તેનો વીડિયો સામે આવતા જૂનાગઢ વહીવટી તંત્ર દ્વારા તેનો ગેરકાયદેસર આશ્રમ તોડી પાડવામાં આવ્યો હતો. જેમાંથી 50 જેટલા ઘાતક હથિયારો મળી આવ્યા હતા. ત્યારે ઓથોરિટીએ તેને જાન્યુઆરી મહિનાના અંતમાં જ ફક્ત જૂનાગઢ જિલ્લામાંથી જ નહીં, પરંતુ તેની આસપાસ આવેલા રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી અને પોરબંદર જિલ્લામાંથી પણ તડીપાર કર્યો હતો.શિવરાત્રિના દિવસે તેને જૂનાગઢમાં ઉપસ્થિત રહેવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં તેને જણાવ્યું હતું કે, વર્ષમાં ફક્ત એક વખત શિવરાત્રિમાં સાધુને ભવનાથમાં ઉપસ્થિત રહેવું જરૂરી છે. વર્ષમાં એક જ દિવસ તેના માટે મહત્વનો છે. જેથી હાઈકોર્ટે કહ્યું હતું કે, તેને આચરેલા કૃત્યો કરતા પહેલા પરિણામ વિશે તેને વિચારવું જોઈતું હતું. જો કે, તેના વકીલે જણાવ્યું હતું કે, તડીપારનો નિર્ણય યોગ્ય નથી. તેની સામે 2018થી 2026 દરમિયાન નોંધાયેલા 6 કેસમાંથી 3 કેસમાં તે નિર્દોષ છૂટ્યો છે. તડીપાર માટે તેને નોટિસ 28, જાન્યુઆરીએ આપીને 29, જાન્યુઆરીએ સુનાવણી કરી દેવાઈ હતી. તેની ઉપર બાકીના જે ત્રણ કેસ બચ્યા છે તે સામાન્ય ઈજા કરવાના છે.અરજદાર નાગા સાધુ દર વર્ષે શિવરાત્રિના મેળામાં સવા લાખ રુદ્રાક્ષ ધારણ કરી જૂનાગઢમાં તપ કરે છે. કોર્ટ મેરીટ ઉપર તેઓને સાંભળે. તડીપારના હુકમ વિરુદ્ધ અપીલ કરાતા તેમને 17, ફેબ્રુઆરીની તારીખ આપવામાં આવી છે. જેથી હાઈકોર્ટે કહ્યું હતું કે, તંત્ર ઈચ્છી રહ્યું છે કે અરજદાર નાગા સાધુ શિવગીરીના કૃત્યોને જોતા શિવરાત્રિના મેળામાં તે જૂનાગઢમાં હાજર રહે નહીં. આ નિર્ણય તેના વર્તન પરથી લેવામાં આવ્યો છે. તે જ્યાં હોય ત્યાં રહીને જ ભગવાનની ભક્તિ કરે, હાઈકોર્ટે તેને શિવરાત્રિ પૂરતો પણ રાહત આપવાનો ઈનકાર કરીને વધુ સુનાવણી આગામી સમયમાં રાખી છે.



**• સંક્ષીપ્ત સમાચાર**

### 24 મીટર રોડ પરના જે પ્લોટમાં ઓડિટોરિયમ બનાવાનું હતું તે પૂર્વ ધારાસભ્યને આપી દીધો

• અમદાવાદ

ન્યૂ રાણીપ વિસ્તારમાં એકબીજા સાથે જોડાયેલા બે પ્લોટ પૈકી એક પ્લોટ બિલ્ડર એવા પૂર્વ ધારાસભ્ય અરવિંદ દલાલનો હતો, જ્યારે બીજા પ્લોટ પર ઓડિટોરિયમ બનાવાનું હતું. અરવિંદ દલાલે તેમના પ્લોટ પર રેસિડેન્શિયલ સ્કીમ બનાવવા ઓફિસ પણ ઊભી કરી દીધી હતી. ન્યૂ રાણીપ વિસ્તારમાં એકબીજા સાથે જોડાયેલા બે પ્લોટ પૈકી એક પ્લોટ બિલ્ડર એવા પૂર્વ ધારાસભ્ય અરવિંદ દલાલનો હતો, જ્યારે બીજા પ્લોટ પર ઓડિટોરિયમ બનાવાનું હતું. અરવિંદ દલાલે તેમના પ્લોટ પર રેસિડેન્શિયલ સ્કીમ બનાવવા ઓફિસ પણ ઊભી કરી દીધી હતી. ન્યૂ રાણીપમાં 24 મીટર રોડ પરના જે પ્લોટ પર લોકો માટે ઓડિટોરિયમ બનાવાનું આયોજન હતું તે પ્લોટ પૂર્વ ધારાસભ્ય અરવિંદ પટેલ (દલાલ) ની કંપનીને ફાળવી દેવાયો છે.પુરાવો 1: બિલ્ડર એવા ભૂતપૂર્વ ધારાસભ્યે તેમના મૂળ પ્લોટ પર રેસિડેન્શિયલ સ્કીમની ઓફિસ બનાવેલી છે.

### પિતાની મિલકતમાં દીકરીનો દાવો હાઈકોર્ટે ફગાવ્યો

# "હિન્દુ કાયદાના સંયુક્ત કુટુંબ અને જન્મસિદ્ધ અધિકારના ખ્યાલો મુસ્લિમ કાયદામાં લાગૂ પડતા નથી" : હાઈકોર્ટે

**હિન્દુ કાયદાથી વિપરીત, મુસ્લિમ કાયદામાં વારસો ચઢતા ક્રમમાં હોતો નથી**

• અમદાવાદ

પિતાની મિલકતમાં હિસ્સો મેળવવાની મુસ્લિમ મહિલાની અરજી હાઈકોર્ટે ફગાવી દેતાં હાઈકોર્ટે એવું તારણ પ્રસ્તુત કર્યું છે કે, પૈતૃક મિલકત અને જન્મસિદ્ધ અધિકાર મુસ્લિમ કાયદામાં સંપૂર્ણપણે લાગૂ પડતા નથી. આ મામલે હાઈકોર્ટની સિંગલ જજની બેંચે ચુકાદો આપ્યો છે કે, હિન્દુ કાયદામાં વ્યાખ્યાયિત સંયુક્ત કુટુંબ મિલકત વારસાગત મિલકત અને જન્મસિદ્ધ અધિકાર જેવા ખ્યાલો મુસ્લિમ કાયદા હેઠળના વિવાદોમાં લાગુ કરી શકાતા નથી.એક મુસ્લિમ મહિલા દ્વારા કરવામાં આવેલી અપીલમાં નીચલી અદાલત દ્વારા આપવામાં આવેલા વચગાળાના મનાઈ હુકમને રદ કરતાં હાઈકોર્ટે ઉક્ત અવલોકન કર્યું છે. વડોદરામાં સ્થાવર મિલકતોના હિસ્સા અંગે ભાઈ-બહેનો વચ્ચે લાંબા સમયથી ચાલતા કૌટુંબિક વિવાદને લગતા આદેશો સામેની સિવિલ રિવિઝન અરજીઓ અને અપીલોના કેસની સુનાવણી બાદ હાઈકોર્ટે ઉપરોક્ત આદેશ કર્યો હતો.હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે મુસ્લિમ કાયદો નેમો એસ્ટ હેરેસ વિવેન્ટિસ - જીવિત વ્યક્તિનો કોઈ વારસદાર હોતો નથી ના સિદ્ધાંત અથવા લેટિન શબ્દસમૂહને માન્યતા આપે છે. વારસદાર પછી ભલે તે પ્રત્યક્ષ હોય કે સંભવિત, તેને કોઈ વારસાગત અધિકારો નથી કે જેનાથી તે કબજેદાર દ્વારા કરવામાં આવેલા કોઈપણ વેચાણ અથવા ભેટ સામે વાંધો ઉઠાવી શકે. હિન્દુ કાયદાથી વિપરીત, મુસ્લિમ કાયદામાં વારસો ચઢતા ક્રમમાં હોતો નથી.મિલકતને પૂર્વજોની મિલકત તરીકે દાવો કરવા અંગે, વ્યક્તિએ જન્મસિદ્ધ અધિકારનો દાવો કરવો પડે છે તે વિચાર અથવા પ્રથા મુસ્લિમ કાયદાના સિદ્ધાંતો દ્વારા માન્ય નથી. આ વિચાર કે પ્રથા ઈસ્લામિક કાયદાના સિદ્ધાંતો દ્વારા માન્ય નથી. મુસ્લિમ કાયદા અનુસાર, કોઈ વ્યક્તિ બીજા વ્યક્તિના વારસામાં તેના મૃત્યુ પછી જ ભાગ લઈ શકે છે. જેના અધિકારો અલગ અને વિશિષ્ટ છે અને જે વ્યક્તિનો તે વારસદાર છે તેના મૃત્યુ પછી તરત જ ઉદ્ભવે છે.હાઈકોર્ટે આદેશમાં એમ પણ ઠરાવ્યું છે કે સંપત્તિ કે મિલ્કતના કિસ્સામાં મુસ્લિમ જન્મથી કોઈ હકનો દાવો કરી શકતા નથી, જેમ કે હિન્દુ લોકો કરી શકે છે. મુસ્લિમ પરિવારના સભ્યો વચ્ચેનો સંબંધ હિન્દુ પરિવારના સભ્યો કરતા અલગ છે. મુસ્લિમ પક્ષકારો વચ્ચેના કેસોનો નિર્ણય લેતી વખતે સંયુક્ત કુટુંબ, સંયુક્ત કુટુંબની મિલકત અથવા સંયુક્ત કુટુંબ ભંડોળ અંગે હિન્દુ કાયદાની ધારણાને સંપૂર્ણપણે ભૂલી જવી પડે.આમ, પૂર્વજોની મિલકતનો ખ્યાલ મુસ્લિમ કાયદાના સિદ્ધાંતથી સંપૂર્ણપણે અજાણ છે કારણ કે, મુસ્લિમ કાયદો જન્મથી અધિકારને માન્યતા આપતો નથી,



### મહામંત્રી બનવા દર્શક ઠાકરનું દિલ્હી સુધી લોબિંગ:નિકોલમાં પાટીદારોનું શક્તિ પ્રદર્શન ગૌતમ કથીરિયાને ફળ્યું, અમદાવાદ શહેર ભાજપ સંગઠનનું એનાલિસિસ


• અમદાવાદ

જેની ઘણા સમયથી રાહ જોવાતી હતી તે અમદાવાદ શહેર ભાજપ સંગઠનની 14 ફેબ્રુઆરીએ જાહેરાત થઈ ગઈ. 3 મહામંત્રી, 8 ઉપપ્રમુખ અને 8 મંત્રી સહિત કુલ 49 હોદ્દેદારોને નવા માળખામાં સ્થાન મળ્યું છે.શહેર ભાજપ સંગઠનમાં જૂના હોદ્દેદારો ફાવી ગયા છે. એમાં પણ દર્શક ઠાકર તો મહામંત્રી બનવા માટે છેક દિલ્હી અને ગાંધીનગર સુધી લોબિંગ કરી આવ્યા હોવાનું ચર્ચાય છે. તો નિકોલમાં પાટીદારોનું શક્તિ પ્રદર્શન ગૌતમ કથીરિયાને ફળ્યું હોય તેવું પણ સાંભળ્યું છે. તો આવો અમદાવાદ શહેર ભાજપ સંગઠનનું એનાલિસિસ કરીએ. રાજ્યના વિવિધ શહેરો અને જિલ્લાઓના સંગઠનની જાહેરાત ભાજપ દ્વારા કરવામાં આવી રહી છે આજે 14 ફેબ્રુઆરીએ અમદાવાદ શહેર ભાજપ સંગઠન ટીમની જાહેરાત પ્રમુખ પ્રેરક શાહ દ્વારા કરવામાં આવી છે. સંગઠનની જાહેરાતમાં તમામ જ્ઞાતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રમુખ બાદ મુખ્ય હોદ્દામાં મહામંત્રી પદ આવે છે, જેમાં બ્રાહ્મણ, લેઉવા પાટીદાર અને ઓબીસી સમાજના નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર લોકસભામાંથી યુવા નેતા તરીકે દર્શક ઠાકરને મહામંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. પૂર્વ લોકસભામાંથી અનુભવી તરીકે ગૌતમ કથીરિયા અને પશ્ચિમ લોકસભામાંથી જશુભાઈ ઠાકોરને જવાબદારી સોંપાઈ છે.અમદાવાદ શહેર ભાજપ સંગઠનમાં સ્થાન મેળવવા માટે અનેક નેતાઓ અને હોદ્દેદારો દ્વારા લોબિંગ કરવામાં આવ્યું હતું. ભાજપ સંગઠનમાં ઉપપ્રમુખ તરીકે રહી ચૂકેલા અને હવે મહામંત્રીનું પદ મેળવેલા દર્શક ઠાકર દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રીથી લઈને ગાંધીનગર સુધી લોબિંગ કરવામાં આવ્યું હતું. મહામંત્રી તરીકેનું પદ મેળવવા કેટલાક નેતાઓ દ્વારા પણ તેમના નામની ભલામણ કરવામાં આવી હતી. પદ મેળવવા માટે લોબિંગ કર્યા બાદ તેમને સફળતા મળી છે.

### ગમે તે થાય લઈશું તો શોર્ટકટ..!

## હિલ્લોક હોટલના કટ બાદ ગરનાળા આગળ થાંભલા, કાર ચાલકોએ ઝુંડાલ બ્રિજ નીચેથી જવાનું શરૂ કર્યું

• અમદાવાદ



અમદાવાદના સરદાર પટેલ રિંગ રોડ પર વૈષ્ણોદેવી-ઝુંડાલ વિસ્તારમાં હોટલ હિલ્લોક પાસેનો ડિવાઈડર કટ બંધ થતાં ફોર-વ્હીલર ચાલકોએ ત્રણ કિલોમીટરનો લાંબો ફેરો ટાળવા ઝુંડાલ બ્રિજ નીચેના પાર્કિંગ કટમાંથી રોંગ સાઈડમાં અવરજવર શરૂ કરી દીધી છે, જેના કારણે બ્રિજ નીચે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ રહી છે અને અકસ્માતનું જોખમ ખુલ્લું આમંત્રણ બની ગયું છે.

ઔડા-મ્યુનિસિપલ કોર્પોરેશને નાના ગરનાળામાં માત્ર ટુ-વ્હીલર પસાર થઈ શકે એવી વ્યવસ્થા ગોઠવી દીધી છે અને થાંભલા લગાવી દેવામાં આવ્યા છે, પરંતુ ફોર-વ્હીલર ચાલકો માટે ઝુંડાલ સર્કલ સુધીનો ફરજિયાત ફેરો ટાળવા રોંગ સાઈડમાં પસાર થવાનું વલણ વધતાં પીક અવર્સમાં જામ અને અકસ્માતની શક્યતા વધી રહી છે, જેને લઈને સ્થાનિકો અહીં ટ્રાફિક પોલીસની સતત હાજરી રાખવાની માંગ કરી રહ્યા છે.

ચાંદખેડા જતા વાહન ચાલકો 3 KM ફરવાને બદલે શોર્ટકટ લેતા ગરનાળામાં જામની સ્થિતિ સર્જાતી હતીઅમદાવાદના સરદાર પટેલ રિંગ રોડ પર વૈષ્ણોદેવી-ઝુંડાલ વિસ્તારમાં હોટલ હિલ્લોક પાસેનો ડિવાઈડર કટ બંધ કરાયા બાદ ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા મ્યુનિસિપલ કોર્પોરેશન અને ઔડાએ નાના ગરનાળામાંથી માત્ર ટુ-વ્હીલર પસાર થઈ શકે એવી વ્યવસ્થા ગોઠવી દીધી છે. સ્થાનિકોની ઉગ્ર રજૂઆત અને સિગ્નેચર કેમ્પેઈન બાદ આ પગલું ભરવામાં આવ્યું હતું. 'હોટલ હિલ્લોક પાસેનો કટ નરહરી અમીને બંધ કરાવ્યો', રિંગ રોડ પર ચાંદખેડા જતા ચાલકોએ 3 KM ફરવાને બદલે શોર્ટકટ લેતા ગરનાળામાં જામની સ્થિતિ

હાલ ઔડા-મ્યુનિસિપલ કોર્પોરેશને હોટલ હિલ્લોક પાસેના નાના ગરનાળાની વચ્ચે થાંભલા લગાવી દેવામાં આવ્યા છે, જેના કારણે ટુ-વ્હીલર ચાલકો આરામથી ગરનાળામાંથી પસાર થઈ શકે છે અને સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ તથા નજીકની દુકાનોમાં જવા-આવવા માટે સુવિધા થઈ છે, પરંતુ ગરનાળાની સુરક્ષા અને મજબૂતી અંગે ઔડા દ્વારા કોઈ નિર્ણાયક પગલું લેવામાં આવ્યું નથી.

### અમદાવાદ-વડોદરા એક્સપ્રેસવે થશે 6 લેન:NHAIએ DPR માટે ટેન્ડર જાહેર કર્યું, ટ્રાફિક નિયંત્રિત કરવા માટે મોટું પગલું

• અમદાવાદ

ગુજરાતની સૌથી વ્યસ્ત અને મહત્વપૂર્ણ માર્ગસુવિધા ગણાતી અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે (NE-1)ને 6 લેન સુધી વિસ્તૃત કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. નેશનલ હાઈ-વે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ એક્સપ્રેસવેના વિસ્તરણ માટે ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવા કન્સલ્ટન્સી ફર્મ નીમવા ટેન્ડર બહાર પાડ્યું છે. 12 ફેબ્રુઆરી, 2026ના રોજ નવી દિલ્હીમાં NHAI મુખ્યાલય તરફથી બહાર પાડવામાં આવેલા ટેન્ડર અનુસાર DPR 0.000 કિમીથી 93.302 કિમી સુધીના સંપૂર્ણ 93.302 કિમીના માર્ગ માટે તૈયાર કરવામાં આવશે. હાલ આ એક્સપ્રેસવે પર બંને બાજુ બે-બે લેન અને સર્વિસ લેન ઉપલબ્ધ છે.

NHAIના જાહેર શેડ્યૂલ મુજબ, ટેન્ડર સંબંધિત પ્રશ્નો 3 માર્ચ, 2026 સુધી પુછાઈ શકશે. 4 માર્ચે પ્રી-બિડ મિટિંગ યોજાશે, જ્યારે ટેન્ડર ડાઉનલોડ અને સબમિટ કરવાની છેલ્લી તારીખ 14 માર્ચ, 2026 સવારે 11 વાગ્યા સુધી રાખવામાં આવી છે. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે વર્ષ 2004માં Atal Bihari Vajpayeeના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલા Golden Quadrilateral પ્રોજેક્ટ હેઠળ ખુલ્લો મુકાયો હતો. આ દેશનો પ્રથમ 4-લેન એક્સપ્રેસવે ગણાય છે. આ માર્ગ અમદાવાદ, નડિયાદ, આણંદ અને વડોદરાને જોડતો મહત્વપૂર્ણ કોરિડોર છે. આ માર્ગ શરૂ થતાં અમદાવાદથી વડોદરા વચ્ચેનો મુસાફરી સમય લગભગ 2.5 કલાકથી ઘટીને અંદાજે 1 કલાક થશે.

### પ્લાસ્ટિકના ગોડાઉન અને ઉત્પાદકો સામે લાલ આંખ નહી

## અમદાવાદના ફેરિયા-વેપારીઓને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ માટે 1000થી 3,000નો દંડ કરવાની તૈયારી

• અમદાવાદ



સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પણ શાકભાજી અને ફ્રુટ બજાર સહિતની જગ્યા ઉપર પ્લાસ્ટિકની થેલીઓ પર અસરકારક પ્રતિબંધ લાવવા માટે આદેશ કર્યો છે જેના પગલે અમદાવાદ શહેરમાં હવે પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓ રાખનાર ફેરિયાઓ-વેપારીઓની સામે દંડની કાર્યવાહી કરવામાં આવશે જેના માટેની રકમ નક્કી કરવામાં આવી છે. પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગના ભંગ બદલ પ્રથમ વખત રૂ .1000, બીજી વખત રૂ. 3000 અને ત્રીજી વખત રૂ. 5000નો દંડ ફટકારવામાં આવશે. દુકાનને સીલ કરવા સુધીની પણ કાર્યવાહી કરવામાં આવશે. દંડની રકમ નક્કી કરવા અંગેની દરખાસ્ત સોમવારે મળનારી સોલીડ વેસ્ટ કમિટીમાં મૂકવામાં આવી છે. રાજયમાં વિવિધ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ સહિતના મુદ્દે દાખલ કરાયેલી જાહેર હિતની રિટ અરજી બાબતે ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરાયેલ મહત્વનાં સૂચન મુજબ શાકભાજી બજાર અને ફ્રુટ બજાર સહિતના વિક્રેતાઓ પર પ્લાસ્ટિકની થેલીઓ પર અસરકારક પ્રતિબંધ લાદવા અને તેના બદલે કપડાની થેલીની પ્રથા અમલમાં લાવવા આદેશ કરવામાં આવ્યો છે.

પ્લાસ્ટિકની થેલીઓ પર અસરકારક પ્રતિબંધ લાદવા અને તેના બદલે કપડાની થેલીની પ્રથા અમલમાં લાવવા આદેશ કરવામાં આવ્યો જે અંતર્ગત અમદાવાદને પ્રતિબંધીત પ્લાસ્ટીક ફ્રી સિટી કરવા શહેરમાં વિવિધ સ્થળોએ આવેલા શાકભાજી માર્કેટ તથા ફ્રુટ માર્કેટમાં તથા અન્યત્ર ધંધો-વેપાર કરતા તમામ ફેરિયાઓ અને ધંધાર્થીઓને પ્લાસ્ટીક વેસ્ટ રૂલ્સ-2016 અંતર્ગત 120 માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટીકની થેલીઓ કે 60 Grams Per Square Meter (GSM)થી ઓછી જાડાઈની નોન-વુવન કેરી બેગનો વપરાશ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ બાબતે કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ અંગેની કડક અમલવારી કરાવવા અને નિયમનો ભંગ કરતાં ફેરિયાઓ અને ધંધાર્થીઓને પ્રથમ વખતનાં ભંગનાં કિસ્સામાં રૂ. 1000, બીજી વખતનો કિસ્સામાં રૂ. 3000 અને ત્રીજી વખતનાં અને ત્યારબાદનાં કિસ્સામાં રૂ.5000ની રકમ પેનલ્ટી પેટે વસૂલ કરવામાં આવશે.ઝોન - સબઝોન વોર્ડ કક્ષાએથી અમલવારી કરવા તથા તે અંગે જરૂરી તમામ કાર્યવાહી કરવા સહિતની સત્તા મ્યુનિસિપલ કમિશનરને સોંપવા સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી માટેની દરખાસ્ત સોમવારે મળનારી સોલીડ વેસ્ટ કમિટીની બેઠકમાં લાવવામાં આવી છે, જેને મંજૂરી મળ્યા બાદ આગામી મહિનાથી દંડ વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવી શકે છે.16 લાખથી વધુ કાપડની થેલીઓનું વિતરણ શહેરીજનોને કરવામાં આવ્યું.


## ગુજરાત સ્ટેટ કમિશનનો ક્રાંતિકારી ચુકાદો:નિરક્ષર, વિધવા પશુપાલક મહિલાને વીમાકૃત ભેંસના મૃત્યુ બદલ 8% વ્યાજ સાથે વળતર અને 20,000 ખર્ચ આપવા વીમા કંપનીને આદેશ

• અમદાવાદ

ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશને એક ગ્રામ્ય વિસ્તારની નિરક્ષર, વિધવા પશુપાલક મહિલાને ન્યાય આપતો ગ્રાહકલક્ષી અને ગુણવત્તાલક્ષી ચુકાદો આપ્યો છે. સોજીત્રા તાલુકાના જનકબેન એચ. મહિડાએ અમૂલ ડેરીમાં દૂધ ભરીને ગુજરાન ચલાવતી વખતે નેશનલ ઈન્સ્યોરન્સ કંપનીમાં 38,000ની કેટર ઈન્સ્યોરન્સ પોલિસી લીધી હતી. વીમાકૃત ભેંસનું અચાનક ચકરી આવતાં મૃત્યુ થયું હતું, પરંતુ મૃત્યુ સમયે કાનમાં ટેગ (કડી) ન હોવાને કારણે વીમા કંપનીએ દાવો નકાર્યો હતો. આણંદ જિલ્લા ગ્રાહક કમિશને પણ પશુની ઓળખ સાબિત ન થતી હોવાનું કહીને ફરિયાદ રદ કરી હતી.

જનકબેને ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખ મારફતે ગુજરાત રાજ્ય કમિશનમાં અપીલ કરી હતી. ઈન્ચાર્જ પ્રમુખ આઈ. ડી. પટેલ અને મેમ્બર ડો. જે. જી. મેકવાને ફરિયાદીની દલીલો ગ્રાહ્ય રાખીને આણંદ જિલ્લા કમિશનના તા. 19.01.2017ના હુકમને રદબાતલ ઠરાવ્યો છે. કમિશને ઠરાવ્યું છે કે, ભેંસનું મૃત્યુ તા. 16.12.2015ના રોજ વહેલી સવારે થયું હતું અને આગલા દિવસે કાનની કડી નીકળી ગઈ હતી. ફરિયાદીએ તાત્કાલિક બેંકને જાણ કરી ફ્રેશ એરટેગ મેળવ્યું હતું, પરંતુ નવી કડી રીફિક્સ કરવાનો સમય ન મળ્યો. મૃત્યુ સમયે ટેગ ન હોવા છતાં એનિમલ હેલ્થ સર્ટિફિકેટ, દૂધ ઉત્પાદક સોસાયટીના સર્ટિફિકેટ અને અન્ય દસ્તાવેજી પુરાવાઓથી ભેંસની ઓળખ સાબિત થાય છે.

કમિશને વધુમાં ઉલ્લેખ કર્યો છે કે, ફરિયાદી ગ્રામ્ય વિસ્તારની નિરક્ષર અને વિધવા મહિલા છે, જેનું પરિવારનું ભરણપોષણ ભેંસના દૂધ પર નિર્ભર છે. આણંદ જિલ્લા કમિશને કેસની હકીકતો અને પુરાવાઓને ધ્યાનમાં લીધા વિના ફરિયાદ રદ કરી હતી. કમિશને નેશનલ ઈન્સ્યોરન્સ કંપનીને રૂ. 38,000ની વીમા રકમ વાર્ષિક 8 ટકા વ્યાજ સાથે તેમજ અલગથી રૂ. 20,000ના ખર્ચા ચૂકવવા આદેશ આપ્યો છે. ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે આ ચુકાદાને ગ્રાહકલક્ષી અને ગુણવત્તાલક્ષી તરીકે યાદગાર તથા ક્રાંતિકારી ગણાવ્યો છે. તેમણે જણાવ્યું કે, 10 વર્ષની કાનૂની લડત બાદ આણંદ જિલ્લાની એક ગરીબ, નિરક્ષર, વિધવા પશુપાલક મહિલાને આખરે ન્યાય મળ્યો છે.



### મહિલા વકીલને અભદ્ર શબ્દો કહ્યા અને ધમકી આપી

## પોલીસે આરોપીને ઝડપી મેટ્રો કોર્ટમાં રજૂ કરતા આરોપી પર વકીલોનો ટપલી દાવ

• અમદાવાદ

આ સંદર્ભે પોલીસે કાર્યવાહી કરીને આરોપીને ઝડપી પાડ્યો હતો અને તેને મેટ્રો કોર્ટમાં રજૂ કર્યો હતો. તે સમયે મેટ્રો કોર્ટમાં રજાના દિવસે પણ મોટા પાય વકીલો હાજર રહ્યા હતા આરોપી આવતા જ પોલીસ તેને સાચવીને કોર્ટમાં ઉપસ્થિત કરવા જઈ રહી હતી. કોર્ટ પેસેજમાં જ આરોપી પર વકીલોએ ટપલી દાવ કર્યો હતો. આરોપીએ જામીન મૂક્યા હતા. જોકે, તેને રેગ્યુલર કોર્ટ સમક્ષ સાંભળવામાં આવશે, અત્યારે તેને જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.મહિલા વકીલે આરોપીને પહેલા આનંદ નગર પોલીસ સ્ટેશને નોંધાયેલા ગુનામાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાંથી જામીન કરાવી આપ્યા હતા. જે સંદર્ભે અસીલ મહિલા વકીલના સંપર્કમાં આવ્યો હતો. તેણે સિંધુભવન રોડ ખાતે ડ્રીંક એન્ડ ડ્રાઈવના કેસમાં જામીન મેળવવા માટે મહિલા વકીલનો સંપર્ક કર્યો હતો પરંતુ, તેમની તબિયત સારી ન હોવાથી તેમને બીજા વકીલનો નંબર આપ્યો હતો. આરોપીએ તેમછતાં વારંવાર તેમને અજાણ્યા નંબરોથી ફોન કરીને અભદ્ર શબ્દો બોલીને ધમકી આપી હતી.

### રિવાઈવલ 31 અને વોટ ફોર રોયલ સત્યમેવ જયતેના નારા લાગ્યા

# BCAની ચૂંટણીમાં મતદાન શરૂ, ડૉક્ટર - પૂર્વ ક્રિકેટર વચ્ચે ટક્કર:મોટી સંખ્યામાં મેમ્બર્સ મતદાન માટે પહોંચ્યા

## રિવાઈવલ ગ્રૂપના પ્રમુખ પદના ઉમેદવાર કિરણ મોરે એ જણાવ્યું હતું કે, આજનો માહોલ ખૂબ જ સરસ છે. હું તમામ સભ્યોનો આભાર માનવા માંગુ છું

• વડોદરા

આજે બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણી માટે મતદાન શરૂ થઈ ગયું છે. મતદાન માટે શરૂઆતથી જ ભીડ જામી છે. ચૂંટણીમાં વડોદરા શહેરના જાણીતા ડોક્ટર દર્શાન બેંકર અને પૂર્વ ક્રિકેટર કિરણ મોરે વચ્ચે ટક્કર થઈ રહી છે. વડોદરાના મહારાજા સમરજિતસિંહ ગાયકવાડના રોયલ ગ્રુપે સત્યમેવ જયતે ગ્રુપ સાથે ગઠબંધન કર્યું છે અને તેઓ રિવાઈવલ ગ્રૂપ સામે ચૂંટણી લડી રહ્યા છે. આ સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે, પરંતુ હાઈકોર્ટના આદેશને પગલે આજે મતગણતરી નહીં થાય, 17 તારીખે કોર્ટમાં સુનાવણી બાદ મતગણતરી ક્યારે થશે, એની તારીખ નક્કી થશે. મતદાન સ્થળ પર રિવાઈવલ ગ્રૂપ દ્વારા રિવાઈવલ 31ના નારા લગાવવામાં આવ્યા હતા, જ્યારે રોયલ સત્યમેવ જયતે ગ્રુપ દ્વારા વોટ ફોર રોયલસત્યમેવજયતેના નારા લગાવવામાં આવ્યા હતા.

રિવાઈવલ ગ્રૂપના પ્રમુખ પદના ઉમેદવાર કિરણ મોરે એ જણાવ્યું હતું કે, આજનો માહોલ ખૂબ જ સરસ છે. હું તમામ સભ્યોનો આભાર માનવા માંગુ છું કે તેઓ આટલી મોટી સંખ્યામાં મતદાન કરવા અને પોતાનો નિર્ણય આપવા માટે આવ્યા છે. તે ખરેખર ખૂબ જ સારી વાત છે. કોઈપણ સંસ્થામાં સભ્યોનો વિશ્વાસ જીતવો સૌથી મહત્વનો હોય છે. સભ્યો જાણે છે કે અમારા ગ્રુપ 'રિવાઈવલ 31' એ ભૂતકાળમાં કેવું કામ કર્યું છે. તેમના વિશ્વાસને કારણે જ આજે આટલી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે. આજે ભારત-પાકિસ્તાન મેચ છે અને મને પૂરો વિશ્વાસ છે કે ભારતનો જ વિજય થશે. આ ટી-20 ફોર્મેટ છે અને આપણું પલ્લું ચોક્કસપણે ભારે છે. મને ખાતરી છે કે ભારતીય ટીમ આજની જીત સાથે આગળ વધશે.રોયલ સત્યમેવ જયતે ગ્રુપના પ્રમુખ પદના ઉમેદવાર ડૉ દર્શન બેંકર એ જણાવ્યું હતું કે, સૌ પ્રથમ તો બધા જ ઉમેદવારોને મારી શુભેચ્છાઓ. હું તમામ મતદારોને વિનંતી કરું છું કે તમે વહેલી તકે આવો અને તમારો કિંમતી વોટ આપો. જલ્દી આવો અને વોટ કરો. અમારી જીત પાકી છે. આ વખતે પરિવર્તન આવવાનું છે. પુનરાવર્તન નહીં, પણ પરિવર્તન આવશે.રિવાઈવલ ગ્રૂપના અગ્રણી પ્રણવ અમીને જણાવ્યું હતું કે, અમે હંમેશા સકારાત્મકતા પર જ કામ કર્યું છે અને એ આજે દેખાય પણ છે. અમને ઘણો સપોર્ટ મળી રહ્યો છે. અમારા બધા જ સભ્યો અહીં વોટ આપવા આવ્યા છે. આ પ્રક્રિયા આખો દિવસ ચાલશે અને અમને પૂરો વિશ્વાસ છે કે અમે જ જીતીશું. થોડી ખેંચતાણ તો અહીં થતી રહેશે, પણ બાકી અમને પૂરો વિશ્વાસ છે. મતદારો અમારી સાથે છે, તેમનો સપોર્ટ પણ અમારી સાથે જ છે, એટલે મને નથી લાગતું કે જીતવામાં કોઈ વાંધો આવે.



**• સંક્ષીપ્ત સમાચાર**

### કેનેડામાં રહેતા પતિએ મોરબીની યુવતીનો બે-બે વખત ગર્ભપાત કરાવડાવ્યો

રાજકોટ

દીકરાની લાલચમાં કેનેડાના PR ધરાવતા ગુજરાતી યુવકે પત્ની સાથે મારકૂટ કરી હેવાનિયતની તમામ હદો પાર કર્યાની ઘટના સામે આવી છે. રાજકોટના ગોંડલ પંથકની મહિલાના લગ્ન 2010માં મોરબીમાં રહેતા યુવક સાથે થયા હતા. આ પછી સંતાનમાં એક દીકરી આવ્યા બાદ બીજા સંતાનમાં દીકરાની લાલચમાં મહિલાના ગર્ભમાં દીકરી છે કે દીકરો એના માટે પતિએ 2018માં ગર્ભપરીક્ષણ કરાવ્યું હતું. બે-બે વખત જબરદસ્તી ગર્ભપાત પણ કરાવ્યો હોવાનો ઉલ્લેખ યુવતીએ ફરિયાદમાં કર્યો છે. એક વખત વાંકાનેરની શ્રદ્ધા હોસ્પિટલ અને બીજી વખત રાજકોટની સિદ્ધિ વિનાયક હોસ્પિટલમાં જબરદસ્તી ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો. આ પછી 2025માં IVF કરાવવા માટે થાઈલેન્ડ બે વખત લઈ જવામાં આવી અને ત્યાં પણ મારકૂટ કરી હતી, જોકે અંતે કંટાળી હિંમત દાખવી મહિલાએ બનાવ અંગે પરિવારને જાણ કરી મોરબી મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ હર્ષદ કડીવાર, સાસુ ચંપાબેન કડીવાર અને જેઠ જિજ્ઞેશ

### મહાશિવરાત્રિ પર્વે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

# વડોદરાના શિવાલયો 'બમ બમ ભોલે'ના નાદથી ગૂંજી ઉઠ્યા, ભક્તોની ભારે ભીડ જામી, લાઈનો લગાવી

## મહાશિવરાત્રિના દિવસે વડોદરા શહેર-જિલ્લાના શિવાલયો 'બમ બમ ભોલે...'ના નાદથી ગૂંજી ઉઠ્યા છે

• વડોદરા

દેવાધિદેવ મહાદેવની આરાધના કરવાના મહાપર્વ મહાશિવરાત્રિના દિવસે વડોદરા શહેર-જિલ્લાના શિવાલયો 'બમ બમ ભોલે...'ના નાદથી ગૂંજી ઉઠ્યા છે અને આસ્થા-ઉલ્લાસપૂર્વક મહાશિવરાત્રિના પર્વની ઉજવણી થઈ રહી છે. મહાદેવને સમગ્ર વર્ષમાં કરેલી શિવપૂજાઓનું જેટલું પુણ્ય હોય તે માત્ર મહાશિવરાત્રિએ શિવપૂજા-દર્શન કરવાથી પ્રાપ્ત થાય છે. વહેલી સવારથી વડોદરા શહેરના મંદિરો 'બમ બમ ભોલે...', 'હર હર મહાદેવ...'ના નાદ સાથે ગૂંજી ઉઠ્યા છે. સવારથી જ શિવાલયો ખાતે દર્શનાર્થે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી.શિવ ઉપાસનાનો મહાપર્વ એટલે કે શિવરાત્રિ... આજે શિવાલયોમાં મહાશિવરાત્રિ હોવાથી હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો છે. ચાર પ્રહરની પૂજા, અભિષેક, શિવમહિમ્ન સ્તોત્ર, ભજન-કિર્તન, સંતવાણી સહિતના ધાર્મિક કાર્યક્રમો ઠેરઠેર યોજવામાં આવ્યા છે. તો શ્રદ્ધાળુઓ ભાંગનો પ્રસાદ લઈને શિવજીની આરાધના પણ કરી રહ્યા છે. મહાશિવરાત્રિ પર્વ ભગવાન શિવના ભકતો મટે અનેરૂ અને અદકેરૂ મહાત્મય ધરાવે છે.શિવજીના ભકતો આ દિવસે ઉપવાસ રાખી ઓમ નમઃ શિવાયના અખંડ પાઠ કરી શિવલિંગ પર બીલીપત્રો ચઢાવી દુધ અને પાણીનો અભિષેક કરી શિવ ઉપાસના દ્વારા ભગવાન શંકરના કૃપાપાત્ર બનવા પ્રયત્ન કરે છે. વડોદરા શહેરના લાલબાગ પાસે આવેલા કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં ભક્તોએ દર્શન માટે લાંબી લાંબી લાઈનો લગાવી છે.પરંપરા અનુસાર વડોદરા શહેરના રણમુક્તેશ્વર મહાદેવ મંદિરથી બપોરે શિવજી કી સવારીનું પ્રસ્થાન થશે. સાંજે સૂરસાગર તળાવ ખાતે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની ઉપસ્થિતિમાં મહાઆરતીનો કાર્યક્રમ યોજાશે. નાથ પરંપરાના નવ મંદિરો કે જે નવનાથ મંદિર તરીકે ઓળખાય છે.



### VMC 200 કરોડનો બ્લ્યુ બોન્ડનો પબ્લિક માટે બહાર પાડશે:સ્ટેન્ડિંગમાં એજન્સીની નિમણૂકની મંજૂરી

• વડોદરા

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાલ સુધીમાં બે વખત બોન્ડ બહાર પાડવામાં આવ્યા છે, જેમાં રોકાણકારોએ અભૂતપૂર્વ ઉત્સાહ બતાવ્યા બાદ આગામી દિવસોમાં હવે નવો પબ્લિક ઈશ્યુ બહાર પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. બ્લ્યુ બોન્ડનો આ પબ્લિક ઈશ્યુ 200 કરોડનો હશે, જેમાં નાના રોકાણકારો પણ ભાગ લઈ શકે તેવું આયોજન છે.મ્યુનિસિપલ બોન્ડ એક પ્રકારનું એવું સાધન છે જે સ્થાનિક સરકારી સંસ્થાઓ, જેમ કે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અથવા અન્ય સ્થાનિક સત્તાવાળાઓ, દ્વારા જાહેર જનતા પાસેથી ભંડોળ એકત્ર કરવા માટે બહાર પાડવામાં આવે છે. આ બોન્ડ ઈશ્યુ કરીને, મહાનગરપાલિકા રોકાણકારો પાસેથી પૈસા ઉધાર લે છે અને તેના બદલામાં રોકાણકારોને નિશ્ચિત વ્યાજ દરે સમયાંતરે વ્યાજ ચૂકવવાનું વચન આપે છે.બોન્ડની પાકતી મુદત પૂરી થતા, મહાનગરપાલિકા રોકાણકારોને મૂળ રકમ પાછી ચૂકવે છે. આ બોન્ડનો ઉપયોગ સામાન્ય રીતે શહેરના વિકાસ પ્રોજેક્ટ્સ જેમ કે રસ્તાઓનું નિર્માણ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સુધારવી, પૂલ બાંધવા, જાહેર પરિવહન સુવિધાઓ વિકસાવવી, બગીચાઓ બનાવવું અથવા અન્ય માળખાકીય સુવિધાઓના નિર્માણ માટે ભંડોળ પૂરું પાડવા માટે થાય છે.વડોદરા મહાનગરપાલિકાએ અગાઉ બે બોન્ડ બહાર પાડયા હતા. હવે બ્લુ બોન્ડના પબ્લિક ઈશ્યુ બહાર પાડવા માટેનો તખ્તો તૈયાર થઈ ચુક્યો છે. આ બ્લુ બોન્ડ થકી જનભાગીદારીથી શહેરની પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા માટેનો પ્રયાસ કરવામાં આવશે. બજેટમાં બ્લુ બોન્ડ ઈશ્યુ જાહેર કરવા માટેની જાહેરાત બાદ સ્ટેન્ડિંગ સમિતિની બેઠકમાં આ અંગે એજન્સીની નિમણૂક સહિતના કામો મંજૂર કરવા માટેની દરખાસ્ત મુકવામાં આવી હતી.


### થારચાલક ઋષિકાને બચાવવામાં પોલીસને ભીસ પડી

# પંચનામા માટે સ્થળે લઈ જતાં મહિલાઓ PCRને ઘેરી વળી, આરોપીને બહાર ખેંચવા ઝપાઝપી

• વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં રફ્તારનો કહેર યથાવત્ જોવા મળી રહ્યો છે. ગત મોડીરાત્રે શહેરના પશ્ચિમ વિસ્તારમાં એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં લગ્ન પ્રસંગમાંથી બેફામ ગતિએ થાર કાર લઈને જતી 19 વર્ષીય યુવતીએ એક્ટિવાચાલક યુવકને અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. રોડ પર પડેલા યુવકના મૃતદેહનો જોઈ લોકોની કંપારી છૂટી ગઈ હતી. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેમાં એક્ટિવા દૂર સુધી ઢસડાતું અને લોકો દોડીને ઘટનાસ્થળે જતાં દેખાઈ રહ્યાં છે.

એક્ટિવાને એડફેટે લીધા બાક થારચાલક યુવતીએ આજ સ્થળ પર બે દિવસ અગાઉ મહારાષ્ટ્રથી આવેલા પરિવારનો શેરડીનો રસ કાઢવાનું મશીનને ટક્કર મારી તોડી નાખ્યું છે. રાતના 1 વાગ્યે બનેલી ઘટનાને પગલે લોકોનાં ટોળું રોડ પર ઊમટી પડ્યાં હતાં. તો બીજી તરફ યુવકના પિતાની ફરિયાદના આધારે પોલીસે યુવતીની ધરપકડ કરી છે. નોંધનિય છે કે, થાર કારમાં ત્રણ



યુવતી સવાર હતી. આ અંગે યુવકના પિતરાઈ ભાઈ સંદીપ મોરેએ જણાવ્યું કે, મારા કાકાનો દીકરો અભિષેક નોકરી પરથી પાર્સલ આપવા માટે જતો હતો, તે દરમિયાન સામેથી થાર કારે અકસ્માત કર્યો હતો. અભિષેકનું સ્થળે જ મોત નીપજ્યું હતું.આરોપી ઋષિકાને લઈને પોલીસ પંચનામું કરવા ઘટનાસ્થળે પહોંચી ત્યારે તણાવ જેવી સ્થિતિ બની હતી. પોલીસની હાજરીમાં મહિલાઓ દ્વારા આરોપી ઋષિકાને પીસીઆરમાંથી ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે પોલીસ અને મહિલાઓ સાથે ખેંચતાણ પણ થઈ હતી. મૃતક યુવકના પરિવારથી પોલીસે આરોપી ઋષિકાનો માંડ-માંડ બચાવ કર્યો હતો અને પીસીઆર લઈનો ફટાફટ નીકળી ગઈ હતી. મળતી માહિતી મુજબ, અકસ્માતની આ ઘટના અક્ષર ચોકથી સન ફાર્મા રોડ તરફ જવાના માર્ગ પર સર્જાઈ હતી. 13 ફેબ્રુઆરીની મોડીરાત્રે 27 વર્ષીય અભિષેક મોરે નામનો યુવક પોતાનું એક્ટિવા લઈને પાર્સલ આપવા માટે જઈ રહ્યો હતો, ત્યારે ઋષિકા સદનાની નામની યુવતી અન્ય બે યુવતી સાથે પોતાની થાર ગાડી લઈને લગ્નપ્રસંગમાંથી પૂરપાટ ઝડપે આવી રહી હતી.

### વેલેન્ટાઇન ડે પર VHP-બજરંગદળના કાર્યકર્તાઓએ યુવક-યુવતીઓને ભગાડ્યાં

રાજકોટ

રાજકોટમાં આજે વેલેન્ટાઈન ડેના દિવસે બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓએ પશ્ચિમ સંસ્કૃતિના અનુકરણના નામે યુવક-યુવતીઓને પરેશાન કર્યા હતા. રાજકોટના રેસકોર્સ સ્થિત 'લવ ગાર્ડન'માં બપોરના સમયે યુવક-યુવતી બેઠાં હતાં ત્યારે બજરંગદળ અને વિહિપના કાર્યકર્તાઓએ પહોંચી જય શ્રીરામના નારા લગાવતાં યુવક-યુવતીઓમાં નાસભાગ મચી હતી. વિહિપના આગેવાને જણાવ્યું હતું કે યુવક-યુવતીએ ઘરેથી ખોટું બોલી અહીં આવે છે. વેલેન્ટાઈન ડે, રોઝ ડે, પ્રોમિસ ડે ન ઊજવવા જોઈએ. આજના દિવસે ઘરે માતાપિતાનું પૂજન કરવું જોઈએ.

આજે વેલેન્ટાઈન ડે હોઈ, રાજકોટના રેસકોર્સ પાસે આવેલા 'લવ ગાર્ડન'માં યુવક-યુવતીઓ આવ્યાં હતાં અને બેઠાં હતાં. ત્યારે જ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ અહીં પહોંચી જય શ્રીરામના સૂત્રોચ્ચાર કરતાં યુવક-યુવતીઓમાં નાસભાગ મચી હતી.પરેશ રાવલે જણાવ્યું હતું કે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આજે પુલવામાં હુમલાના વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આજની પેઢી પશ્ચિમી સંસ્કૃતિ તરફ વળી ગઈ છે. વેલેન્ટાઈન ડે અને રોઝ ડેની ઉજવણી કરી રહી છે. આજના દિવસે માતૃપિતૃ પૂજન સહિતના કાર્યક્રમો કરવા જોઈએ. યુવક-યુવતીઓ ઘરેથી ખોટું કહીને અહીં ગાર્ડનમાં આવે છે અને ખોટા કામ કરે છે.

### 227 ક્રેડિટ કાર્ડનો થપ્પો ને લાખોના ટ્રાન્ઝેક્શન

# જામતારા ગેંગ સાથે સંકળાયેલા 3 સુરતીઓ ઝડપાયા, 10% કમિશને સિવિલ એન્જિનિયરનું કારસ્તાન; કાળું નાણું સફેદ કરવાનું કૌભાંડ



• સુરત

આજના ડિજિટલ યુગમાં સાયબર અપરાધીઓ અવનવી રીતે લોકોને છેતરી રહ્યા છે. તાજેતરમાં સુરત સાયબર ક્રાઈમ સેલે એક મોટી સફળતા મેળવતા કુખ્યાત જામતારા ગેંગ સાથે સંકળાયેલા ગુજરાતના 3 શખ્સોની ધરપકડ કરી છે. જેમાં એક સિવિલ એન્જિનિયર પણ શામેલ છે. આ ગેંગ વોટ્સએપ પર નકલી RTO ઈ-ચલણની APK ફાઈલ મોકલી લોકોના મોબાઈલ હેક કરી બેંક ખાતા સાફ કરી નાખતી હતી. સુરતમાં જામતારા ગેંગ સાથે સંડોવણી ધરાવતા ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં આરોપીઓ પાસેથી 227 જેટલા ક્રેડિટ કાર્ડ અને 92.53 લાખના ટ્રાન્ઝેક્શનની વિગતો મળી આવી છે. આ ટોળકી જામતારા ગેંગના કાળી કમાણીના નાણાંને 10% કમિશન લઈને સફેદ કરવાનું કૌભાંડ ચલાવતા હતા. આ ઘટનાની શરૂઆત 20 નવેમ્બર 2025ના રોજ થઈ હતી. ફરિયાદીના દીકરાના મિત્રના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી 'Digital RTO E-Challan.APK' નામની ફાઈલ આવી હતી. આ ફાઈલ ડાઉનલોડ કરતા જ મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ હેકર્સે તે મિત્રના વોટ્સએપ ગ્રુપમાં પણ આ જ ફાઈલ મોકલી હતી. ફરિયાદીના દીકરાએ જેવી આ ફાઈલ ડાઉનલોડ કરી કે તરત જ તેનો ફોન હેક થયો અને તેના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ Rs.5,02,562 ઉપડી ગયા હતા.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળતા ફરિયાદીએ તુરંત સાયબર હેલ્પલાઈન નંબર 1930 પર કોલ કર્યો હતો. ત્યારબાદ 14 ડિસેમ્બર 2025ના રોજ સુરત સાયબર ક્રાઈમ સેલ ખાતે વિધિવત ફરિયાદ નોંધાઈ હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બેંકિંગ ટ્રાન્ઝેક્શનના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી, જેમાં સૌપ્રથમ નિશીત નથવાણી (રાજકોટ) અને ગૌતમ મંડલ (જામતારા, ઝારખંડ)ની ધરપકડ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન બહાર આવ્યું કે, જામતારા બેઠેલા ઠગો સુરતમાં પોતાના એજન્ટો ધરાવે છે. આ એજન્ટો ફ્રોડના નાણાં ઠેકાણે પાડવા માટે ક્રેડિટ કાર્ડ બિલ પેમેન્ટના વ્યવસાયનો આશરો લેતા હતાં. લોકોના બેંક ખાતામાંથી ચોરી કરેલા નાણાં આ આરોપીઓ પોતાના ક્રેડિટ કાર્ડના બિલ ભરવામાં વાપરતા અને તે રકમ રોકડ સ્વરૂપે અથવા CDM મશીન દ્વારા ફરી મુખ્ય સૂત્રધારો સુધી પહોંચાડતા હતા.પોલીસે અશ્વિન ગાંગાણીની ઓફિસમાં દરોડા પાડી 2 મોબાઈલ, 1 CPU, 2 POS મશીન અને જુદી જુદી બેંકોના 227 ક્રેડિટ કાર્ડ જપ્ત કર્યા છે. તપાસમાં ખૂલ્યું છે કે RBL બેંકના 30 ક્રેડિટ કાર્ડમાં અગાઉ 19 જેટલી સાયબર ફરિયાદો નોંધાયેલી છે.

# કિરણ મોરે ગ્રુપ સામે ઈરફાન પઠાણનો યોર્કર:BCAના ચૂંટણીને લઈને ઘમસાણ, ફાસ્ટ બોલરે કહ્યું, વડોદરા ક્રિકેટમાં હામાં હા કહો તો જ જોબ મળે

• વડોદરા

બરોડા ક્રિકેટ એસોસિયેશન (BCA) ની ચૂંટણી માટે રવિવારે મતદાન યોજાવાનું છે. એ પહેલાં જ ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓલઆઉન્ડર ઈરફાન પઠાણે ચૂંટણી મેદાનમાં યોર્કર ફેંકી જંગને રસપ્રદ બનાવી દીધો છે. બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણીમાં પૂર્વ વિકેટકીપર કિરણ મોરે અને દર્શન બેંકરના ગ્રુપ વચ્ચે ટક્કર થઈ રહી છે. ત્યારે ઈરફાન પઠાણે કિરણ મોરે અને તેના ગ્રુપ સામે સવાલો ઉઠાવ્યા હતા.બરોડા ક્રિકેટનો સ્તર નીચો જઈ રહ્યો હોવાની વાત કરી ઈરફાન પઠાણે કહ્યું કે બરોડા ક્રિકેટના કોચ અફઘાનિસ્તાન જઈ કોચિંગ કરી રહ્યા છે, પણ અહીં તેમને રિસ્પેક્ટ મળતી નથી. બરોડા ક્રિકેટમાં હામાં હા કરનારાઓને જ જોબ મળે છે. ઈરફાન પઠાણનો આ વીડિયો રોયલ સત્યમેવ જયતેના ગ્રુપમાં શેર કરાતાં ક્રિકેટ પોલિટિક્સમાં ગરમાવો આવ્યો છે.

ઈરફાન પઠાણે જણાવ્યું હતું કે હાલમાં બરોડા ક્રિકેટ એસોસિયેશનન સ્તર હાલમાં નીચે જઈ રહ્યો છે. બરોડા ક્રિકેટનો ઈતિહાસ ખૂબ જ મોટો અને ગૌરવપૂર્ણ છે. અહીંથી ઘણા ખેલાડીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નામ કમાયું છે. તેઓ પોતે પણ બરોડા ક્રિકેટના કારણે જ તેમને માન-સન્માન મળ્યાં છે. તેણે કહ્યું હતું કે જો BCA ન હોત તો તેઓ પણ આજે જે સ્થાને છે એ સ્થાને ન હોત.તેણે વધુમાં કહ્યું હતું કે CIC કમિટીના સભ્ય તરીકે તેમણે કોઈ આર્થિક અપેક્ષા વિના સેવા આપી હતી. કલાકો સુધી કોચના ઈન્ટરવ્યૂ લીધા અને ઈમેલ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું, કારણ કે તેઓ ઈચ્છતા હતા કે બરોડા ક્રિકેટ વધુ સારું બને. આવનારા સમયમાં ક્રિકેટનો સ્તર સુધરે એ માટે સારા સભ્યો અને હોદ્દેદારોની જરૂર છે.




### રાજકોટમાં 20 લાખ લોકોની સામે વસ્તીગણતરી માટે 2500નો સ્ટાફ

# 50 ટકા ઘટથી અધિકારીઓ મૂંઝાયા, મનપા પ્રાઈવેટ સ્કૂલના સ્ટાફને તાલીમ આપીને મેદાનમાં ઉતારી શકે

• રાજકોટ

રાજકોટમાં વસ્તી ગણતરીની કામગીરી આડે મોટું વિઘ્ન સામે આવ્યું છે. આ કામગીરી માટે મનપા તંત્રને 5,000 કર્મચારીઓની જરૂરિયાત છે. જેની સામે મનપા તેમજ મનપા સંચાલિત સરકારી શાળાઓ મળી માત્ર 2,500નો સ્ટાફ હાલ ઉપલબ્ધ છે. એટલે જરૂરિયાત કરતા અડધો જ સ્ટાફ ઉપલબ્ધ હોવાથી અધિકારીઓ મૂંઝવણમાં મુકાયા છે.ખાસ કરીને વર્ષ 2011 પછી લાંબા સમયના અંતરાલ બાદ 20 એપ્રિલ-2026થી આ પ્રક્રિયા



હાથ ધરવામાં આવી રહી હોવાથી તેમાં અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.

3ના મોત

અરુણ વાળાએ સ્નેપ ચેટમાં સ્ટોરી પણ મુકી હતી, કારના કુરચેકુરચા ઉડી ગયા, એકની હાલત ગંભીર, પોલીસે વધુ તપાસ હાથ ધરી

# જેતલસર રેલ્વે ઓવરબ્રિજ પર કારના બે ટુકડા, 3ના મોત : જુનાગઢ મહાશિવરાત્રીનો મેળો માણી પરત ફરતા સર્જાયો અકસ્માત

## જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાએ જણાવ્યું હતું કે, વહેલી સવારે સાડા છ વાગ્યાની આસપાસ જેતલસરનો જે ઓવરબ્રિજ છે


• સુરેશ ભાલીયા જેતપુર,


રાજકોટ જિલ્લાના જેતપુરના જેતલસર જંકશન રેલવે ઓવરબ્રિજ પર ગઈ કાલે વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જતી કાર ડિવાઈડર સાથે અથડાતા તેના બે ટુકડા થઈ ગયા હતા. આ ગમખ્વાર દુર્ઘટનામાં જૂનાગઢનો મહાશિવરાત્રિ મેળો માણી પરત ફરતા જેતપુરના એક યુવતી સહિત ૩ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૧ યુવકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જૂનાગઢથી જેતપુર તરફ આવી રહેલી સફેદ સ્કોડા (જીજે ૦૩ ઈ.આર ૯૩૫૧) કારમાં ૩ યુવકો અને ૧ યુવતી સવાર હતા. વહેલી સવારે જેતલસર રેલવે ઓવરબ્રિજ પરથી પસાર થતી વખતે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર એટલી પ્રચંડ ગતિએ ડિવાઈડર સાથે અથડાઈ હતી કે તેના બે ભાગ થઈ ગયા હતા અને કારના સ્પેરપાર્ટ્સ રોડ પર દૂર સુધી વિખેરાઈ ગયા હતા.

જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાએ જણાવયું હતું કે, વહેલી સવારે સાડા છ વાગ્યાની આસપાસ જેતલસરનો જે ઓવરબ્રિજ છે, તેની ખાલી સાઈડની દીવાલ સાથે અથડાઈને એક સ્કોડા ગાડી (સફેદ કલરની, જીજે ૦૩ ઈ.આર ૯૩૫૧) જૂનાગઢ મેળામાંથી જેતપુર તરફ આવતા અકસ્માત સર્જાયો છે. પોલીસ તપાસ મુજબ આ ગાડીમાં કુલ 4 (ચાર) લોકો સવાર હતા. જેમાંથી ઘટનાસ્થળે જ નીચે મુજબના બે વ્યક્તિઓના મોત થયા હતા, જેમાં અરુણ પ્રફુલ્લભાઈ વાળા અને મુસ્કાનબેન હરેશભાઈ બગડાનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે વ્યક્તિઓ જે ગંભીર હતા. જયદીપ કિશોરભાઈ ચૌહાણ, અમીષ ચનાભાઈ પરમાર તેમને જૂનાગઢ રિફર કરવામાં આવ્યા હતા. લેટેસ્ટ પરિસ્થિતિ મુજબ, જયદીપ કિશોરભાઈ ચૌહાણનું પણ સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. આમ, આ અકસ્માતમાં અત્યાર સુધી કુલ 3 (ત્રણ) લોકોના મોત થયા છે.


મૃતક મુસ્કાન બગડા


મૃતક અરુણ વાળા


મૃતક જયદિપ ચૌહાણ



પ્રાથમિક તપાસ અને ઘટનાસ્થળની વિઝિટના આધારે કહી શકાય કે ગાડીની સ્પીડ વધારે (ઓવરસ્પીડ) હોઈ શકે. ગાડી સીધી બ્રિજની દીવાલ સાથે અથડાઈ છે, અન્ય કોઈ વાહન સાથે તેનો અકસ્માત થયો નથી. એટલે ઓવરસ્પીડના કારણે જ આ એક્સિડન્ટ થયો હોય તેવું હાલ માની શકાય. હાલ તો 4 લોકો હોવાની માહિતી મળી છે, તેમ છતાં અન્ય કોઈ વ્યક્તિ હોય અને ઘટનાસ્થળ પરથી નીકળી ગયા હોય તો તે અંગેની તપાસ ચાલુ છે. કાર કોણ ચલાવતું હતું તે અંગેની પ્રાથમિક માહિતી મેળવવાની હજુ બાકી છે.

અકસ્માત એટલો ભીષણ હતો કે બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઊડી ગયા હતા.

મૃતક: મુસ્કાન બગડા અને અરુણ વાળા (ઘટનાસ્થળે મોત)

મૃતક: જયદીપ ચૌહાણ પૈકી એક (સારવાર દરમિયાન મોત)

ઈજાગ્રસ્ત: અમિત પરમાર નામના યુવકની હાલત નાજુક

મૃતક અરૂણ પ્રફુલ્લભાઈ વાળા (ઉ.વ. 22) રહે. રાજકોટ-પોરબંદર હાઈવે પર જેતપુર શહેરમાં દાસીજીવણ પરા, કેનાલ કાંઠે, મજૂરી કામ કરતા, પરિવારમાં માતા-પિતા, મોટા બહેન છે. તે પરિવારનો એકનો એક દીકરો હતો.

મૃતક મુસ્કાનબેન હરેશભાઈ બગડા, જે જેતપુર ખાનગી હોસ્પિટલ કામ કરતી હતી અને જામકંડોરણાના રાયડી ગામે રહેતી હતી.

મૃતક જયદીપ કિશોરભાઈ ચૌહાણ (ઉ.વ. 22 આશરે) જૂનાગઢ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. જે ધોરાજી પાસે છાડાવાવદર ગામનો અને હાલ રહે જેતપુરમાં ધોરાજી રોડ પર જલારામ-3માં મજૂરી કામ કરતો હતો, માતા-પિતા અને એક નાની બહેન છે. તે પરિવારનો એકનો એક દીકરો હતો.

અમિત ચનાભાઈ પરમાર (ઉ.વ. 22) હાલ જૂનાગઢ સારવારમાં છે, તે મજૂરી કામ કરે છે, પરિવારમાં માતા-પિતા, ત્રણ ભાઈઓમાં તે ત્રીજા નંબરનો છે અને જેતપુરમાં દાસીજીવણપરામાં રહે છે.

પગલે હાઈવે પર લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ જેતપુર તાલુકા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે ક્રેન દ્વારા કારના અવશેષો હટાવી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. હાલ તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

દબાણ દૂર કરવા નોટિસની દાઝે સરપંચ પર હુમલો

# નવા રતનપર ગામના સરપંચને લાફા ઝીંકી જ્ઞાતિ વિશે અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી



• ભાવનગર

\નવા રતનપર ગામના સરપંચ એ આ ગામના એક શખ્સને તેના ઘર ફરતે કરેલ દબાણ દૂર કરી દેવા નોટીસ આપતા ઉશ્કેરાયેલ શખ્સે સરપંચ પર હુમલો કરી લાફા મારી જ્ઞાતિ વિશે હડધુત કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા સરપંચે ઘોઘા પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી સહિતની એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે ઘોઘા પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર મૂળ નવારતનપર ગામના વતની અને હાલ અકવાડા ગામે રહેતા તથા BMCમાં સફાઈ કર્મચારી તરીકે કામ કરતા નવા રતનપર ગામના સરપંચ ગૌતમ હિંમત બારૈયાએ ઘોઘા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તે હાલમાં નવા રતનપર ગામે સરપંચ તરીકે સેવાત હોય હાલમાં ગામમાં પેવર બ્લોક પાથરવાની કામગીરી ચાલી રહી હોય ત્યારે આ ગામે દશામાવાળી શેરીમાં મફતનગર વિસ્તારમાં રહેતા રમેશ વશરામ ગોહિલે પોતાના મકાન ફરતે વાળેલ વાડાનુ દબાણ કર્યું હોય. આ દબાણ દૂર કરવા માટે તેણે સરપંચ તરીકે રમેશને લેખિત નોટીસ ફટકારી હતી.આ નોટિસની દાઝ રાખી ગઈકાલે ફરિયાદી ગૌતમ ગ્રામ પંચાયતની કચેરીમાં હાજર હોય ત્યારે રમેશ ત્યાં પહોંચ્યો હતો અને નોટિસ બાબતે ઝઘડો કરી તેનો કાંઠલો પકડી કચેરી બહાર લાવી લાફા મારી દબાણ હજુ થશે ત્યારે થાય તે કરી લેજે તેમ કહી તેને જ્ઞાતિ વિશે અપશબ્દો બોલી જ્ઞાતિ વિશે અપમાનિત કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો, આથી આ અંગે ગૌતમે રમેશ વશરામ ગોહિલ વિરુદ્ધ ઘોઘા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# પીકઅપ પોઈન્ટ માટે ટેન્ડર પ્રક્રિયા થશે:પાલનપુરના માર્ગો પર આજથી સીટી બસ દોડશે

• પાલનપુર


પાલનપુરમાં ફરી એક વાર સિટી બસ સેવાનો મહાશિવરાત્રીથી આરંભ થવા જઈ રહ્યો છે.વર્ષો બાદ ફરી શરૂ થતી આ સેવા પ્રથમ તબક્કામાં 4થી6 બસો સાથે શરૂ થશે અને તબક્કાવાર કુલ 9 બસો 6 રૂટ પર દોડશે. નગરપાલિકા દ્વારા મહેસાણાની એજન્સીને ટેન્ડર ફાળવાયા બાદ આ વ્યવસ્થા અમલમાં આવી રહી છે. મિનિમમ ભાડું 2 કિલોમીટર સુધી 5 રૂપિયા નક્કી કરાયું છે. બસો સવારે 6 થી રાત્રે 8 વાગ્યા સુધી દોડશે.દરેક બસમાં GPS સિસ્ટમ લગાવવામાં આવી હોવાથી મુસાફરો લાઈવ લોકેશન જાણી શકશે. ગુરુ નાનક ચોક ખાતે મુખ્ય કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે.નગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં બસ કયા સ્થળે ઉભી રહેશે તેની તપાસ કરી સત્તાવાર પિકઅપ પોઈન્ટ કરાશે. તેમજ સ્ટોપ નિશ્ચિત કરી ત્યાં સ્ટેન્ડ બનાવવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે. હોસ્પિટલ, કોલેજ, રેલ્વે સ્ટેશન અને હાઈવે વિસ્તારોને જોડતા રૂટ તૈયાર કરાયા છે,જેથી શહેર તથા 7 કિલોમીટર ત્રિજ્યાના ગ્રામ્ય વિસ્તારોને લાભ મળશે.મુસાફરો 100 રૂપિયા આપી એટીએમ જેવું કાર્ડ ખરીદી શકશે. ઓછામાં ઓછા 100 રૂપિયાનું રિચાર્જ ફરજિયાત રહેશે. પાસ દ્વારા મુસાફરીમાં 20 ટકા ડિસ્કાઉન્ટ મળશે. ફેમિલી પાસની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. જોકે આ સેવા શરૂ થતાં તંત્ર પર દર મહિને અંદાજે 35થી40 લાખ રૂપિયાનું આર્થિક ભારણ વધશે તેવી પણ ચર્ચા એ પણ વેગ પકડ્યું છે.ટ્રાન્સપોર્ટ કમિટીના ચેરમેન ભારતીબેન અંબાલાલ રંગવાની એ જણાવ્યું કે પાલનપુર શહેરના જુના આરટીઓ સર્કલ પરથી મુખ્યમંત્રી શહેરી બસ સેવાનો મહાશિવરાત્રીના રોજ મયંકભાઈ નાયક, જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિંહ વાઘેલા પાલનપુર ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકર પાલિકા પ્રમુખ ચીમનભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં આરંભ કરવામાં આવશે.

ભાવનગરના શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ

# 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે શિવરાત્રિની ભવ્ય ઉજવણી; શિવભક્તોએ દૂધ-મધ, બીલીપત્રથી કર્યો અભિષેક

• ભાવનગર

મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે ભાવનગર શહેરમાં વહેલી સવારથી જ ભીડભંજન મહાદેવ, જશોનાથ મહાદેવ, તખ્તેશ્વર મહાદેવ સહિતના શિવાલયોમાં શિવભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. ભક્તોએ દૂધ, જળ, અને બીલીપત્રથી મહાદેવનો અભિષેક કરી પૂજા-અર્ચના કરી હતી, જ્યારે મંદિરોને આકર્ષક શણગાર અને રોશનીથી ઝગમગતા બનાવવામાં આવ્યા હતા. ઉપવાસ, ફળાહાર અને ભાંગના પ્રસાદ સાથે તેમજ અનેક સ્થળોએ હોમાત્મક લઘુરૂદ્રના આયોજનથી સમગ્ર શહેર 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે ભક્તિમય બન્યું હતું. શહેરમાં આવેલા પ્રાચિન શિવાલયો જેમાં તખ્તેશ્વર મહાદેવ, ભગવાનેશ્વર મહાદેવ, નારેસ્વર મહાદેવ, જશોનાથ મહાદેવ, દેવનાથ મહાદેવ સહિતના શિવાલયોમાં શિવભક્તોનો ભક્તોનો મેળો જામશે. શહેરમાં આવેલા શિવ મંદિરોને સુંદર રોશનીથી ઝળહળતા કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત દર વર્ષની જેમ શોભાયાત્રા પણ યોજવામાં આવશે.શિવભક્તો આજે મહાશિવરાત્રિ પર્વે ઉપવાસ રાખી ફળાહારમાં શકકરીયા, સામો, રાજગરો, બટેટા, સાબુદાણા તથા ફ્રુટ આરોગી ભાંગનો પ્રસાદ ગ્રહણ કરશે. અનેક શિવાલયોમાં હોમાત્મક લઘુરૂદ્ર, કરવામાં આવ્યું છે, ત્યારે શિવભક્તો દેવાધિદેવ મહાદેવના મહાપર્વ મહાશિવરાત્રિની ઉજવણીમાં ભાવવિભોર બન્યા હતા.શહેરના ભીડભંજન મહાદેવ તેમજ જશોનાથ મહાદેવના, બિલેશ્વર મહાદેવ સહિતના અનેક શિવાલયોમાં સવારથી લોકો શિવ દર્શન માટે ઉમટ્યા હતા. મહાશિવરાત્રિ પર્વને લઈને શહેરના વિવિધ શિવાલયોમાં આજે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી શહેરના તખ્તેશ્વર મહાદેવ તેમજ બિલેશ્વર મહાદેવ, ભીડભંજન મહાદેવ સહિતના મહાદેવના મંદિરોમાં શિવભક્તો ઉમટી પડ્યા હતા. દેવાધિદેવ મહાદેવની પૂજા અર્ચના કરી ભાવવિભોર થયા હતા અને મહાશિવરાત્રિ પર્વને લઈને શિવાલયોને શણગાર કરી સુશોભિત પણ કરવામાં આવ્યા હતા.



તેત્રીસ કરોડ દેવી-દેવતાઓમાં પ્રધાન દેવ જો કોઈ હોય તો તે મહાદેવ છે, ત્યારે આજે મહાશિવરાત્રિના પર્વે ભાવનગર શહેર જિલ્લામાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. શિવ ભક્તો વહેલી સવારથી મોડી રાત સુધી શિવાલયોમાં ભીડ જમાવી મહાદેવની પૂજા અર્ચના કરશે. ભોળાનાથને પ્રિય ભાંગનો પ્રસાદ ચડાવશે, એ સાથે દૂધ, જળ, મધ, બીલીપત્રનો અભિષેક કરી પૂજા અર્ચના કરશે. શહેરમાં આવેલા પ્રાચિન શિવાલયો જેમાં તખ્તેશ્વર મહાદેવ, ભગવાનેશ્વર મહાદેવ, નારેસ્વર મહાદેવ, જશોનાથ મહાદેવ, દેવનાથ મહાદેવ સહિતના શિવાલયોમાં શિવભક્તોનો ભક્તોનો મેળો જામશે. શહેરમાં આવેલા શિવ મંદિરોને સુંદર રોશનીથી ઝળહળતા કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત દર વર્ષની જેમ શોભાયાત્રા પણ યોજવામાં આવશે. શિવભક્તો આજે મહાશિવરાત્રિ પર્વે ઉપવાસ રાખી ફળાહારમાં શકકરીયા, સામો, રાજગરો, બટેટા, સાબુદાણા તથા ફ્રુટ આરોગી ભાંગનો પ્રસાદ ગ્રહણ કરશે. અનેક શિવાલયોમાં હોમાત્મક લઘુરૂદ્ર, કરવામાં આવ્યું છે, ત્યારે શિવભક્તો દેવાધિદેવ મહાદેવના મહાપર્વ મહાશિવરાત્રિની ઉજવણીમાં ભાવવિભોર બન્યા હતા.

મહાશિવરાત્રિ મહોત્સવના પ્રથમ ચરણનો ભવ્ય-આધ્યાત્મિક માહોલ

# સોમનાથમાં ભક્તોનું ઘોડાપૂર, :ભગવાન શિવને લવંડર ફૂલોનો શણગાર

## સોમનાથ જ નહીં, પરંતુ ગોંડલના મુક્તેશ્વર મહાદેવ ખાતે યોજાયેલી ભવ્ય ભસ્મ આરતીથી લઈને મહેસાણા અને ભાવનગરના શિવાલયો સુધી સર્વત્ર ભક્તોની લાંબી કતારો જોવા મળી રહી છે

• , ગીર સોમનાથ

આજે 15 ફેબ્રુઆરી 2026, રવિવારના રોજ સમગ્ર દેશમાં મહાશિવરાત્રીના પાવન પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે. શિવ ભક્તિના આ મહાઉત્સવ નિમિત્તે વિશ્વપ્રસિદ્ધ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ ખાતે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનું મહેરામણ ઉમટી પડ્યું છે. 'જય સોમનાથ' અને 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે સોમનાથની પવિત્ર ભૂમિ શિવમય બની છે.

માત્ર સોમનાથ જ નહીં, પરંતુ ગોંડલના મુક્તેશ્વર મહાદેવ ખાતે યોજાયેલી ભવ્ય ભસ્મ આરતીથી લઈને મહેસાણા અને ભાવનગરના શિવાલયો સુધી સર્વત્ર ભક્તોની લાંબી કતારો જોવા મળી રહી છે. ભક્તોની આસ્થાને ધ્યાનમાં રાખીને સોમનાથ મંદિરના દ્વાર સતત 42 કલાક સુધી દર્શન માટે ખુલ્લા રાખવાનો નિર્ણય લેવાયો છે, જે 16 ફેબ્રુઆરીની વહેલી સવારની આરતી સાથે સંપન્ન થશે.

મહાશિવરાત્રી પર્વે ભીડભંજન મહાદેવ મંદિર ખાતે શિવભક્તોનો જનસાગર ભાવનગર શહેરની મધ્યમાં આવેલ જિલ્લા પંચાયત કચેરી નજીક આવેલું ભીડભંજન મહાદેવ મંદિર પૌરાણિક અને આસ્થાનું કેન્દ્ર છે, જ્યાં આજરોજ મહાશિવરાત્રીના પાવન પર્વે વહેલી સવારથી જ ભક્તોનો જનસાગર જોવા મળ્યો હતો. "હર હર મહાદેવ"ના ગુંજતા નાદ વચ્ચે ભક્તોએ દેવાધિદેવ મહાદેવની ભાવભીની પૂજા-અર્ચના કરી આધ્યાત્મિક આનંદ અને ધન્યતા અનુભવી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું અને શ્રદ્ધાળુઓએ શ્રદ્ધા તથા ભક્તિપૂર્વક મહા મહાશિવરાત્રીના પવિત્ર પર્વે દ્વાદશ જ્યોતિર્લિંગમાં પ્રથમ ગણાતા સોમનાથ મંદિર ખાતે ભક્તિનો મહાસાગર છલકાઈ રહ્યો છે. લાખો શિવભક્તો 'બમ બમ ભોળે'ના જયઘોષ સાથે મહાદેવના દર્શન માટે પ્રભાસ પાટણ ધામે ઉમટી રહ્યા છે. આ ભક્તિમય વાતાવરણ વચ્ચે સેવાભાવનું અનોખું દ્રશ્ય પણ જોવા મળી રહ્યું છે.શિવ દરબાર આશ્રમ, સાવરકુંડલા તરફથી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યાત્રિકો માટે નિઃશુલ્ક ફલાહાર મહાપ્રસાદનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વહેલી સવારથી જ આશ્રમના સેવકો ભક્તોને શ્રદ્ધાપૂર્વક ફલાહાર મહાપ્રસાદ પીરસી રહ્યા છે. લાંબી યાત્રા કરીને આવતા યાત્રિકો માટે આ સેવા આશીર્વાદ સમાન બની રહી છે. મહાપ્રસાદમાં ઉપવાસી ભક્તોને અનુરૂપ ફળ, શીરો, સાબુદાણા ખીચડી અને અન્ય ફલાહાર વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવી છે. સેવકોની ટીમ સુવ્યવસ્થિત રીતે લાઈનમાં ઉભેલા ભક્તોને પ્રસાદ વિતરણ કરે છે, જેથી કોઈને પણ મુશ્કેલી ન પડે.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

### માતાજીને 7 વાર પગે લાગી દાનપેટીની ચોરી કરી

# ડીંડોલી વિસ્તારના મંદિરમાં તસ્કર ત્રાટક્યો, ચોરી પહેલા માતાજીને પગે લાગી કાન પકડ્યા

## સીસીટીવી ફૂટેજ મુજબ, 11 ફેબ્રુઆરી ના રોજ સાંજે એક અજાણ્યો શખ્સ ડીંડોલી વિસ્તારમાં આવેલા માતાજીના મંદિરમાં પ્રવેશ કરે છે

• સુરત

સુરત શહેરમાં ગુનાખોરીના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે, પરંતુ ડીંડોલી વિસ્તારમાં બનેલી ચોરીની એક તાજેતરની ઘટનાએ સૌ કોઈને અચંબામાં મૂકી દીધા છે. અહીં એક મંદિરમાં ચોરી કરવા આવેલા શખ્સે જે રીતે 'ભક્તિ' પ્રદર્શન કર્યું, તે જોઈને શ્રદ્ધાળુઓ અને પોલીસ બંને ચોંકી ગયા છે. આ સમગ્ર ઘટના મંદિરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જે હવે સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહી છે.સીસીટીવી ફૂટેજ મુજબ, 11 ફેબ્રુઆરી ના રોજ સાંજે એક અજાણ્યો શખ્સ ડીંડોલી વિસ્તારમાં આવેલા માતાજીના મંદિરમાં પ્રવેશ કરે છે. મંદિરમાં પ્રવેશતાની સાથે જ તે કોઈ રીઢા ગુનેગારની જેમ નહીં, પરંતુ એક સાચા ભક્તની જેમ વર્તે છે. તે સૌથી પહેલા માતાજીની મૂર્તિ સમક્ષ નતમસ્તક થાય છે અને પગે લાગે છે. આટલેથી ન અટકતા, તે પોતાના કાન પકડીને જાણે કોઈ મોટી ભૂલ કરી રહ્યો હોય તેમ માતાજી પાસે માફી માંગતો પણ નજરે પડે છે.ત્યારબાદ આ ચોર માતાજીની મૂર્તિની બીજી બાજુ જાય છે. ત્યાં પણ તે ફરી એકવાર હાથ જોડીને પ્રાર્થના કરતો દેખાય છે. જોકે, આ પ્રાર્થના શ્રદ્ધાની નહીં પણ ડરની હોય તેવું જણાય છે, કારણ કે તે સતત આજુબાજુ નજર દોડાવતો રહે છે કે કોઈ તેને જોઈ તો નથી રહ્યું ને! મનમાં પાપ અને મોઢા પર પસ્તાવો હોય તેવા હાવભાવ સાથે તે થોડીવાર ત્યાં ઉભો રહે છે અને આખરે પોતાના અસલી ઈરાદા પર ઉતરી આવે છે.થોડી સેકન્ડોના આ હાઈ-વોલ્ટેજ ડ્રામા બાદ, જ્યારે તેને ખાતરી થાય છે કે આસપાસ કોઈ નથી, ત્યારે તે તુરંત જ માતાજીની પ્રતિમા પાસે રાખવામાં આવેલી ભારેખમ દાનપેટીને ઉચકે છે. જે હાથ થોડી વાર પહેલા પ્રાર્થનામાં જોડાયેલા હતા, તે જ હાથે દાનપેટી ઉઠાવી તે ગણતરીની સેકન્ડોમાં મંદિરની બહાર ફરાર થઈ જાય છે. ચોરી કરતા પહેલા ત્રણ વાર હાથ જોડવા અને કાન પકડવાની તેની આ પદ્ધતિએ લોકોમાં કુતૂહલ જગાડ્યું છે.સમગ્ર મામલે મંદિર સંચાલક દ્વારા ડીંડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ફૂટેજમાં ચોરનો ચહેરો સ્પષ્ટ દેખાઈ રહ્યો હોવાથી પોલીસને આશા છે કે તે ટૂંક સમયમાં ઝડપાઈ જશે. જોકે, સ્થાનિકોમાં ચર્ચા છે કે ભલે ચોરે માતાજીની માફી માંગી હોય, પણ કાયદાના શિકંજામાંથી બચવું તેના માટે હવે અઘરું છે.



### • સંક્ષીપ્ત સમાચાર

#### રાજકોટમાં આ કેવો અકસ્માત? કારના બે ટુકડાં થયા, મેળાથી પાછા આવતા યુવક-યુવતીનું મોત

રાજકોટના જેતપુરમાં આજે(15 ફેબ્રુઆરી) જેતલસર જંકશન રેલવે પુલ પર વહેલી સવારે ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. ગંભીર કાર અકસ્માતના બનાવમાં યુવક અને યુવતીનું મોત નીપજ્યું છે. જ્યારે બે ઈજાગ્રસ્ત યુવકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત એટલો ભયાનક હતો કે, કારના બે ભાગ થઈ ગયા હતા. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, મહા શિવરાત્રિ પર જૂનાગઢમાં ભવ્ય મેળો યોજાયો છે, ત્યારે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટ્યાં છે. તેવામાં જૂનાગઢના મહા શિવરાત્રિના મેળામાંથી પરત ફરી રહેલા યુવક-યુવતીની કારનો જેતપુરના જેતલસર જંકશન રેલવે પુલ પર અકસ્માત થયો હતો. જેમાં મુસ્કાન બગડા અને અરુણ વાળા નામના બે યુવક-યુવતીનું કરૂણ મોત થયું હતું. જ્યારે અમિત પરમાર અને જયદીપ ચૌહાણ નામના બે યુવકો ગંભીર રીત ઈજાગ્રસ્ત થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. માહિતી અનુસાર કાર પુલ પર ડિવાઈડર સાથે એટલી ભયાનક રીતે ટકરાઈ હતી કે કારના બે ટુકડા જ થઈ ગયા હતા.

### SOGએ પકડ્યો હતો ગેરકાયદેસર બાયો-ડીઝલનો જથ્થો

# કેડિયા બેટ પર ભયંકર આગ લાગતા વીડિયો વાયરલ ફાયર વિભાગને આગ લાગવાનો નથી મળ્યો કોલ

## પ્રાથમિક માહિતી મુજબ, સ્થાનિક લોકોએ પોતાના મોબાઈલ ફોનમાં આ દ્રશ્યો કેદ કર્યા હતા

• સુરત

સુરત શહેરમાં સોશિયલ મીડિયા પર એક ભયંકર આગનો વીડિયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો સુરતના કેડિયા બેટ વિસ્તારનો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, આ ઘટનામાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે સુરત ફાયર વિભાગે સ્પષ્ટતા કરી કે, આ વિસ્તારમાં આગ લાગવાનો કોઈ 'કોલ' તેમને મળ્યો નથી. આ વિરોધાભાસને કારણે હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં રાત્રિના અંધકારમાં કેડિયા બેટ વિસ્તારમાં ભીષણ આગ લાગેલી જોવા મળે છે. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊંચે સુધી ઉડતા દેખાય છે. પ્રાથમિક માહિતી મુજબ, સ્થાનિક લોકોએ પોતાના મોબાઈલ ફોનમાં આ દ્રશ્યો કેદ કર્યા હતા.

સામાન્ય રીતે આવી ભીષણ આગની ઘટના બને ત્યારે ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચતી હોય છે. પરંતુ, આ કિસ્સામાં આશ્ચર્યજનક બાબત એ છે કે સુરત ફાયર વિભાગ પાસે આવી કોઈ ઘટનાની નોંધ જ નથી. ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, તેમને કેડિયા બેટ વિસ્તારમાંથી આગ અંગેનો કોઈ સંદેશ મળ્યો નથી, કે કોઈ પણ ફાયર ફાઈટર ત્યાં મોકલવામાં આવ્યા નથી.કેડિયા બેટ વિસ્તાર ભૂતકાળમાં પણ વિવાદોમાં રહ્યો છે. થોડા સમય પહેલા જ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ આ વિસ્તારમાં દરોડા પાડીને મોટા પ્રમાણમાં ગેરકાયદેસર બાયો-ડીઝલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઈંધણના સંગ્રહ અને વેચાણની પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું અગાઉ પણ સામે આવ્યું છેશું કોઈ મોટી ગેરકાયદે પ્રવૃત્તિના પુરાવા નાશ કરવા માટે જાણીજોઈને આગ લગાડવામાં આવી હતી?જો ફાયર વિભાગને જાણ કરવામાં આવી નહોતી, તો શું આગ પર પોતાની રીતે જ કાબૂ મેળવી લેવાયો હતો?



### સિટી લાઇટમાં રૂંગટા એસ્ટેલા નામની બિલ્ડીંગ નીચે ભીષણ આગ:બિલ્ડિંગની પાછળના ભાગમાં કચરાના ઢગલામાં આગ, ફાયર વિભાગની 6થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે

• સુરત

સુરતના સિટી લાઈટ વિસ્તારમાં આવેલી નવી બનેલી રુંગટા એસ્ટેલા નામની બિલ્ડીંગ નીચે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે, જેમાં આગના ગોટેગોટા દૂર સુધી નજરે પડતા ભયનો માહોલ સર્જાયો હતો. ખાસ કરીને બે બિલ્ડિંગની વચ્ચેના ભાગમાં આગની જ્વાળાઓ જોવા મળી હતી. આ ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની પાંચથી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. બિલ્ડિંગની પાછળના ભાગમાં જમા થયેલા કચરાના ઢગલામાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતુંસુરતના પોશ ગણાતા સિટી લાઈટ વિસ્તારમાં આવેલી 15 માળની નવનિર્મિત 'રૂંગટા એસ્ટેલા' બિલ્ડિંગમાં આજે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ બિલ્ડિંગમાં અંદાજે 2થી 3 કરોડ રૂપિયાની કિંમતના અત્યાધુનિક ફ્લેટ આવેલા છે, જેમાં ખાસ કરીને ઉપરના બે માળ પેન્ટહાઉસ તરીકે તૈયાર કરવામાં આવ્યા છે.બિલ્ડિંગનું નિર્માણ કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું હતું અને માત્ર એલિવેશન તથા ફિનિશિંગ જેવા આખરી ઓપના કામો ચાલી રહ્યા હતા. જોકે, આ અકસ્માતને કારણે બિલ્ડિંગના કલર કામને ભારે નુકસાન પહોંચ્યું છે અને પ્રચંડ ગરમીને કારણે અનેક ફ્લેટના મોંઘા કાચ પણ તૂટી ગયા છે.નવનિર્મિત બિલ્ડિંગના બાહ્ય દેખાવ અને સ્ટ્રક્ચરને મોટા પ્રમાણમાં નુકસાનઆગ લાગવાની ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બિલ્ડિંગની આગળના ભાગમાં દુકાનો આવેલી હોવાથી અને મુખ્ય માર્ગ પર આ ઘટના બની હોવાથી રસ્તા પર ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો .

### દક્ષિણ ગુજરાતમાં 4583 કરોડના ખર્ચે ફોરલેન હાઈવેને મંજૂરી

# 108 કિમીનો નવો હાઈવે સુરત, નર્મદા અને તાપી જિલ્લામાંથી પસાર થશે

• ગાંધીનગકર

દક્ષિણ ગુજરાત માટે મહત્વપૂર્ણ નિર્ણય લેતાં કેન્દ્રીય કેબિનેટે નવા હાઈવે પ્રોજેક્ટને રૂ. 4583.64 કરોડની મંજૂરી આપી છે. પ્રોજેક્ટ અંતર્ગત 107 કિલોમીટર લાંબો 4 લેન હાઈવે બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટને PM Gati Shakti વિઝન હેઠળ મંજૂરી આપવામાં આવી છે, જે દેશભરમાં આધુનિક અને સંકલિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને ગતિ આપવાનો હેતુ ધરાવે છે.નવા મંજૂર કરાયેલા રસ્તાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, નર્મદા, તાપી અને સુરત જિલ્લાને ફાયદો થશે.



આ નવા હાઈવેના નિર્માણથી દક્ષિણ ગુજરાતના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોને મોટી રાહત મળશે. માર્ગ વ્યવસ્થા સુધરતા ઉદ્યોગ, કૃષિ અને વેપાર ક્ષેત્રને પ્રોત્સાહન મળશે તેમજ પરિવહન ખર્ચ અને સમય બંનેમાં ઘટાડો થશે. સ્થાનિક લોકો માટે રોજગારીના નવા અવસર ઉભા થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કેન્દ્રીય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ રાજ્યના સર્વાંગી વિકાસ માટે માઈલસ્ટોન સાબિત થશે. તેમણે ઉમેર્યું કે દક્ષિણ ગુજરાતને રાષ્ટ્રીય હાઈવે નેટવર્ક સાથે વધુ મજબૂત રીતે જોડવાથી વિસ્તારના આર્થિક વિકાસને નવી દિશા મળશે.

હાઈવે પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ પ્રવાસ વધુ સલામત અને ઝડપી બનશે, સાથે જ પર્યટન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને પણ પ્રોત્સાહન મળશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેના સંકલનથી આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવાની દિશામાં પગલાં લેવામાં આવશે.

### કર્મચારીએ સુરત પાલિકા સામે કાનૂની જંગ છેડ્યો, સર્વિસ લાભો ચૂકવવા નોટિસ

• સુરત

સુરત મહાનગરપાલિકામાં વર્ષ 1998માં ભારે ચર્ચાયેલા 'લીલ સફાઈ' કૌભાંડનો મામલો ફરી એકવાર ગરમાયો છે. આ કેસમાં 26 વર્ષ પહેલાં નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલા ભૂતપૂર્વ કર્મચારી દેવાંશુ સુધિરચંદ્ર દેસાઈએ કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર થયા બાદ હવે પોતાના હક્કો માટે પાલિકા કમિશનરને કાયદેસરની લીગલ નોટિસ ફટકારી છે.દેવાંશુ દેસાઈ જેમની નિમણૂક 29 માર્ચ 1988 ના રોજ ક્લાર્ક તરીકે થઈ હતી, તેમને 1998 માં આ કૌભાંડમાં સંડોવણીના આરોપસર કોઈ પણ પ્રકારની વિભાગીય તપાસ કે નિયમસરની ચાર્જશીટ આપ્યા વિના જ સીધા બરતરફ કરી દેવામાં આવ્યા હતા. આ કાર્યવાહી કાયદેસરની પ્રક્રિયાનું ઉલ્લંઘન હોવાનો દાવો કરીને તેમણે લાંબી કાનૂની લડત લડી હતી. આ કેસમાં વળાંક ત્યારે આવ્યો જ્યારે 13 સપ્ટેમ્બર 2024ના રોજ સેશન્સ કોર્ટે તમામ આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ જાહેર કર્યા હતા. એડવોકેટ હિરનેશ ભાવસાર મારફતે મોકલેલી નોટિસમાં જણાવાયું છે કે, જ્યારે બરતરફીનો પાયો ગણાતો ફોજદારી કેસ જ સાબિત થયો નથી, ત્યારે બરતરફીનો આદેશ આપોઆપ અમાન્ય ઠરે છે. નોટિસમાં વધુમાં ઉલ્લેખ કરાયો છે કે 1998 થી લેબર કોર્ટમાં ચાલતો ઉદ્યોગ વિવાદ હજુ પેન્ડિંગ છે અને અગાઉ પાલિકાની કેટલીક અરજીઓ પણ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓને ટાંકીને દલીલ કરવામાં આવી છે કે સમાન આધાર પર થયેલી કાર્યવાહીમાં જો કર્મચારી નિર્દોષ છૂટે તો તેને તમામ રાહતો મળવી જોઈએ.

### 11 ગુનાનો આરોપી પોલીસ સ્ટેશનમાં જ મીડિયાકર્મીઓને ધમકાવવા લાગ્યો

# સુરતમાં કરોડોની જમીન પચાવી પાડવાના પ્રયાસના કેસમાં ધરપકડ, મોડસ ઓપરેન્ડી ખુલ્લી પડી

• સુરત

સુરતમાં જમીન માલિકોને છેતરી કરોડોની જમીન પચાવી પાડવામાં માહેર ગણાતો આરોપી વિનુ હરીભાઈ માલવિયા ફરી એકવાર કાયદાના સકંજામાં આવ્યો છે. સુરત ઈકોનોમિક સેલ દ્વારા વેસુ વિસ્તારની કિંમતી જમીન હડપ કરવાના કેસમાં તેની ધરપકડ કરવામાં આવી છે. 11 જેટલા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો વિનુ માલવિયા જ્યારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો, ત્યારે તેનો અક્કડ મિજાજ અને મીડિયા પ્રત્યેનો તેનો ઉદ્ધત અભિગમ ચર્ચાનો વિષય બન્યો હતો. DCP કરણસિંહ રાજ વાઘેલાએ તેને 'રીઢો અને ચાલાક' ગુનેગાર ગણાવ્યો છે, જ્યારે વિનુ હજુ પણ પોતાની નિર્દોષતાનો ડોળ કરી રહ્યો છે. કોર્ટ દ્વારા ચાર દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

વેસુ ગામના નવા બ્લોક/સર્વે નંબર 311/2 વાળી કરોડોની જમીન પચાવી પાડવા માટે વિનુ માલવિયા અને તેના સાગરિત પ્રતુલ પટેલે એક મસમોટું ગુનાહિત કાવતરું રચ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ બંને શખસોએ નવી શરતની જમીન, જેનું વેચાણ કાયદેસર રીતે શક્ય નથી, તેના બોગસ સાટાખતો બનાવ્યા હતા. આરોપીઓએ જૂની તારીખના સ્ટેમ્પ પેપર મેળવી, તેના પર બનાવટી લખાણો ઊભા કર્યા હતા. આ કેસની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે સ્ટેમ્પ રજીસ્ટ્રેશન નંબર 5062 વાળા એક જ સ્ટેમ્પ પેપર પર બે અલગ અલગ તારીખો (16/08/2001 અને 26/05/2001) લખીને અલગ અલગ સાટાખતો તૈયાર કરવામાં આવ્યા હતા.



વિનુ માલવિયાની ધરપકડ બાદ તેને જ્યારે મીડિયા સમક્ષ લાવવામાં આવ્યો ત્યારે તેનો એટીટ્યુડ કોઈ રીઢા અપરાધી જેવો જ હતો. મીડિયાના કેમેરા જોઈને ભડકેલા વિનુએ કહ્યું હતું કે, 'કોઈની બેઈજ્જતી ન કરો, હજી તો તપાસ ચાલે છે. મીડિયામાં છાપીને તમને શું મળવાનું છે? આ કોર્ટની કોઈ પ્રોસિજર નથી.' 11 જેટલા ગુનાઓ જેની પર નોંધાયેલા છે તેવો આરોપી નૈતિકતા અને મર્યાદાની વાતો કરતો જોઈ પોલીસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. તેની આંખોમાં કાયદાનો કોઈ ડર દેખાતો નહોતો, ઉલટાનું તે મીડિયાકર્મીઓને જ શિખામણ આપતો જોવા મળ્યો હતો. પૂછપરછમાં પોલીસને પણ ગોળ ગોળ ફેરવી

સુરત ઈકોનોમિક સેલના DCP કરણસિંહ રાજ વાઘેલાએ આ મામલે કડક વલણ અપનાવ્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે વિનુ માલવિયા એક જાણીતો અને રીઢો ગુનેગાર છે. તે પોલીસ તપાસમાં જરા પણ સહકાર આપી રહ્યો નથી અને પ્રશ્નોના ગોળ-ગોળ જવાબ આપીને તપાસ અધિકારીઓને ગેરમાર્ગે દોરી રહ્યો છે. DCP એ વધુમાં ઉમેર્યું હતું કે આરોપી એટલો ચાલાક છે કે તે પોતાની ગુનાહિત પદ્ધતિઓને છુપાવવા માટે સતત પ્રયત્નો કરી રહ્યો છે, પરંતુ પોલીસ તેની કુંડળી ખંગાળી રહી છે.ઈકો સેલના ડીસીપી કરણરાજ સિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, વીનુ માલવિયા જાણીતો ગુનેગાર છે, સુરત શહેરની અંદર ટોટલ અલગ-અલગ 11 જેટલા એની વિરુદ્ધમાં ગુનાઓ દાખલ થયેલા છે અને એનો ગુનાઈત ઈતિહાસ 2009થી આજ સુધીનો છે. 2009થી 2026ની વચ્ચે એની વિરુદ્ધમાં અલગ-અલગ 11 ગુનાઓ દાખલ થયેલા છે જેની અંદર 8 જેટલા ગુનાઓ આ જ પ્રકારના છેતરપિંડી અને ફોર્જરીના 406, 420, 465, 67, 68, 71ના ગુનાઓ છે. એ ઉપરાંત એક એક્સટોર્શનનો ગુનો પણ એની વિરુદ્ધમાં દાખલ થયેલો છે, એક રાયોટિંગનો ગુનો પણ એની વિરુદ્ધમાં દાખલ થયેલો છે અને એક આઈ.ટી.એક્ટનો ગુનો પણ એની વિરુદ્ધમાં દાખલ થયેલો છે.

# મૂકબધિર યુવતીને બ્લેકમેઈલ કરી પીંખી નાખી:અંગતપળોના ફોટો વાઈરલ કરવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચર્યું

સુરત

સુરતના ઈચ્છાપોર પોલીસ સ્ટેશનની હદમાં માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી હતી. જેમાં એક મૂકબધિર યુવતીની લાચારીનો ફાયદો ઉઠાવી શખ્સે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપી અભિષેક મોતીલાલ શાહની પોલીસને સાઈન લેંગ્વેજ એક્સપર્ટની મદદથી મોટી કડી મળી ને ટેકનિકલ સર્વેલન્સ સહિતની મદદથી નવસારીના વેસ્મા ખાતેથી દબોચી લીધો છે. પોલીસે અત્યંત સંવેદનશીલતા દાખવી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.કલ્પના કરો કે તમારી સાથે કંઈક અત્યંત ભયાનક ઘટી રહ્યું છે, તમે મદદ માટે બૂમ પાડવા માંગો છો પણ અવાજ નીકળતો નથી. તમે રડવા માંગો છો પણ તમારી વેદના કોઈ સમજી શકતું નથી. સુરતના ઈચ્છાપોરના ભટલાઈ ગામની એક મૂકબધિર યુવતી સાથે બરાબર આવું જ થયું. પણ આ મૌન વચ્ચે જ્યારે 'મૂકબધિર વિકાસ ટ્રસ્ટ' અને પોલીસની સંવેદનશીલતા ભળી, ત્યારે એક એવો ન્યાય તોળાયો જેની ચર્ચા આખા સુરતમાં છે.પ્રાપ્ત વિગતો અનુસાર, 21 વર્ષીય આરોપી અભિષેક શાહ છેલ્લા એક વર્ષથી ભોગ બનનાર યુવતીના પરિચયમાં હતો. ભોગ બનનાર યુવતી બોલી કે સાંભળી શકતી ન હોવાથી આરોપીએ તેની આ શારીરિક મર્યાદાનો ખોટો ફાયદો ઉઠાવ્યો હતો. આરોપીએ યુવતીના અંગત ફોટા પાડી લીધા હતા અને ત્યારબાદ તેને સોશિયલ મીડિયા પર વાઈરલ કરવાની ધમકી આપી બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. આ ધમકીના આધારે આરોપીએ યુવતી પર વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો અને ગુનો આચરી ફરાર થઈ ગયો હતો.

આ કેસમાં સૌથી મોટો પડકાર ભોગ બનનાર યુવતીની આપવીતી સમજવાનો હતો. યુવતી બોલી શકતી ન હોવાથી પોલીસ માટે ઘટનાની કડીઓ મેળવવી મુશ્કેલ હતી.



# રાજકોટ રેલવે સ્ટેશનમાં પોલીસમેન સાથે લૂખ્ખાની સરાજાહેર ઝપાઝપી

• રાજકોટ

રાજકોટમાં લુખ્ખાઓને પોલીસનો પણ ડર રહ્યો નથી તેની વધુ એક પ્રતીતી કરાવતી ઘટના સામે આવી છે. રાજકોટ રેલવે સ્ટેશન પર પોલીસ હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ ફતેસિંહ સાથે આરીફ ઉર્ફે માલીશ બસીરભાઈ બ્લોચ (ઉ.વ.૩૩, રહે. રુખડીયા મ.પરા) એ ઝપાઝપી કરી ધમકી આપી ફરજમાં રુકાવટ કર્યાની રેલવે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.રેલવે પોલીસે યોગીરાજસિંહની ફરિયાદ પરથી આરીફ ઉર્ફે માલીશ સામે ગુનો દાખલ કરી તેને ઝડપી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું. યોગીરાજસિંહે ફરિયાદમાં જણાવ્યું કે, તે છેલ્લા ત્રણ વર્ષથી રેલવે પોલીસ સ્ટેશનમાં સર્વેલન્સ ડ્યુટીની ફરજ બજાવે છે. શિવરાત્રીના તહેવારને અનુલક્ષીને તે આજે સવારે આઠથી રાતના આઠ સુધી રેલવે સ્ટેશન પર અન્ય સ્ટાફ સાથે સર્વેલન્સ ડ્યુટી પર હતા. આશરે પોણા આઠેક વાગ્યાની આસપાસ રેલવે સ્ટેશન પર ૧/બી ઉપર અનાજ ગોડાઉનનાં પ્રવેશ દ્વાર સામે તે પેટ્રોલીંગમાં હતા ત્યારે શંકાસ્પદ જોવામાં આવતા તેને તમારે ટ્રેન મુસાફરી કરવાની છે તેમ પુછતા ઉશ્કેરાયેલા શખ્સે પોતાનું નામ આરીફ ઉર્ફે માલીશ હોવાનું કહીં તેની સાથે ઉગ્રતાથી અપશબ્દ બોલી ઝપાઝપી કરવા લાગ્યો હતો. એટલું જ નહીં તેણે ધમકી આપી ફરજમાં રુકાવટ કરી હતી. તેણે સાથેના અન્ય પોલીસ કર્મચારીઓને વાત કરતા સ્ટાફે તેને અટકાવી દીધો હતો. પુછપરછ કરાતા આરોપીએ તેનું નામ સરનામુ કહીં રાજકોટ શહેર/રેલવેમાં ઘણા ખરા કેસ છે તેમ કહીં ઉગ્રતાથી કહેવા લાગતા અંતે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

### ભારતે 100 દેશોને બોલાવ્યા પાડોશીને આમંત્રણ નહીં

# વિશ્વના સૌથી મોટા AI સમિટમાંથી પાકિસ્તાનની બાદબાકી:6 ફેબ્રુઆરીથી AIનો મહાકુંભ

## આ બહુપ્રતિક્ષિત સમિટ માટે પાકિસ્તાનને આમંત્રિત કરવામાં આવ્યું નથી, જેને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે

• ભારત

ભારત 16 થી 20 ફેબ્રુઆરી 2026 દરમિયાન AI-Impact Summit ની યજમાની કરવા જઈ રહ્યું છે. આ ગ્લોબલ સમિટમાં 100 થી વધુ દેશો ભાગ લઈ રહ્યા છે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની પોલિસી, ઈનોવેશન, એથિક્સ, સિક્યુરિટી અને ગ્લોબલ કો-ઓપરેશન જેવા મહત્વના વિષયો પર મંથન થશે. જોકે, આ બહુપ્રતિક્ષિત સમિટ માટે પાકિસ્તાનને આમંત્રિત કરવામાં આવ્યું નથી, જેને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ સંમેલન ત્રણ મૂળભૂત સૂત્રો- People (લોકો), Planet (પૃથ્વી) અને Progress (પ્રગતિ) પર આધારિત છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સમિટમાં ભાગ લેનારા દેશોની પસંદગી વ્યૂહાત્મક અને નીતિગત ધોરણોના આધારે કરવામાં આવી છે. ભારતનો ભાર એવા દેશો સાથે સહયોગ વધારવા પર છે જે જવાબદાર, સુરક્ષિત અને માનવ-કેન્દ્રિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિકસાવવાના સમાન દ્રષ્ટિકોણનું સમર્થન કરે છે. આ સમિટ ટેકનોલોજીના માધ્યમથી વૈશ્વિક પડકારો- જેમ કે આરોગ્ય, શિક્ષણ, આબોહવા પરિવર્તન અને આર્થિક વિકાસના ઉકેલો શોધવા પર કેન્દ્રિત રહેશે.

વડાપ્રધાન મોદીના વ્યક્તિગત આમંત્રણ પર અનેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ સમિટમાં ભાગ લેશે. યુરોપ, અમેરિકા, એશિયા-પેસિફિક, આફ્રિકા અને ખાડી દેશોના ટોચના નેતાઓ આ મંચ પર AI ના ભવિષ્ય, વૈશ્વિક ધોરણો અને સહયોગના માર્ગો પર વિચાર-વિમર્શ કરશે. આ ઉપરાંત, 45 થી વધુ દેશોના મંત્રી-સ્તરના પ્રતિનિધિમંડળોની ભાગીદારી નિશ્ચિત છે, જે આ સંમેલનને સાચા અર્થમાં વૈશ્વિક મંચનું સ્વરૂપ આપશે. યુનાઈટેડ નેશન્સના મહાસચિવ અને અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ પણ આ સમિટમાં સામેલ થાય તેવી શક્યતા છે.ભારત તરફથી કહેવામાં આવ્યું છે કે AI-Impact Summit નો ઉદ્દેશ્ય માત્ર ટેકનિકલ પ્રદર્શન નથી, પરંતુ નીતિ-નિર્માણ, રોકાણ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને આંતરરાષ્ટ્રીય ધોરણો પર નક્કર સહયોગ સ્થાપિત કરવાનો છે. સમિટ દરમિયાન મંત્રી સ્તરના સત્રો, નિષ્ણાત પેનલ્સ, સ્ટાર્ટઅપ શોકેસ અને દ્વિપક્ષીય બેઠકોનું આયોજન પણ કરવામાં આવશે. આ સમિટ માટે પાકિસ્તાનને આમંત્રણ ન આપવા અંગે સત્તાવાર રીતે કોઈ વિગતવાર કારણ જાહેર કરવામાં આવ્યું નથી.




### • સંક્ષીપ્ત સમાચાર

**સ્ટેન્ડઅપ કોમેડિયન બનવા અમેરિકા ગયેલા અભિનેતાનું દર્દ છલકાયું! સિક્યુરિટી ગાર્ડ બની ગુજરાન ચલાવ્યું**

એક્ટર, મોડેલ અને રિયાલિટી શૉ સ્ટાર સિદ્ધાર્થ ભારદ્વાજ હાલમાં 'ધ 50' શૉમાં દેખાઈ રહ્યો છે. ફેન્સને શૉમાં સિદ્ધાર્થની એક્ટિંગ ખૂબ જ પસંદ આવી રહી છે. તેવામાં સિદ્ધાર્થે ફેન્સ સાથે પોતાની સફર વિશે વાત શેર કરી હતી. સ્ટેન્ડઅપ કોમેડિયન બનવા અમેરિકા ગયેલા સિદ્ધાર્થનું દર્દ છલકાયું! એક્ટરે ખુલાસો કર્યો કે, હું અમેરિકામાં હતો ત્યારે સિક્યુરિટી ગાર્ડ બનીને ગુજરાન ચલાવ્યું હતું. 'ધ 50' શૉમાં સિદ્ધાર્થે જણાવ્યું કહ્યું કે, 'કોવિડ-19 મહામારીમાં પોતાનું સપનુ પૂરું કરવા માટે અમેરિકા ગયો હતો. ભારતમાં હું પહેલાથી જ ફેમસ હતો. તેમ છતાં અમેરિકામાં મે ટેક્સી ડ્રાઈવર અને બાઉન્સર સહિતની અનેક નોકરીઓ કરવી પડી હતી.' 'ધ 50' શૉમાં એક ટાસ્ક દરમિયાન સિદ્ધાર્થે જણાવ્યું કે, વર્ષ 2020માં મહામારી દરમિયાન જ્યારે એન્ટરટેનમેન્ટ ઈન્ડસ્ટ્રી ઠપ પડી ગઈ હતી, ત્યારે મે ઘણો મુશ્કેલ સમય જોયો હતો. આ મુશ્કેલ સમયમાં મે અમેરિકામાં કેટલીક નોકરીઓ કરી હતી. મેં એક સ્ટ્રીપ ક્લબમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે પણ કામ કર્યું હતું. અમેરિકામાં રહેવાને લઈને સિદ્ધાર્થે જણાવ્યું હતું કે, અમેરિકામાં રહેવું મારા માટે અચાનક લેવાયેલો નિર્ણય ન હતો.

### ઉજ્જૈનમાં મહાકાલને 11 ફૂટનો સાફો

# મહાશિવરાત્રિ પર 12 જ્યોતિર્લિંગ સહિત શિવાલયોમાં દર્શન-પૂજન:કાશી વિશ્વનાથ મંદિરની બહાર 5 કિમી લાંબી લાઇન

## મહાકાલનો વરરાજાના રૂપમાં શ્રૃંગાર કરવા માટે 3 ક્વિન્ટલ ફૂલ મંગાવવામાં આવ્યા છે

• નવી દિલ્હી

દેશભરમાં આજે મહાશિવરાત્રી પર્વ ઊજવવામાં આવી રહ્યો છે. 12 જ્યોતિર્લિંગ અને શિવ મંદિરોમાં મધ્યરાત્રિથી જ દર્શન-પૂજન કરવા માટે ભક્તો પહોંચી રહ્યા છે. મહાકાલેશ્વર મંદિરમાં આજે 10 લાખ લોકો પહોંચવાનો અંદાજ છે. મહાકાલ મંદિરના કપાટ રાત્રે 2.30 વાગ્યાથી ખુલ્લા છે. અહીં સતત 44 કલાક દર્શન-પૂજન થશે. આ દરમિયાન શયન આરતી થશે નહીં. 16 ફેબ્રુઆરીએ બપોરે 12 વાગ્યે વર્ષમાં એકવાર થતી ભસ્મ આરતી પણ થશે.

મહાકાલનો વરરાજાના રૂપમાં શ્રૃંગાર કરવા માટે 3 ક્વિન્ટલ ફૂલ મંગાવવામાં આવ્યા છે. 100 કિલો આંકડાના ફૂલ, સવા લાખ બીલીપત્ર, 200 કિલો દેશી ફૂલથી 11 ફૂટનો સાફો બનાવવામાં આવ્યો. મધ્યપ્રદેશના ખંડવામાં ઓમકારેશ્વર મંદિરને રાત્રે 3 વાગ્યાથી દર્શન માટે ખોલવામાં આવ્યું છે. અહીં 24 કલાક સુધી સતત દર્શન પૂજન કરવામાં આવશે.તો, કાશીના વિશ્વનાથ મંદિરમાં રાત્રે 2:15 વાગ્યે મંગળા આરતી કરવામાં આવી. 3:30 વાગ્યે મંદિર દર્શન માટે ખુલી ગયું. અહીં રાતથી ભક્તોની લાંબી કતાર લાગી છે.ઝારખંડના દેવઘરમાં બાબાધામ મંદિરમાં શનિવારે પરંપરા અનુસાર પંચશૂળોની વિશેષ પૂજા કરવામાં આવી. ત્યારબાદ મંદિરના શિખરો પર પંચશૂળોની પુનઃસ્થાપના સાથે જ બાબા વૈદ્યનાથ અને માતા પાર્વતીનું પરંપરાગત ગઠબંધન પણ થયું. અહીં મહાશિવરાત્રિ પર સવારે 3:15 વાગ્યે વિશેષ પૂજા કરવામાં આવી. સવારે 4:25 વાગ્યે મંદિરના દરવાજા સામાન્ય શ્રદ્ધાળુઓ માટે ખોલી દેવામાં આવ્યા. રવિવારે બાબા વૈદ્યનાથ મંદિરમાં શિવ-પાર્વતી વિવાહ થશે. સાંજે શિવ બારાત કાઢવામાં આવશે.



# સોનું આ અઠવાડિયે 687 મોંઘું થયું, 1.52 લાખ થયું:ચાંદી 2,496 સસ્તી થઈ, 2.42 લાખ પ્રતિ કિલો પર આવી

• નવી દિલ્હી

આ અઠવાડિયે સોનાના ભાવમાં નજીવો વધારો અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો. શુક્રવાર, 13 ફેબ્રુઆરીના રોજ સોનાનો ભાવ 687 રૂપિયા વધીને 10 ગ્રામ દીઠ 1,52,765 રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા, ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે એટલે કે 6 ફેબ્રુઆરીના રોજ તે 1,52,078 રૂપિયા પર હતો.જ્યારે, ચાંદીનો ભાવ 2,496 રૂપિયા ઘટીને પ્રતિ કિલો 2,42,433 રૂપિયા પર આવી ગયો છે. આ પહેલા 6 ફેબ્રુઆરીના રોજ તેની કિંમત પ્રતિ કિલો 2,44,929 રૂપિયા હતી. જોકે, આ અઠવાડિયામાં 11 ફેબ્રુઆરીના રોજ સોનું 10 ગ્રામ દીઠ 1,57,322 રૂપિયા અને ચાંદી પ્રતિ કિલો 2,66,449 રૂપિયા પર પહોંચી ગઈ હતી. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 19,570 રૂપિયા વધી ચૂકી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,33,195 રૂપિયાનું હતું, જે હવે 1,52,765 રૂપિયા થઈ ગયું છે.જ્યારે, ચાંદી 12,013 રૂપિયા મોંઘી થઈ ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીની કિંમત 2,30,420 રૂપિયા હતી, જે હવે પ્રતિ કિલો 2,42,433 રૂપિયા પર પહોંચી ગઈ છે.2025માં સોનું 57 હજાર રૂપિયા (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.આ સમય દરમિયાન ચાંદી 1.44 લાખ રૂપિયા (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86,017 રૂપિયાની હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખોસર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

### ભારતીય નિખિલ ગુપ્તા 24 વર્ષ સુધી જેલવાસ

# ખાલિસ્તાની આતંકી પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના કેસમાં અમેરિકાએ સજા ફટકારી

• ન્યૂયોર્ક

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના કેસમાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને 24 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ANIના રિપોર્ટ અનુસાર, નિખિલે શુક્રવારે અમેરિકાના ન્યૂયોર્કની કોર્ટમાં પોતાનો ગુનો કબૂલી લીધો છે. 29 મેના રોજ સજાની ઔપચારિક જાહેરાત કરવામાં આવશે. અમેરિકી તપાસ એજન્સી FBIએ X પર પોસ્ટ કરીને નિખિલ ગુપ્તાના ગુનાની કબૂલાતની જાણકારી આપી. FBIએ ટ્વીટ કર્યું કે આનો સીધી અર્થ એવો થાય કે FBIએ ખાલિસ્તાની આતંકવાદી ગુરવંત સિંહ પન્નુ અમેરિકન નાગરિક છે એવું સ્વીકારી લીધું છે.

એટર્ની ઓફિસના નિવેદન અનુસાર, નિખિલ ગુપ્તા ઉર્ફે 'નિક'એ સેકન્ડ સુપરસીડિંગ ઈન્ડિક્ટમેન્ટમાં લગાવવામાં આવેલા ત્રણેય આરોપ સ્વીકાર્યા છે. આ આરોપોમાં મર્ડર-ફોર-હાયર, મર્ડર-ફોર-હાયરનું કાવતરું અને મની લોન્ડરિંગનું કાવતરું સામેલ છે. ગુરપતવંત સિંહ પન્નુને ભારત સરકારે 1 જુલાઈ 2020ના રોજ UAPA હેઠળ આતંકવાદી જાહેર કર્યો હતો. તેના પર ભારતમાં અલગતાવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ છે.નિખિલની યુરોપિયન દેશ ચેક રિપબ્લિકમાંથી ધરપકડ કરવામાં આવી પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં નિખિલ ગુપ્તાની 30 જૂન 2023ના રોજ ચેક રિપબ્લિક પોલીસે ધરપકડ કરી હતી. ત્યાર બાદ 14 જૂન 2024ના રોજ નિખિલને અમેરિકા પ્રત્યાર્પિત કરવામાં આવ્યો હતો. નિખિલ પર અમેરિકામાં કેસ ચલાવવામાં આવ્યો, જ્યાં તેણે પોતાને નિર્દોષ ગણાવ્યો હતો.અમેરિકી એજન્સીઓ અનુસાર, ભારતના એક પૂર્વ અધિકારી વિકાસ યાદવે નિખિલ ગુપ્તાને પન્નુની હત્યાનું કાવતરું ઘડવા કહ્યું હતું. અમેરિકી ન્યાય વિભાગે દાવો કર્યો છે કે ભારત સરકારના એક કર્મચારીએ નિખિલ ગુપ્તાને પન્નુની હત્યા માટે એક હિટમેનની વ્યવસ્થા કરવાનું કહ્યું હતું. આ આરોપ મેનહટનની ફેડરલ કોર્ટમાં દાખલ કરાયેલા ઈન્ડિક્ટમેન્ટમાં લગાવવામાં આવ્યો હતો. તે કર્મચારીને આરોપપત્રમાં CC-1 કહેવામાં આવ્યો છેપન્નુકેસમાં ક્યારે, શું થયું, ચાર્જશીટ મુજબની સંપૂર્ણ ટાઈમલાઈન મે 2023: અમેરિકી પ્રોસિક્યુટર અનુસાર, એક ભારતીય અધિકારી (વિકાસ યાદવ)એ નિખિલ ગુપ્તાને હાયર કર્યા.




# રાહુલનો આરોપ, ટ્રેડ ડીલથી કપાસના ખેડૂતોને નુકસાન

• નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભારત-અમેરિકા ટ્રેડ ડીલને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે ટ્રેડ ડીલથી કપાસ ઉગાડતા ખેડૂતો અને કાપડ ઉદ્યોગ પર વિપરીત અસર પડશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શનિવારે પોતાના વીડિયો પોસ્ટમાં રાહુલે આરોપ લગાવ્યો કે 18% ટેરિફ વિરુદ્ધ 0% સમજાવું છું, કેવી રીતે જૂઠું બોલવામાં માહિર વડાપ્રધાન અને તેમની કેબિનેટ આના પર ભ્રમ ફેલાવી રહ્યા છે, અને કઈ રીતે તેઓ ભારત-અમેરિકા વ્યાપાર કરારથી દેશના કપાસ ખેડૂતો અને ટેક્સટાઈલ એક્સપોર્ટર્સને છેતરી રહ્યા છે.રાહુલ બોલ્યા- જો આપણે અમેરિકી કપાસ મંગાવીએ તો આપણા ખેડૂતો બરબાદ થઈ જશે. જો ન મંગાવીએ, તો આપણો ટેક્સટાઈલ ઉદ્યોગ તબાહ થઈ જશે.રાહુલ બોલ્યા- જો આપણે અમેરિકી કપાસ મંગાવીએ તો આપણા ખેડૂતો બરબાદ થઈ જશે. જો ન મંગાવીએ, તો આપણો ટેક્સટાઈલ ઉદ્યોગ તબાહ થઈ જશે.રાહુલે કહ્યું કે બાંગ્લાદેશને અમેરિકામાં ગારમેન્ટ્સની નિકાસ પર 0% ટેરિફનો ફાયદો આપવામાં આવી રહ્યો છે - શરત માત્ર એટલી જ છે કે તેઓ અમેરિકી કપાસની આયાત કરે.રાહુલે જણાવ્યું કે ભારતના ગારમેન્ટ્સ પર 18% ટેરિફની જાહેરાત પછી જ્યારે મેં સંસદમાં બાંગ્લાદેશને મળી રહેલી ખાસ છૂટછાટ પર સવાલ ઉઠાવ્યો, ત્યારે મોદી સરકારના મંત્રીનો જવાબ આવ્યો - જો આ જ ફાયદો આપણને પણ જોઈતો હોય, તો અમેરિકાથી કપાસ મંગાવવો પડશે.

### કેનેડાનું કપલ ભૂલથી સ્લીપર કોચમાં ચડ્યું

# જલગાંવની ટ્રેનમાં બાળકો સાથે ધમાલ-મસ્તી કરી; છાપામાં નાસ્તો કરતાં જોઈને મોજ પડી, વીડિયોને 6.51 લાખ વ્યૂ મળ્યા


• ભારત

ભારત ફરવા આવેલા કેનેડાના કપલે મહારાષ્ટ્રના જલગાંવથી ચંદ્રપુર સ્ટેશન સુધીની ટ્રેનની ટિકિટ લીધી. બંને થાકેલા હતા એટલે વિચાર્યું કે એસી કોચમાં આરામ કરતાં કરતાં પહોંચી જઈશું. કારણ કે જલગાંવથી ચંદ્રપુર સાત કલાક થાય. બંનેની ઈચ્છા હતી કે સાતેક કલાકની શાંતિથી ઉંઘ થઈ જાય. પછી થયું એવું કે એસી કોચના બદલે ભૂલથી સ્લીપર કોચની ટિકિટ લેવાઈ ગઈ.

કીમ ગ્રીનવૂડ નામના વ્યકિત પોતાની બર્થમાં આડા પડ્યા. તેની પત્નીને કહ્યું કે, તું પણ આરામ કરી લે. પણ પોતાની બર્થ પાસેની સીટમાં મહારાષ્ટ્રનો પરિવાર મુસાફરી કરતો હતો. તેના તોફાની ટાબરિયાં હતા. સ્લીપર ક્લાસમાં ફોરેનરને જોઈને બાળકોને મોજ પડી ગઈ. એ તો ફોરેનર પાસે જઈને ધમાલ-મસ્તી કરવા લાગ્યા. બંને કેનેડિયન કપલને એમ હતું કે શાંતિથી ઉંઘ થશે પણ એવું થયું નહીં. કીમ ગ્રીનવૂડે પોતાના ઈન્સ્ટાગ્રામમાં ટ્રેનની ધમાલ મસ્તીની ક્લિપ મૂકી છે. કીમ ગ્રીનવુડે જણાવ્યું કે કેવી રીતે તેણે ભૂલથી સ્લીપર ક્લાસની ટિકિટ બુક કરાવી, પહેલાં તો અમને એમ હતું કે આરામથી મુસાફરી કરીશું. પરંતુ આગામી સાત કલાકમાં તેમની મુસાફરી અલગ જ રહી. ગ્રીનવૂડ લખે છે કે, મેં ધાર્યું નહોતું કે સ્લીપર ક્લાસની મુસાફરીમાં આટલી મજા આવશે. સામાન્ય રીતે બાળકો તોફાન કરે તો ફોરેનર્સ અકળાઈ જતા હોય છે. સોશિયલ મીડિયા પર રોષ ઠાલવતા હોય છે પણ કીમ ગ્રીનવૂડે આ મુસાફરીને પોઝિટિવલી લીધી અને ભારતના લોકોની એકતાના વખાણ કર્યા. તેમણે લખ્યું કે, બાળકો સાથે મોજ મસ્તી કરવાની બહુ મજા આવી. સાત કલાક ઉંઘ તો એક બાજુ, ઉંઘ કરવાનો વિચાર પણ આવ્યો નથી.

બાળકો સાથે ધમાલ મસ્તી કરી. બધા જમવા બેઠા ત્યારે સાથે કાગળમાં પિરસીને બેઠા. કોઈએ બારીમાંથી નાસ્તો ખરીદ્યો, કોઈએ પોતાના થેલામાંથી નાસ્તો કાઢ્યો. આ બધું જોવાની મજા આવી. આવું તો પહેલાં ક્યારેય જોયું નથી.પછી જેમ જેમ આસપાસના લોકોને ખબર પડી કે અમે ભારત બહારના છીએ એટલે આસપાસની બર્થમાંથી લોકો ભેગા થઈ ગયા. થોડીવારમાં તો અમને જોવા ટોળાં વળી ગયાં. હું પ્રભાવિત થયો. આશ્ચર્યચકિત થયો. મને આ બધું જોઈને ખૂબ ગમ્યું. બધા એકસાથે રહેતા હોય તો સમય ક્યાં નીકળી જાય છે તે ખબર પડતી નથી. અમારી બર્થમાં બેઠેલા લોકો અલગ અલગ પરિવારના હતા છતાં જાણે એક જ પરિવારના હોય એ રીતે રહેતા હતા. સ્થાનિક લોકો વચ્ચે આટલી આત્મીયતા અને સહકાર દરેક જગ્યાએ જોવા મળતા નથી. હું ને મારી પત્ની એક મિનિટ પણ ઉંઘ્યાં નથી. 7 કલાકની અમારી સફર યાદગાર રહી ગઈ. મેં વિચાર્યું કે અહીંથી અમે જઈશું તો અમારી દુનિયા બદલાઈ જશે પણ ભારતની આ દુનિયા ક્યારેય બદલાશે નહીં.

કીમ ગ્રીનવૂડે પોસ્ટ કરેલા વીડિયોને 6 લાખ 15 હજાર વ્યૂઝ મળ્યા હતા, જેમાં સોશિયલ મીડિયા યુઝર્સે કેનેડિયનોની પ્રશંસા કરી હતી કે તેઓ આ અનુભવને અસ્વસ્થ થવાને બદલે હળવાશથી લઈ રહ્યા હતા.



# અમેરિકાએ પણ સ્વીકાર્યું કે ભારતને રશિયા પાસેથી ઓઈલ ખરીદતા કોઈ રોકી ના શકે

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી તાજેતરની ટ્રેડ ડીલ (Trade Deal) બાદ રશિયા પાસેથી તેલ ખરીદવા મામલે ચાલી રહેલી તમામ અટકળો પર હવે પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોના તાજેતરના નિવેદનથી સ્પષ્ટ થયું છે કે ભારત પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા (Strategic Autonomy) જાળવી રાખવામાં સફળ રહ્યું છે અને રશિયા પાસેથી તેલ ખરીદવા પર કોઈ પ્રતિબંધ લાગ્યો નથી. જર્મનીમાં આયોજિત 'મ્યુનિખ સિક્યોરિટી કોન્ફરન્સ' દરમિયાન અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોના એક નિવેદને વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચ્યું છે. રુબિયોએ સ્પષ્ટ કર્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ છતાં, ભારતે રશિયા પાસેથી તેલની ખરીદી સંપૂર્ણપણે બંધ કરવાનું કોઈ વચન આપ્યું નથી. રુબિયોએ જણાવ્યું કે ભારતે માત્ર 'વધારાના' (Additional) રશિયન તેલની ખરીદી ન કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે, જેનો અર્થ એ છે કે ભારત અત્યારે જેટલા પ્રમાણમાં તેલ ખરીદી રહ્યું છે તે ચાલુ રાખી શકશે. અમેરિકન વિદેશ મંત્રીના નિવેદનમાં વપરાયેલો 'વધારાના' શબ્દ અત્યંત મહત્ત્વનો છે. આ સાબિત કરે છે કે ભારત પર રશિયા સાથેનો વેપાર રોકવા માટે કોઈ દબાણ નથી. ભારતની ઉર્જા સુરક્ષા માટે રશિયાનું સસ્તું તેલ અનિવાર્ય છે. ભારત તેની જરૂરિયાત મુજબ રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખશે, પરંતુ તેની માત્રામાં ધરખમ વધારો નહીં કરે. આ એક રીતે ભારત અને અમેરિકા બંને માટે સ્વીકાર્ય એવી મધ્યમ માર્ગીય સમજૂતી છે.ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે અગાઉ પણ અનેકવાર સ્પષ્ટ કર્યું છે કે ભારતની ઉર્જા નીતિ કોઈપણ રાજકીય દબાણને આધીન નથી, પરંતુ તે કિંમત, ઉપલબ્ધતા અને જોખમ પર આધારિત છે. રશિયન તેલની આયાત જે 2025ના મધ્યમાં 20 લાખ બેરલ પ્રતિ દિવસ હતી, તે હાલમાં 12 લાખ બેરલની આસપાસ છે. આ ઘટાડો બજારની સ્થિતિ અને સપ્લાયના વિવિધ સ્ત્રોતોને કારણે છે, નહીં કે કોઈ બાહ્ય દબાણને કારણે.અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત સાથેના વ્યાપારી સંબંધો મજબૂત કરવા ઈચ્છે છે. આ ટ્રેડ ડીલ બાદ ભારત અમેરિકા કે વેનેઝુએલા પાસેથી પણ તેલ ખરીદી શકે છે.



# નકલી લગ્ન અને સ્ટુડન્ટ વિઝાના બહાને મહિલાઓને પોતાની જાળમાં કેદ રાખતો કુખ્યાત એપસ્ટિન

અમેરિકન ન્યાય વિભાગ દ્વારા તાજેતરમાં રિલીઝ કરવામાં આવેલી જેફ્રી એપસ્ટિનની ગુપ્ત ફાઈલોએ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. આ દસ્તાવેજોમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે કેવી રીતે કુખ્યાત એપસ્ટિન મહિલાઓને પોતાની જાળમાં ફસાવી રાખવા માટે અમેરિકન ઈમિગ્રેશન કાયદાઓનો દુરુપયોગ કરતો હતો. તે નકલી લગ્નો, સ્ટુડન્ટ વિઝા અને અંગ્રેજી ભાષાના કોર્સ જેવા રસ્તાઓ અપનાવીને વિદેશી મહિલાઓને પોતાની સાથે રહેવા મજબૂર કરતો હતો.અમેરિકન ન્યાય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી જેફ્રી એપસ્ટિનની ફાઈલોમાં તેની ગર્લફ્રેન્ડ કેરીના શૂલિયાકની વાર્તા સૌથી વધુ ચોંકાવનારી છે. વર્ષ 2013માં શૂલિયાક પોતાના વિઝા સ્ટેટસને લઈને ચિંતિત હતી. આ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને એપસ્ટિને તેના નેટવર્કનો ઉપયોગ કરી એક અમેરિકન નાગરિક સાથે તેના નકલી લગ્ન કરાવ્યા હતા.

શૂલિયાકે ગ્રીન કાર્ડ મેળવવા માટે જેનીફર નામના વ્યક્તિ સાથે લગ્ન કર્યા અને 2018માં નાગરિકતા મળતા જ તેને તલાક આપી દીધા હતા. નોંધપાત્ર બાબત એ છે કે જે સરનામે આ લગ્ન નોંધાયા હતા, તે એપસ્ટિનનું જ સરનામું હતું જ્યાં તેની અનેક મહિલા મિત્રો અને જાણીતા મહેમાનો રોકાતા હતા.એપસ્ટિન માત્ર નકલી લગ્નો જ નહીં.